

# स्वर्ग यात्रा

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

18BGS2 107.

# સ્વર્ગ યાત્રા

(આલોકમાંથી પરલોકમાં જનાર યાત્રીની કથા)


અંગ્રેજીમાં લેખક

**જોન બનયન**

અનુવાદક

**ડૉ. હેમિલ્ટન જી. સત્વેદી**



**ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ**

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી)

સાહિત્ય સેવા સદન,

**એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.**

# PILGRIM'S PROGRESS
## By
## JOHN BUNYAN
(1628-1688)

## સ્વર્ગ યાત્રા


| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | નકલ : ૨૦૦૦ | સપ્ટેમ્બર ૧૯૮૧ |
| દ્વિતિય આવૃત્તિ : | નકલ : ૧૦૦૦ | સપ્ટેમ્બર ૨૦૦૧ |

**મૂલ્ય રૂા. ૨૦.૦૦**

**: પ્રકાશક :**

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

**: મુદ્રક :**

સિયોન પ્રિન્ટિંગ પ્રેસ

પોસ્ટ ઓફિસ પાસે, ખોખરા, અમદાવાદ-૮.

ફોન : ૨૧૯૧૦૯૫

# બે બોલ

પુસ્તકનું શીર્ષક એટલું સરળ છે કે તેને સમજવામાં કોઈને જરાપણ તકલીફ ન પડે. આ પુસ્તક જેમાંથી લેવાયું છે તે **"PILGRIM'S PROGRESS"** ના લેખક જોન બન્યન એ અંગ્રેજી સાહિત્યમાં જગપ્રસિદ્ધ નામ છે. તેમના આ પુસ્તકથી તેઓ વધારે પ્રખ્યાત બન્યા હતા.

આ અંગ્રેજી પુસ્તકને એટલી જ સરળ રીતે ગુજરાતીમાં ડૉ. હેમિલ્ટન જી. સત્વેદી કે જેઓ એક વિદ્વાન વ્યક્તિ હતા તેમણે આ પુસ્તકના મૂળ હસ્તપ્રતની વાતને યોગ્ય રીતે જ મૂકી છે. તેથી ડૉ. હેમિલ્ટન જી. સત્વેદીને આપણે અભિનંદન આપીએ છીએ. જો કે તેઓ તો ક્યારનાય "સ્વર્ગયાત્રા" કરી ચૂક્યા છે. પરંતુ આપણે તેમણે કરેલી આ ખાસ સેવાના ઋણી છીએ.

યાત્રિકની જુદી જુદી સ્થિતિને આ પુસ્તકમાં ખૂબ કાળજીપૂર્વક મૂકવામાં આવી છે. આ પૃથ્વી પરના જીવન દરમિયાનની માનવી યાત્રા અને જ્યારે પ્રભુનો મેળાપ થાય પછીની આ પૃથ્વી પરની યાત્રા અને તે યાત્રા સ્વર્ગમાં લઇ જનારી બને ત્યારે જીવન સાર્થક થયું ગણાય.

મૂળ લેખકના એ ચોટદાર વિચારોને ગુજરાતીમાં એજ કાળજીથી અનુવાદકે મૂક્યા છે. મૂળ લેખકના આ પુસ્તક માટેના બે અલગ અલગ પુસ્તકોનો ભાગ છે. તેને જ્યારે એક ભાગમાં મૂકવામાં આવ્યા છે ત્યારે એ કેટલું અઘરું છે તે સમજી શકાય છે. આવા અઘરા કામને ડૉ. હેમિલ્ટન જી. સત્વેદીએ સરળતાથી મૂક્યા છે. તેથી તેમની એ કાબેલિયતને દાદ દઈએ છીએ અને તે માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ.

આ બીજી આવૃત્તિના પ્રસંગે મારી એજ આશા અને શુભેચ્છા છે કે આ પુસ્તક વાંચતા વાંચતા ઘણા જેઓ સ્વર્ગ તરફથી યાત્રામાં નહિ હોય તેમને માટે બાકીનું જીવન સ્વર્ગયાત્રા બની રહેશે.

પ્રભુ આ પુસ્તકના વાંચનથી એ પ્રભુની ઓળખમાં તેના વાચકને લઈ આવે છે કે જે ખરેખર સ્વર્ગનો પોતે માલિક છે.

એજ શુભેચ્છા તથા પ્રાર્થના સાથે, આ બીજી આવૃત્તિ તમારા હાથમાં મૂકું છું.

આ પુસ્તકના પ્રકાશન પેટે લાજરસભાઈ ગોવિંદભાઈ ક્રિશ્ચિયનની યાદમાં પૌત્ર ક્રિસ્ટોફર સેમ્યુઅલભાઈ ક્રિશ્ચિયન તથા પત્ની સોનલબહેન તરફથી રૂા. ૧૦,૦૦૦/- દાન મળ્યું છે. તેઓનો આભાર માનું છું.

**પ્રભુમાં આપનો**

**રેવ. હેમંતકુમાર જે. પરમાર (સેક્રેટરી)**



## સ્વ. લાજરસભાઈ ગોવિંદભાઈ ક્રિશ્ચિયન

**જન્મ તારીખ : ૧૫-૫-૧૯૧૩ મુક્તિપુર**

**મૃત્યુ તારીખ : ૫-૧-૧૯૯૭**

શ્રી લાજરસભાઈ ગોવિંદભાઈ ક્રિશ્ચિયનનું મૂળ વતન મુક્તિપુર ફાર્મ કોલોની, બારેજા પાસે, તેઓનું ભણતર થોડું. શરૂઆતમાં મિશનેરીની સ્કૂલમાં ૧-૨ ધોરણ ભણેલા - વાંચતા લખતા આવડે, વ્યવસાયે તેઓ આદર્શ ખેડૂત હતા સાથે વિશ્વાસુ મુક્તિવાદી, પ્રાર્થનાવાદી, પ્રેમાળ અને સરભરા કરનાર હતા. સાહેબો પ્રત્યે, સગાંઓ અને કુટુંબ પ્રત્યે ખૂબ પ્રેમ રાખતાં. તેમના પત્ની કરુણાબહેન પણ તેમના જેવા જ સરખા સ્વભાવવાળા અને પ્રેમાળ. પડોશી ઉપર પ્રેમ રાખનાર દુ:ખના સમયે હંમેશા મદદ કરનાર હતાં. આ કુટુંબ આદર્શ કુટુંબ હતું.

તેમના કુટુંબમાં પ્રભુએ બે દીકરા અને એક દીકરીનું કૃપાદાન આપ્યું હતું. તેઓ બધાને શરૂઆતથી ધર્મનું શિક્ષણ આપ્યું હતું. એટલું જ નહિ પરંતુ સારો અભ્યાસ પણ કરાવ્યો. બધા બાળકો પણ માતાપિતાના જેવા સદગુણી અને સેવાભાવી છે. તેઓ આજે ઈશ્વરકૃપાથી સારી સ્થિતિમાં છે. કુટુંબવાળા છે તેઓ પણ પ્રભુની દ્રાક્ષવાડીમાં મદદરૂપ છે. તેમના એક દીકરા હાલમાં અમેરિકામાં છે. શ્રી સેમ્યુલભાઈ એલ.

ક્રિશ્ચિયન ફિલાડેલ્ફીયામાં રહે છે, તેમના ધર્મપત્ની રૂથબહેન ક્રિશ્ચિયન તેમને પણ પ્રભુએ દીકરા-દીકરીઓના કૃપાદાનો આપ્યા છે. તેઓ પણ કુટુંબવાળા છે. ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરેલ છે. તેમના મોટા દીકરા ક્રિસ્ટોફર તથા સોનલ (પુત્રવધૂ) ઈશ્વરપિતાના કાર્યમાં ખૂબ ખર્ચાય છે. વારંવાર ટ્રાક્ટ સોસાયટીની સેવામાં દાનો આપે છે. હાલમાં તેમના દાદા **સ્વ. લાજરસભાઈ ગોવિંદભાઈ ક્રિશ્ચિયનના** સ્મરણાર્થે **"સ્વર્ગયાત્રા"** પુસ્તકના રીપ્રિન્ટ માટે રૂપિયા ૧૦,૦૦૦ (અંકે રૂા. દશ હજાર)નું ઉમદા દાન ટ્રાક્ટ સોસાયટીને આપેલ છે. આ ઉત્તમ દાનની કદર કરીએ છીએ. પ્રભુ આ દાનને આશીર્વાદિત કરે અને **"સ્વર્ગયાત્રા"** પુસ્તક રીપ્રિન્ટ થાય તેના દ્વારા પ્રભુપિતાને માન મહિમા અને ગૌરવ મળે એ જ પ્રાર્થના.

સ્વ. લાજરસભાઈ ગોવિંદભાઈ ક્રિશ્ચિયનના સ્મરણાર્થે તેમના પૌત્ર ક્રિસ્ટોફર સેમ્યુલભાઈ ક્રિશ્ચિયન જેઓ હાલ ફીલાડેલ્ફીયામાં રહે છે. વ્યવસાયે તેઓ "આર્કીટેક્ચર એન્જિનિયર" છે અને તેમના પત્ની સોનલબહેન (કેર મેનેજર) તરીકે સેવા આપે છે. ટ્રાક્ટ સોસાયટી આ દાનની કદર કરતાં કુટુંબનો આભાર માને છે. ઈશ્વરપિતા તેમના સેવા કાર્યને આશીર્વાદિત કરે અને તેમના કુટુંબને આશીર્વાદોથી ભરપૂર કરે એ જ અમારી પ્રાર્થના.

# નિવેદન

પવિત્ર બાઈબલ બાદ કરતાં જે પુસ્તક દુનિયામાં સૌથી વધુ પ્રશંસા પામેલ છે અને જેનો સૌથી વધુ ભાષાઓમાં અનુવાદ થએલો છે, તે **"PILGRIM'S PROGRESS"** નામથી જગજાહેર પુસ્તકની સંક્ષિપ્તમાં પ્રગટ થએલી અંગ્રેજી આવૃત્તિનો ગુજરાતી અનુવાદ વાચકોના હાથમાં મૂકતાં આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવું છું. ગુજરાતમાં વર્ષો અગાઉ આ પુસ્તક "યાત્રાકારી" નામથી બે ભાગમાં પ્રગટ થઈ ચૂક્યું છે, વાંચકો ખ્રિસ્તની સ્વર્ગયાત્રાનું વર્ણન સંક્ષિપ્તમાં વાંચી શકે, તે માટે અંગ્રેજીની સંક્ષિપ્ત આવૃત્તિમાં જેટલું વર્ણન છે, તેનું સરળ ગુજરાતી ભાષામાં પ્રકાશન કરવાનો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો, અને તે માટે મંજૂરી મેળવીને ટ્રાક્ટ સોસાયટીના હેતુને આ પુસ્તિકાના પ્રકાશન દ્વારા સફળતા મળી છે, તે બદલ પ્રભુ પિતાનો અત્યંત આભાર માનીએ છીએ.

હાલની યુવાન પેઢીએ, થોડા અપવાદ સિવાય, આ પુસ્તક વાંચ્યું જ નહિ હોય. કદાચ તેનું નામ પણ સાંભળ્યું નહિ હોય. આથી જ આ પુસ્તિકા દ્વારા હાલના ગુજરાતી સમાજને પોતાની આત્મિક ઉન્નતિ માટે શ્રેષ્ઠ માર્ગદર્શન મળી રહેશે, એટલું જ નહિ, પરંતુ નવી આત્મિક દિશામાં વિચારવાની શરૂઆત પણ કરી શકશે.

આ પુસ્તકના લેખક જોન બનયને કેવા સંજોગોમાં આ પુસ્તક લખ્યું, અને તેમને પોતાને પણ કેવી સતાવણીમાંથી પસાર થવું પડ્યું, તેની માહિતી આ પુસ્તકની શરૂઆતમાં આપેલી લેખકની ટૂંક જીવન ગાથામાંથી મળી રહેશે.

લેખકે પોતાના આત્મિક ભાવો અને વિચારો એક સ્વપ્ન વર્ણનના રૂપમાં રસિક રીતે આલેખેલા છે. આ પુસ્તિકાનું નામ "સ્વર્ગ યાત્રા" રાખીએ છીએ, તે પણ યોગ્ય જ છે. કારણ કે સ્વર્ગીય યાત્રીને પૃથ્વી ઉપરના પોતાના વિનાશના શહેરથી સ્વર્ગીય શહેર તરફ મુસાફરી કરતા બતાવ્યો છે, અને સ્વપ્ન વાર્તાનો અંત પણ યાત્રીઓના સ્વર્ગીય શહેરમાં

પ્રવેશથી જ આવે છે. આખી યાત્રા સ્વર્ગ તરફની એક કાલ્પનિક મુસાફરી છે. પરંતુ આ પૃથ્વી ઉપર જીવન જીવતાં જીવતાં તારણનો માર્ગ પસંદ કરીને તેને જ વળગીને ચાલતાં જે જે અંતરાયો અને મુશ્કેલીઓ, દુઃખો તથા હાડમારીઓ, પરીક્ષણો અને સતાવણીઓ, લાલચો અને પ્રલોભનો, દુષ્ટ અને શેતાની તત્ત્વો તરફની ભયંકર યાતનાઓ, વગેરેનો યાત્રીને જે સામનો કરવો પડે છે. તેથી પૃથ્વીના લોકો અજાણ નથી જ. પુસ્તકના લેખકે આ બધાં પરિબળોને ઓળખવા જે અર્થસૂચક નામોનો ઉપયોગ કર્યો છે, તે સંબંધી પણ વાંચનાર પોતાના વાચન દરમ્યાન વિચારતા રહેશે, તો પુસ્તકનો ભાવ અને હેતુ સમજવાનું સરળ બનશે.

બાળકો માટેનું આ પુસ્તક નથી. પરંતુ યુવાનો અને પ્રૌઢો જેઓએ આ અગાઉ આ પુસ્તક વાંચ્યું નથી, તેઓને ખાસ વિનંતી કરું છું કે તેઓ આ પુસ્તિકા સમજીને મનનપૂર્વક વાંચે. કુટુંબની દરેક વ્યક્તિ, સગાં સબંધીઓ તથા અન્ય ધર્મી મિત્રોને પણ તે વાંચવા ભલામણ કરે.

આ પુસ્તિકાનું પ્રૂફ ઝીણવટથી તપાસી જવામાં શ્રી. સેમ્યુઅલ કે. ત્રાજકરે આપેલા સેવાભાવી સુંદર સહકાર બદલ તેમનો તેમ જ પુસ્તિકાના અનુવાદમાં જુદી જુદી રીતે માર્ગદર્શન આપવા માટે સોસાયટીની સમિતિના સભ્યો અને ખાસ કરીને રેવ. જે. આઇ. ચૌહાન તેમ જ શ્રી ભગવતપ્રસાદ ચૌહાણનો ખાસ આભાર માનું છું. આ પુસ્તિકામાં ઉપયોગમાં લેવામાં આવેલ કવર પેજ અને અંદરનાં ચિત્રો અને બ્લોક્સ તૈયાર કરી આપવા માટે ડીઝાઇન રીસર્ચ યુનિટના શ્રી મયુરભાઇ પરીખનો પણ આભાર વ્યક્ત કરું છું.

ટ્રાક્ટ સોસાયટીના આ પ્રકાશનને વધાવી લેશો, અને તેના પ્રચારમાં સંપૂર્ણ સાથસહકાર આપશો, તેવી વિનંતિ સાથે.

તા. ૧ - ૯ - ૮૧

**હેમિલ્ટન જી. સત્વેદી**

સેક્રેટરી, ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

**"હ્યાં હું પરદેશી છું, સ્વદેશ આકાશ."**

# જોન બનયનનો પરિચય

વિશ્વમાં સૌથી વિશેષ પ્રસિદ્ધિ અને વાચકોના શ્રેષ્ઠ પ્રેમ સંપાદન કરેલ પુસ્તકોમાંનું "સ્વર્ગ યાત્રા" એક છે. લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે જ્યારે જોન બનયને તે લખ્યું, ત્યારે ખ્રિસ્તી પ્રજાને તે જેટલું મદદરૂપ હતું, તેટલું તે આજે પણ છે.

આ પુસ્તક કોઈ ખાસ સમય કે સ્થળને આવરી લેતું નથી. દરેક દેશના અને દરેક સમયના ખ્રિસ્તીઓના અનુભવોનું તે ચિત્ર આપે છે. એક ખ્રિસ્તી જ્યારે વિનાશના શહેર (પૃથ્વી) માંથી દિવ્ય શહેર (સ્વર્ગ) તરફ મુસાફરી કરે છે, ત્યારે તેને જે મુશ્કેલીઓ કે આનંદનો અનુભવ થાય છે, તેની આ વાર્તા છે. પાપના ભારે બોજા હેઠળ જ્યારે યાત્રી હતાશાના કલણમાંથી બહાર નીકળવા ઝઝૂમે છે, ત્યારે આપણે પણ તેની મુશ્કેલીના સાથી બનીએ છીએ. તે જ રીતે જ્યારે વધસ્તંભ આગળ તેના પાપનો બોજો ગબડી પડે છે, અને જ્યારે તે પાપ મુક્ત બને છે, ત્યારે તેની સાથે આપણે પણ હર્ષ અનુભવીએ છીએ. મરણની છાયાની ખીણમાં જ્યારે તે મુસાફરી કરે છે, અને જ્યારે તે નિરાશારૂપી દુષ્ટ રાક્ષસની સત્તા હેઠળ આવે છે, ત્યારે આપણે પણ તેની સાથે થરથરીએ છીએ. જ્યારે તેને દિવ્ય શહેરનું દર્શન થાય છે, ત્યારે આપણે પણ તેના જેવા આશાવાન્ બનીએ છીએ, અને છેવટે જ્યારે તે નદી ઓળંગીને સુંદર સ્વર્ગીય શહેરમાં પ્રવેશ કરે છે, ત્યારે આપણે પણ તેની સાથે હર્ષથી છલકાઈએ છીએ.

આ પુસ્તકના લેખક જોન બનયનનો જન્મ ઇંગ્લેન્ડના એલસ્ટો ગામમાં ઇ. સ. ૧૬૨૮ માં થયો હતો. તેમના પિતા એક ગરીબ

કંસારા હતા, અને પુત્ર જોને પણ આ જ ધંધો અપનાવ્યો હતો.

ઈ. સ. ૧૬૪૯ માં તેમનુ લગ્ન થયા બાદ તેમની પત્નીએ તેમની સાથે આત્મિક બાબતો સંબંધી વાત કરી, અને પરિણામે તેમને પોતાનાં પાપોનું ઊંડું ભાન થયું, અને તેમના જીવનમાં ચાર વર્ષ કરતાં પણ વધુ સમય આત્મિક યુદ્ધ ચાલુ રહ્યું. છેવટે તેમણે પોતાની પત્નીની સહાયથી તારનારમાં સંપૂર્ણ વિશ્વાસ કર્યો.

ઈ. સ. ૧૬૬૦ માં વગર પરવાનાએ સુવાર્તા પ્રગટ કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી. ચેતવણી મળ્યા છતાં તેમણે પ્રચાર કાર્ય ચાલુ જ રાખ્યું. ઈ. સ. ૧૬૬૧ માં તેમની ફરીથી ધરપકડ કરીને તેઓને બેડફોર્ડની જેલમાં પૂરવામાં આવ્યા.

ઈ. સ. ૧૬૭૨ માં જ્યારે જુદા જુદા પંથના ઉપદેશકોને ઉપદેશ કરવાની છૂટ આપવામાં આવી, ત્યારે તેમનો જેલમાંથી છૂટકારો થયો, પરંતુ ફરીથી જ્યારે એકરાગ ન રાખનારાઓ સામે ખાસ કાયદા બનાવવામાં આવ્યા, ત્યારે તેમને બેડફોર્ડ બ્રીજની જેલમાં બીજા છ માસ સુધી પૂરવામાં આવ્યા. જ્યાં તેમણે આ પ્રખ્યાત પુસ્તક "સ્વર્ગ યાત્રા" **("PILGRIM'S PROGRESS")** લખ્યું.

પવિત્ર બાઈબલને બાદ કરતાં "સ્વર્ગ યાત્રા" એક એવું પુસ્તક છે, જેનો કોઈ પણ પુસ્તક કરતાં વધારે ભાષામાં અનુવાદ થયો છે. આધુનિક અંગ્રેજી ભાષામાં તેનું સંક્ષિપ્તીકરણ કરવામાં આવ્યું છે, જેથી આજનો વાચક સરળતાથી વાર્તા વાંચે, સમજે, અને તેમાંથી આત્મિક લાભ ઉઠાવે.

તા. ૧ - ૮ - ૧૯૮૧ હેમિલ્ટન સત્વેદી

# સ્વર્ગ યાત્રા

## યાત્રિક વિનાશનું શહેર તેજ છે.

## સ્વર્ગ યાત્રાની શરૂઆત

આ જગતના અરણ્યમાંથી જ્યારે હું ચાલી નીકળ્યો, ત્યારે એક ગુફા આગળ આવી પહોંચ્યો, અને સૂવા માટે પડ્યો. મને એક સ્વપ્ન આવ્યું. જેમાં એક ચીંથરેહાલ મનુષ્યને હાથમાં એક પુસ્તક સાથે જોયો. તેની પીઠ પાછળ એક મોટો વજનદાર બોજો હતો. (ગીત. ૩૮ - ૪) જ્યારે તેણે પુસ્તક વાંચ્યું, ત્યારે તે થરથર ધ્રૂજયો, અને બૂમ પાડી ઉઠ્યો, "મારે શું કરવું જોઈએ?" (પ્રે. કૃ. ૧૬ : ૩૦)

જ્યારે તે ઘેર પહોંચ્યો, ત્યારે તેની મૂંઝવણ વધી ગઈ હતી. તેણે પોતાની પત્ની અને બાળકોને કહ્યું, "હું ગભરાટ અનુભવું છું, કારણ કે મને એમ કહેવામાં આવ્યું છે, કે આકાશમાંથી અગ્નિ વરસીને આપણા શહેરનો ખચીત નાશ થશે. જો છટકી ન જઈએ, તો આપણા બધાનો નાશ થશે."

તેના કુટુંબને લાગ્યું, કે તે માંદો છે, અને આથી તેને સૂઈ જવા જણાવ્યું. પણ તે ઊંઘ્યો નહિ, અને આખી રાત રૂદન અને નિસાસા નાખવામાં ગાળી. સવારે તેની સ્થિતિ વધારે બગડેલી લાગી. તેણે કુટુંબીજનો સાથે વાત કરવાની કોશિશ કરી, પરંતુ તેઓ તેની સાથે ઉદ્ધતાઈથી બોલ્યા. કેટલીક વાર તેને હસી કાઢ્યો, અને કોઈ વાર તેની વાત ઉપર કંઈ ધ્યાન આપ્યું નહિ.

આથી તેણે એકલાએ જ ખેતરોમાં ચાલવા માંડ્યું. કેટલીક વાર તે પ્રાર્થના કરતો, અને પુસ્તકમાંથી વાંચતો હતો. પોતાની પાસેના પુસ્તકમાંથી વાંચતાં તે ઘણો ગભરાટ અનુભવતો હતો,

અને બૂમ પાડતો, "તારણ પામવા મારે શું કરવું જોઈએ?" તે જાણે દોડી જવા ચાહતો હોય, તેમ તેણે આ બાજુ તે બાજુ જોયું, પરંતુ ક્યા રસ્તે જવું, તે નક્કી કરી શક્યો નહિ.

પછી મેં **સુવાર્તિક** નામના એક પુરુષને આવતાં જોયો. જેણે તેને પૂછ્યું, "તું શા માટે રડે છે?" તેણે જવાબ આપ્યો, "સાહેબ, આ પુસ્તક વાંચવાથી મેં જાણ્યું, કે મારે મૃત્યુ પામવાનું છે, અને ન્યાય ચુકાદા માટે ઊભા રહેવાનું છે. જેને માટે હું તૈયાર નથી." (હેબ્રી ૯ - ૨૭) **સુવાર્તિકે** કહ્યું, "આ જીવનમાં કેટલી બધી આપદા પડે છે? તો તમે મરવાને કેમ રાજી નથી?

યાત્રીએ જવાબ આપ્યો, "હું મરવા માગતો નથી, કારણ કે મને બીક છે, કે મારી પીઠ ઉપરનો બોજો મને કબર કરતાં પણ ઊંડે ડૂબાડશે, અને સાહેબ, મૃત્યુ અને ન્યાય ચુકાદા માટે હું તૈયાર નથી." **સુવાર્તિકે** કહ્યું, "જો તમારી આ સ્થિતિ હોય, તો તમે અહીં કેમ ઊભા રહ્યા છો?" યાત્રીએ જવાબ આપતા કહ્યું, "કારણ કે હું જાણતો નથી, કે મારે ક્યાં જવું?"

ત્યાર બાદ **સુવાર્તિકે** તેને કાગળનું એક ઓળિયું આપ્યું. જેના ઉપર લખ્યું હતું, "આવનાર કોપથી નાસો." (માત્થી ૩ : ૭) આ વાંચ્યા બાદ યાત્રીએ **સુવાર્તિક** તરફ ધ્યાનથી જોયું, અને કહ્યું, "હું ક્યાં જાઉં?"

**સુવાર્તિકે** આંગળીથી એક વિશાળ મેદાન બતાવ્યું, અને પૂછ્યું, "ત્યાં શું તમે એક સાંકડો દરવાજો જોઈ શકો છો?" (માત્થી ૭ : ૧૩-૧૪) યાત્રી તે દરવાજો જોઈ શક્યો નહિ, પરંતુ તેને લાગ્યું, કે તે એક ચળકતો પ્રકાશ જોઈ રહ્યો છે. (ગીત ૧૧૯ : ૧૦૫)

ત્યાર બાદ **સુવાર્તિકે** કહ્યું, "તમારી નજર એક પ્રકાશ તરફ રાખીને એ તરફ સીધા ચાલ્યા જાવ, અને તમે એ દરવાજો જોઈ શકશો. જ્યારે તમે દરવાજો ઠોકશો, ત્યારે શું કરવું, તે તમને કહેવામાં આવશે."

પછી મેં સ્વપ્નમાં જોયું, કે તે યાત્રી દોડવા લાગ્યો. તેની પત્ની અને બાળકોએ તેને પાછો વળવા બૂમો પાડી, (લૂક ૧૪:૨૬) પરંતુ તે યાત્રીએ કાનમાં આંગળી ઘાલીને બૂમો પાડી, કે "જીવન, જીવન, અનંતકાળનું જીવન !"

## હઠીલાજી અને ચંચળરાય પાછળ જાય છે.

યાત્રીના કેટલાક પાડોશીઓ તેને જતો જોઈને તેના ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા. કેટલાક તેને ડરાવવા લાગ્યા, તો કેટલાક તેને પાછો વળવા બૂમો પાડવા લાગ્યા, આ લોકો પૈકી બે જણે તેને બળજબરીથી પણ પાછો લાવવા નિશ્ચય કર્યો. આ બે જણનાં નામ **હઠીલાજી** અને **ચંચળરાય** હતાં.

યાત્રી ઘણે દૂર નીકળી ગયો હતો, પરંતુ તેઓએ તેને પકડી પાડ્યો. યાત્રીએ તેઓને પૂછ્યું, "તમે શા માટે આવ્યા છો ?" તેઓએ જવાબ આપ્યો, કે "તમને સમજાવીને પાછા લઈ જવા." યાત્રીએ જવાબ આપ્યો, "એ કદાપી બનશે નહિ. તમે **વિનાશના** શહેરમાં રહો છો, જેમાં મારો જન્મ થયો હતો. તમે ત્યાં જ મરશો અને કબર કરતાં પણ ઊંડી એવી જગ્યાએ ગરક થઈ જશો, જે આગ અને ગંધકથી બળે છે. ચાલો, ભલા પડોશીઓ, મારી સાથે ચાલો."

**હઠીલાજી :** તમારી સાથે આવીએ, અને અમારા મિત્રો અને તમામ સુખ સગવડોને શું પાછળ છોડી દઈએ ?

**ખ્રિસ્તી :** (આ તેનું નામ હતું) જે આનંદ ભોગવવા હું પ્રયત્ન કરી

રહ્યો છું, તેની આગળ આ દ્રશ્ય વસ્તુઓની કોઈ કિંમત નથી. (૨જો કોરીંથી. ૪ : ૧૮)

**હઠીલાજી :** એ કયાં વાનાં છે ? જે શોધવા તમે આખી પૃથ્વીને તજવા તૈયાર છો ?

**ખ્રિસ્તી :** હું એવી દોલત શોધું છું, જે અવિનાશી, નિર્મળ તથા ન કરમાઈ જનાર છે, (૧લો પિતર ૧ : ૪) અને જે આકાશમાં સંભાળી રાખવામાં આવી છે, અને જેઓ ગંભીરતાથી તેની શોધ કરે છે, તેઓને તે યોગ્ય સમયે આપવામાં આવશે. તમે આ તમામ બાબતો વિષે મારા આ પુસ્તકમાંથી વાંચી શકો છો.

**હઠીલાજી :** છટ છટ, દૂર કર તારું પુસ્તક ! તું અમારી સાથે પાછો વળે છે કે નહિ ? તે અમને જણાવ.

**ખ્રિસ્તી :** ના, હું પાછો ફરીશ નહિ.

**હઠીલાજી :** (ચંચળરાય તરફ જોઈને) ચાલો, આપણે ઘેર જઈએ. આ મૂર્ખ આપણી સાથે આવવાનો નથી.

**ચંચળરાય :** તેની મશ્કરી ન કરો. જો આ પુસ્તકની વાતો સત્ય હોય, તો તે આપણા કરતાં વધારે સારો છે. મને લાગે છે, કે હું પણ તેની સાથે જોડાઉં. (ખ્રિસ્તી તરફ ફરીને) શું તમને રસ્તાની ખબર છે ?

**ખ્રિસ્તી :** હા. **સુવાર્તિકે** મને સાંકડા દરવાજા સુધી દોડી જવાનું કહ્યું છે. ત્યાં આપણે શું કરવું, તે કોઈ આપણને જણાવશે.

જ્યારે **હઠીલાજી** તેમને પડતા મૂકીને પાછો ફર્યો, ત્યારે **ખ્રિસ્તી** અને **ચંચળરાય** વાતો કરતા કરતા મેદાનમાં આગળ વધ્યા.

**ચંચળરાય :** હવે ઓ **ખ્રિસ્તીભાઈ,** જે જગ્યાએ આપણે જઈ રહ્યા છીએ, ત્યાં બધું કેવું છે, તે સંબંધી મને વધારે વાત કરો.

**ખ્રિસ્તી :** આ બાબતો વિષે બોલવા કરતાં તેનો વિચાર કરવો, તે મારા માટે વધારે સરળ છે. પરંતુ જ્યારે તમે એ જાણવા માગો છો, ત્યારે મારા પુસ્તકમાંથી હું તે વાંચી સંભળાવીશ.

**હઠીલાજી :** વારૂ, તે પુસ્તકની વાત સાચે સાચી છે, એવી તમને નક્કી ખાત્રી છે ?

**ખ્રિસ્તી :** હા, ખચીત તે સાચી જ વાત છે, કારણ કે જે કદી જૂઠું બોલી શકતો નથી, તેણે તે વચનો આપ્યાં છે. (તીતસ ૧ : ૨)

**ચંચળ :** સારું. ત્યારે મને જણાવો, કે તે કઈ બાબતો છે ?

**ખ્રિસ્તી :** ત્યાં સનાતન રાજ્ય છે, અને તે રાજ્યમાં સદાકાળ રહી શકીએ, માટે અનંતકાળનું જીવન પણ આપણને આપવામાં આવશે. (યોહાન ૧૦ : ૨૭-૨૯)

**ચંચળ :** બીજાું શું છે ?

**ખ્રિસ્તી :** મહિમાનો મુગટ આપણને મળશે. વળી એવાં વસ્ત્રો મળશે, જે પહેરતાં આપણે સૂર્ય જેવાં પ્રકાશિત થઈશું. (૨જો તીમોથી ૪ - ૮; માત્થી ૧૩ : ૪૩)

**ચંચળ :** એ તો ઘણું ઉત્તમ છે ! અને બીજું શું છે ?

**ખ્રિસ્તી :** ત્યાં રૂદન અને શોક થશે નહિ, કારણ કે એ જગ્યાનો માલિક આપણાં બધાં આંસુ લૂછી નાખશે. (પ્રકટી ૭ : ૧૬-૧૭; ૨૧ - ૪)

**ચંચળ :** પરંતુ આ બધું આપણે કેવી રીતે ભોગવી શકીશું ?

**ખ્રિસ્તી :** આપણો પ્રભુ જે તે દેશનો રાજા છે, તેણે આ પુસ્તક (યશાયા ૫૫ : ૧-૨) માં લખ્યું છે, કે જો આપણે તેનો સ્વીકાર

કરવા ખચીત તૈયાર હોઈશું, તો તે એ બધું જ આપણને વિના મૂલ્ય આપશે.

**ચંચળ :** વારું, મારા ભલા ભાઈ, આ બધું સાંભળીને મને આનંદ થાય છે. ચાલો આપણે ઝડપથી આગળ વધીએ.


**ખ્રિસ્તી :** હા, પરંતુ મારી પીઠ ઉપરના આ ભારી બોજને કારણે હું ઈચ્છિત ઝડપે આગળ વધી શકતો નથી.

## નિરાશાનું કલણ

પછી મારા સ્વપ્નમાં મેં જોયું, કે મેદાનની મધ્યમાં એક કાદવથી ભરેલા કલણ પાસે તેઓ આવી પહોંચ્યા. તેઓ ગફલતથી એકાએક તેમાં પડી ગયા. આ કલણનું નામ **નિરાશા** હતું. આ કાદવમાં ખરડાઈને તેઓ તરફડતા રહ્યા. પીઠ ઉપરના બોજાને કારણે **ખ્રિસ્તી** તેમાં ખૂંપી જવા લાગ્યો.

**ચંચળરાય** ગુસ્સે થઈને બોલ્યો, "જે સુખ વિષે તમે મને અત્યાર સુધી કહેતા હતા, તે શું આ છે ? આરંભમાં જ જો આવી વિપત્તિ છે, તો મુસાફરી પૂરી થતાં સુધીમાં તો કોણ જાણે શું થશે ? જો હું આમાંથી જીવતો બહાર નીકળું, તો તમારો સાથ છોડી દઈશ, અને તમે એકલા જ આગળ વધજો." આમ બોલીને **ચંચળરાયે** કલણમાંથી બહાર નીકળવા હાથપગ જોરથી પછાડ્યા, અને જે દિશામાં તેનું ઘર હતું, તે તરફ બહાર નીકળ્યો, અને ચાલ્યો ગયો. ત્યાર બાદ **ખ્રિસ્તીએ** તેને ફરીથી જોયો નહિ. (૧ યોહાન ૨ :૧૯)

હવે આ કલણમાં **ખ્રિસ્તી** એકલો જ રહ્યો, અને નાના દરવાજાની દિશામાં બહાર નીકળવા તે મહેનત કરવા લાગ્યો. પરંતુ પીઠ ઉપરના બોજાને કારણે તે બહાર નીકળી શક્યો નહિ.



નિરાશા કલણમાંથી છુટકારો

## ખ્રિસ્તી માટે મદદ

મેં સ્વપ્નમાં જોયું, કે **સહાયક** નામના એક માણસે તેની પાસે આવીને પૂછ્યું, "તમે અહીં શું કરો છો?"

**ખ્રિસ્તી :** સાહેબ, આવનાર કોપથી બચી જાઉં, એ માટે **સુવાર્તિક** નામના એક માણસે મને પેલા દરવાજા તરફ આ માર્ગે આગળ વધવા જણાવ્યું. પરંતુ ત્યાં જતાં હું આમાં ગબડી પડ્યો.

**સહાયક :** તમે પગથિયાં જોઈને કેમ ચાલ્યા નહિ?

**ખ્રિસ્તી :** હું તો બીકનો માર્યો ઉતાવળમાં નાસતો હતો, અને આમાં પડ્યો.

**સહાયકે** તેનો હાથ માગ્યો, અન તેને કલણમાંથી બહાર ખેંચી કાઢ્યો, અને તેને આગળ વધવા જણાવ્યું. (ગીત. ૪૦ : ૨)

## સદાચાર ગામમાં ખ્રિસ્તીનું આગમન અને સંસારી બુદ્ધિમાન સાથે મુલાકાત

**ખ્રિસ્તી** જ્યારે એકલો આગળ વધતો હતો, ત્યારે તેણે મેદાનમાંથી કોઈને પોતાને મળવા આવતો જોયો. આવનાર વ્યક્તિનું નામ **સંસારી બુદ્ધિમાન** હતું. તે **દૈહિક રીતિ નીતિ** નગરમાં રહેતો હતો. આ નગર ખ્રિસ્તીના શહેર પાસે આવેલું મોટું નગર હતું. આવનાર વ્યક્તિએ આ ખ્રિસ્તી વિષે સાંભળ્યું હતું.

**સંસારી :** આ બોજા સાથે તમે ક્યાં જઈ રહ્યા છો?

**ખ્રિસ્તી :** હું પેલા સામેના નાના દરવાજે જઈ રહ્યો છું. મને કહેવામાં આવ્યું છે, કે ત્યાં હું આ બોજો ઉતારી શકીશ.

**સંસારી :** તમને થોડા શિખામણના શબ્દો કહું તો સાંભળશો?

**ખ્રિસ્તી :** જો તમારી શિખામણ સારી હશે, તો જરૂર સાંભળીશ, કારણ કે મને સહાયની જરૂર છે.

**સંસારી :** તમારી પીઠ ઉપરનો બોજો એકદમ ઉતારી નાખવાની હું તમને શિખામણ આપું છું, કારણ કે ત્યાં સુધી તમારા મનમાં શાંતિ થશે નહિ. વળી જે વસ્તુઓ ઇશ્વરે તમને આપી છે, તેનો પણ ત્યાં સુધી તમે ઉપયોગ કરી શકશો નહીં.

**ખ્રિસ્તી :** હું પણ મારા બોજથી છૂટવા ચાહું છું, પરંતુ બોજો ઉતારવાને હું એકલો શક્તિમાન નથી. આપણા દેશમાં પણ આ બોજો ઉતરાવનાર કોઈ જ નથી. માટે જ જેમ મેં તમને કહ્યું, તેમ મારા બોજથી છૂટવા હું આ માર્ગે આગળ જઈ રહ્યો છું.

**સંસારી :** આ માર્ગે જવાનું તમને કોણે ફરમાવ્યું ?

**ખ્રિસ્તી : સુવાર્તિક** નામના એક ગૃહસ્થે.

**સંસારી :** એ વ્યક્તિએ તમને સાચી સલાહ આપી નથી. આ માર્ગ તમને ઘણો જ ભયંકર અને વિકટ લાગશે. તમે સંકટ અનુભવી રહ્યા છો, તે હું જોઈ શકું છું. **નિરાશા** કલણનો કાદવ તમને ચોંટ્યો છે, અને કલણ તો એ માર્ગની વિપત્તિનો આરંભ માત્ર છે. આ માર્ગમાં તમને થાક, દુઃખ, ભૂખ, ભય, નગ્નતા, તરવાર, સિંહ, અંધકાર અને છેવટે મોત સામે મળશે. કોઈ મનુષ્યે એક અજાણ્યાની વાત ઉપર વિશ્વાસ મૂકીને પોતાની જાતને શા માટે મુશ્કેલીમાં મૂકવી જોઈએ ?

**ખ્રિસ્તી :** આપે જે બધાનું વર્ણન કર્યું, તે બધા કરતાં મારી પીઠ ઉપરનો આ ભારે બોજ મને વધુ ભયંકર લાગે છે. આ બોજમાંથી જો હું છુટકારો પામી શકું, તો માર્ગમાં ગમે તેવા સંકટોનો સામનો કરવો પડે, તેની મને દરકાર નથી.

**સંસારી :** મને કહેશો, કે આ બોજો તમારી ઉપર કેવી રીતે આવી પડ્યો ?

**ખ્રિસ્તી :** આ પુસ્તક જે મારા હાથમાં છે, તે વાંચવાથી.

**સંસારી :** હું પણ એમ જ ધારતો હતો. બીજા નબળા માણસોના સંબંધમાં પણ આમ જ બનવા પામ્યું છે. પરંતુ જે માર્ગ અસંખ્ય સંકટોથી ભરપૂર છે, તે રસ્તે તમે શા માટે આ બોજથી છુટકારો પામવા માગો છો ? જો તમે મારું સાંભળશો, તો તમે જે ચાહો છો, તે વગર મુશ્કેલીએ પામવા હું તમને ઉપાય બતાવી શકું. મારો સૂચવેલો માર્ગ ગ્રહણ કરશો, તો તમને સલામતી, મિત્રતા અને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થશે.

**ખ્રિસ્તી :** હું તમને આજીજી કરું છું, કે મને એ માર્ગ બતાવો.

**સંસારી :** પેલા **કૃતાભિમાનપુર** નામે ઓળખાતા ગામમાં **સ્વપુણ્યદાસ** નામનો એક માણસ વસે છે. એ માણસ મનુષ્યોની ખાંધ ઉપરથી બોજો હઠાવવા સહાય કરી શકે છે. હું જાણું છું, કે તેમણે એ રીતે ઘણા માણસો ઉપર ઉપકાર કર્યા છે. તેમનું ઘર બહુ દૂર નથી, અને તેઓ તમને તમારા બોજાથી મુક્ત કરી શકશે. જો તમે પોતાને ઘેર પાછા જવા માગતા નથી, તો તમારી પત્ની અને બાળકોને અહીં તેડાવી શકો છો. ત્યાં ઘણા સસ્તા ભાડાનાં ખાલી ઘર છે, અને ખાધાખોરાકી પણ સસ્તી છે. ત્યાં સારા પાડોશીઓ વચ્ચે રહેવાથી તમારું જીવન આનંદિત બનશે. જુઓ પેલા પહાડની પાસે તેનું ઘર છે.

## ખોટા માર્ગ ઉપર

હવે શું કરવું, તેની ખ્રિસ્તીને સમજ ન પડી. પરંતુ તેને લાગ્યું

કે જો તે ખરું હોય, તો તેણે આ માણસની સલાહ પ્રમાણે ચાલવું જોઈએ. આથી પોતાનો માર્ગ તજી દઈને પેલા **સ્વપુણ્યદાસ**ને ઘેર મદદ લેવા ફંટાયો. જ્યારે તે પેલા પહાડ પાસે પહોંચ્યો, ત્યારે પહાડ ઘણો ઊંચો દેખાયો, અને તેની બાજુઓ રસ્તા તરફ જાણે માથા ઉપર તૂટી પડવા જેવી દેખાઈ. તેથી તેને આગળ વધવાની હિંમત ચાલી નહિ. હવે તેને પોતાનો બોજો અગાઉ કરતાં પણ વધારે ભારે લાગ્યો. પહાડમાંથી આગના ભડકા નીકળ્યા, અને પોતે બળી મરશે, એવું તેને લાગ્યું. (નિર્ગમન ૧૯ : ૧૬-૧૮) તેને પુષ્કળ બીક લાગી, અને સંસારી બુદ્ધિમાનની સલાહ માની, તેથી તેને પસ્તાવો થયો.

પછી તેણે **સુવાર્તિકને** પોતા તરફ આવતા જોયા, અને તેને ઘણી શરમ લાગી, **સુવાર્તિકે** તેને પૂછ્યું, કે "તું ત્યાં શું કરતો હતો? " આ ગરીબ **ખ્રિસ્તીને** કોઈ જવાબ સૂજ્યો નહિ, અને ચૂપ રહ્યો.

**સુવાર્તિક : નાશવંત** નગરની બહાર મેં જે માણસને બૂમ પાડતાં જોયો હતો, તે જ તું છે ?

**ખ્રિસ્તી :** હા સાહેબ, હું તે જ માણસ છું.

**સુવાર્તિક :** શું મેં તમને નાના દરવાજાનો રસ્તો બતાવ્યો ન હતો ? તમે આટલા જલદી કેમ ફરી ગયા ? હમણાં તમે સાચા રસ્તા પર નથી.

**ખ્રિસ્તી :** મને એક ગૃહસ્થ મળ્યા, તેમણે મને કહ્યું, કે આ ગામમાં તમારો બોજ ઉતારી શકે, એવો માણસ મળશે. હું તેની વાત ખરી માનીને અહીં આવ્યો. પરંતુ અહીં આવીને મેં જે જોયું, તેથી મને ઘણી બીક લાગી, અને હવે શું કરવું, તે મને સૂઝતું નથી.

**સવાર્તિક :** થોડી વાર શાંત ઊભા રહો, અને હું તમને ઈશ્વરની વાતો સમજાવીશ.

જ્યારે **ખ્રિસ્તી** ત્યાં ધ્રૂજતો ઊભો હતો, ત્યારે **સુવાર્તિકે** વાંચી સંભળાવ્યું, "જે બોલે છે, તેનો તમે અનાદાર ન કરો, માટે સાવધ રહો. કેમ કે પૃથ્વી ઉપર ચેતવનારનો જેઓએ અનાદર કર્યો, તેઓ જો બચ્યા નહિ, તો આકાશમાંથી ચેતવનારની પાસેથી જો આપણે ફરીએ, તો ખસૂસ બચીશું નહિ." (હેબ્રી. ૧૨ : ૨૫) "પણ મારો ન્યાયી સેવક વિશ્વાસથી જીવશે, જો તે પાછો હઠે, તો તેનામાં મારા જીવને આનંદ થશે નહિ." (હેબ્રી ૧૦ : ૩૫) આ વાતો તેને લાગુ પાડતાં તેણે ઉમેર્યું, કે આવા સંકટમાં દોડી જનાર માણસ તમે જ છો. તમે પરમાત્માના ઉપદેશનો ત્યાગ કર્યો, અને આત્માનો નાશ થાય, ત્યાં સુધી શાંતિના માર્ગમાંથી ખસી ગયા છો.

**ખ્રિસ્તી સુવાર્તિક**ના પગ આગળ પડ્યો, અને રડતાં રડતાં કહ્યું, "મને અફસોસ છે, કેમ કે હું નાશ પામવાનો છું," જ્યારે **સુવાર્તિકે** આ જોયું, ત્યારે તેનો હાથ પકડીને કહ્યું, "બધાં પાપ તથા દુર્ભાષણ માણસને માફ થશે." (માત્થી ૧૨ : ૩૧) "અવિશ્વાસી નહિ પણ વિશ્વાસી થાઓ." (યોહાન ૨૦ : ૨૭) **ખ્રિસ્તી** કંઈક હોંશમાં આવવા લાગ્યો, અને તેને ઠીક લાગ્યું, ત્યારે **સુવાર્તિકે** કહ્યું, "હું જે કહું તે સાંભળો. જે માણસે તમને ભૂલાવ્યા, તે **સંસારી બુદ્ધિમાન** નામ ધરાવવાને યોગ્ય જ છે. કારણ કે આ જગતનો ઉપદેશ તેને ગમે છે. (૧લો યોહાન ૪ : ૫) કારણ કે તેને લીધે તેની કોઈ સતાવણી થતી નથી. (ગલાતી ૬ : ૧૨) એ માણસની સલાહમાંથી તમારે નીચેની ત્રણ બાબતો ધિક્કારીને તેનાથી દૂર રહેવું જોઇએ. :-

(૧) પ્રથમ તેણે તમને સાચા માર્ગથી ભમાવ્યા, અને તમે તેનુ સાચું માન્યું. પ્રભુ કહે છે, કે તમે સાંકડે બારણેથી માંહે પેસો,


કેમ કે જે માર્ગ નાશમાં પહોંચાડે છે, તે ચોડો છે, ને તેનું બારણું પહોળું છે. જે માર્ગ જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે, અને જેઓને તે જડે છે, તેઓ થોડા જ છે. (માત્થી ૭ : ૧૩-૧૪).

(૨) વધસ્તંભ, કે જેના વગર જીવન જીવી શકાતું નથી, તેનાથી તેણે તમને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. મહિમાવંત પ્રભુએ તમને કહ્યું છે, કે જે કોઈ પોતાના જીવ ઉપર પ્રીતિ રાખે છે, તે તેને ખૂએ છે. (યોહાન ૧૨ : ૨૫).

(૩) જે માર્ગ નાશમાં પહોંચાડે છે, તે માર્ગે તેણે તમને ફેરવ્યા. તે તમને **સ્વપુણ્યદાસ** પાસે મોકલતો હતો, જે તમને કદી પણ તમારા બોજાથી મુક્તિ અપાવી શકતો નથી. નિયમશાસ્ત્રના કૃત્યોથી તમે નિરપરાધી ઠરશો નહિ, કેમ કે તેની સમક્ષ કોઈ પણ માણસ નિયમશાસ્ત્ર પ્રમાણેની કરણીઓથી ન્યાયી ઠરશે નહિ." (રૂમી. ૩ : ૨૦).

પછી **સુવાર્તિકે** સ્વર્ગ તરફ ઘાંટો પાડીને કહ્યું, કે "મારી વાતની સાબિતી આપો, કે હું સત્ય બોલ્યો છું." તરત જ પહાડમાંથી આગ નીકળી, અને તેઓએ આ શબ્દો સાંભળ્યા, "કેમ કે જેટલા નિયમની કરણીઓવાળા છે, તેટલા શ્રાપ તળે છે, કેમ કે એમ લખેલું છે, કે નિયમશાસ્ત્રના પુસ્તકમાં જે આજ્ઞાઓ લખેલી છે, તે બધી પાળવામાં જે કોઈ ટકી રહેતો નથી, તે શાપિત છે." (ગલાતી. ૩ : ૧૦)

હવે **ખ્રિસ્તી** પુષ્કળ વિલાપ કરવા લાગ્યો, અને પોતે ખરા રસ્તેથી ફરી ગયો હતો. તેને શરમ લાગી. તેણે **સુવાર્તિકને** પૂછ્યું, "શું તમે ધારો છો, કે મારા જેવા માટે બચવાની કોઈ આશા છે ? પાછો ફરીને શું હું પેલા નાના દરવાજે જાઉં? પેલા **સંસારીની** વાત મેં સાંભળી અને માની, તેનું મને દુઃખ છે. પરંતુ શું મારું પાપ માફ થઈ શકશે?




નિરાશા કલણમાંથી છુટકારો

**સુવાર્તિક :** તમારું પાપ બહુ મોટું છે, છતાં દરવાન તમારો અંગીકાર કરશે. ખબરદાર ! હવે ફરી એવી ભૂલ કરશો નહિ.

પછી **સુવાર્તિકે** હસીને તેને ચુંબન કર્યું, અને વિદાય આપી.

## ખ્રિસ્તીનો દરવાજામાં પ્રવેશ

**ખ્રિસ્તી** ઉતાવળે ચાલ્યો, અને જ્યાં સુધી દરવાજે પહોંચ્યો નહિ, ત્યાં સુધી કોઈની પણ સાથે વાત સુદ્ધાં કરી નહિ. દરવાજા ઉપર લખ્યું હતું કે, "ઠોકો તો તમારે સારું ઉઘાડાશે." (માત્થી ૭:૭) તેણે કેટલીક વાર દરવાજે ઠોક્યું. છેવટે એક ગંભીર છતાં માયાળુ દેખાતો **કૃપાદાસ** નામનો માણસ દરવાજે આવ્યો, અને પૂછયું, "તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? અને શું ચાહો છો ?"

**ખ્રિસ્તી :** હું એક ભારથી લદાએલો પાપી છું. હું **નાશવંત** નગરમાંથી આવું છું, અને આવનાર કોપથી બચવા સારું **સિયોન** પહાડ (સ્વર્ગ) તરફ જવા માગું છું. મને કહેવામાં આવ્યું છે, કે ત્યાં જવાનો આ જ એક રસ્તો છે. શું તમે મને અંદર પ્રવેશવા દેશો?

**કૃપાદાસ :** હા, ઘણી ખુશીથી હું તમને આવવા દઈશ. આમ કહીને તેણે દરવાજો ઉઘાડ્યો.

જ્યારે **ખ્રિસ્તી** દરવાજામાં પેસતો હતો, ત્યારે **કૃપાદાસે** તેને એકદમ અંદર ખેંચી લીધો. **ખ્રિસ્તીએ** તેને આમ કરવાનું કારણ પૂછયું. **કૃપાદાસે** તેને કહ્યું, "આ દરવાજાથી થોડે દૂર એક મજબૂત કિલ્લો આવેલો છે. જેની ઉપરથી શેતાન અને તેના શાગિર્દો દરવાજામાં પ્રવેશ કરનારાઓ ઉપર તીર છોડે છે. કોઈ દરવાજામાં પ્રવેશ કરે, તે પહેલાં તેઓ તેમને મારી નાખવા માગે છે.

જ્યારે **ખ્રિસ્તી** અંદર આવ્યો, ત્યારે દરવાજે તેને તેની મુસાફરી સંબંધી પ્રશ્નો પૂછ્યા. જે કંઈ બન્યું હતું, તે તમામ **ખ્રિસ્તી**એ તેને કહી સંભળાવ્યું, અને વાત પૂરી કરતાં છેવટે કહ્યું, "ઓહ ! તમે કેટલા ભલા છો, કે મને દરવાજામાં પ્રવેશ આપ્યો !"

**કૃપાદાસ :** અમે કોઈને મના કરતા નથી, અને અહીં આવ્યા અગાઉ તેમણે જે કંઈ કર્યું હોય, તેની અમે ચિંતા કરતા નથી. "જે મારી પાસે આવે છે, તેને હું કાઢી નહિ જ મૂકીશ." (યોહાન ૬ : ૩૭) મારી સાથે ચાલો, અને તમારે કયે રસ્તે આગળ જવું, તે હું તમને બતાવીશ. આગળ નજર કરો, અને મને કહો, કે તમે સાંકડો માર્ગ જોઈ શકો છો ? તે સીધો માર્ગ છે, અને એ જ માર્ગે તમારે આગળ વધવાનું છે.

**ખ્રિસ્તી :** અજાણ્યો માણસ ભૂલો પડે, તેવા તેમાં કોઈ બીજા વાંકાચૂંકા રસ્તા છે શું ?

**કૃપાદાસ :** હા, બીજા ઘણા રસ્તા તેમાં મળેલા છે ખરા, પણ તેઓ વાંકાચૂંકા તથા પહોળા છે. ખરો રસ્તો આથી ઓળખી શકશો, કે તે સીધો તથા સાંકડો છે.

**ખ્રિસ્તી :** શું તમે મારી પીઠ ઉપરનો બોજો દૂર કરવા મદદ કરી શકશો ?

**કૃપાદાસ :** હમણાં ધીરજ રાખો. છૂટકો પામવાની જગ્યાએ આવશો, ત્યારે તમારી પીઠનો બોજો આપમેળે ગબડી પડશે.

પછી ખ્રિસ્તી મુસાફરીમાં આગળ વધવા તૈયાર થયો. કૃપાદાસે તેને કહ્યું, કે "આગળ વધતાં તમે **સમજૂતકર** નામના માણસના ઘર આગળ આવશો. તેના ઘરનું બારણું તમે ઠોકજો, એટલે તે તમને ઘણી અજાયબ વસ્તુઓ બતાવશે."

પોતાના મિત્રને વિદાયની સલામ કરીને **ખ્રિસ્તી** આગળ વધ્યો, અને તે **સમજૂતકરના** ઘર આગળ આવી પહોંચ્યો. તેણે બહુ વાર બારણું ઠોક્યું. આખરે કોઈ બારણા પાસે આવ્યું, અને પૂછયું કે "કોણ છે ?"

**ખ્રિસ્તી :** હું એક મુસાફર છું, અને ઘરધણી સાથે વાત કરવા માગું છું.

જ્યારે ઘરધણી આવ્યો, ત્યારે **ખ્રિસ્તીએ** પોતાની મુસાફરીમાં ઉપયોગી થઈ પડે, તેવી અજાયબ વસ્તુઓ દેખાડવા વિનંતી કરી.

## ધૂળવાળો ઓરડો

**સમજૂતકર ખ્રિસ્તીને** અંદર પ્રવેશ કરાવીને એક મોટા ઓરડામાં દોરી ગયો. આ ઓરડામાં પુષ્કળ ધૂળ હતી, અને જાણે કે તેની કદી સફાઈ થઈ ન હતી. **સમજૂતકરે** ચાકરને તે ઓરડો વાળવા કહ્યું. અત્યંત ધૂળ ઉડવાને કારણે તેઓ ભાગ્યે જ શ્વાસ લઈ શકતા હતા. પછી **સમજૂતકરે** એક બાળાને ઓરડામાં પાણી છાંટવા જણાવ્યું, જેથી ધૂળ ઉડાડ્યા વગર સરળતાથી તે વાળી શકે. આ બધાનો શું અર્થ છે, તે વિષે **ખ્રિસ્તીએ** પ્રશ્ન કર્યો.

**સમજૂતકરે** સમજાવતાં જણાવ્યું, કે "આ ઓરડો મનુષ્યના હૃદયરૂપ છે. તેની પાપી પ્રકૃતિ અને દુષ્ટ મન ધૂળ સમાન છે, જે આખા મનુષ્યને અશુદ્ધ બનાવે છે. જેણે પ્રથમ વાળવા માંડ્યું, તે નિયમ શાસ્ત્ર છે, અને જે બાળાએ પાણી લાવી છાંટ્યું, તે સુવાર્તા છે. જ્યારે વાળનારે વાળવા માંડયુ, ત્યારે એટલી બધી ધૂળ ઊડી, કે તેનાથી સફાઇ થઈ શકી નહિ. આ ઉપરથી સમજવું, કે નિયમ શાસ્ત્ર

માણસના મનને પાપથી શુદ્ધ કરતું નથી. કેમ કે તેથી પાપ ઉપર વિજય મેળવવા શક્તિ આવતી નથી. (રૂમી. ૭ : ૪) જેમ પાણી છાંટવાથી ધૂળ બેસી ગઈ, તેમ સુવાર્તાના પરાક્રમથી પાપ ઉપર વિજય મળે છે. મહિમાવંત રાજાને રહેવાને યોગ્ય આત્મા શુદ્ધ બને છે." (એફેસી. ૫ : ૨૬)

## અધીરજી અને ધીરજલાલ

મેં ફરીથી સ્વપ્નમાં જોયું, કે **સમજૂતર ખ્રિસ્તી**ને હાથ પકડીને એક નાની ઓરડીમાં તેડી ગયો, જ્યાં બે નાના છોકરા બેઠા હતા. તેમાંનો એક જેનું નામ ધીરજલાલ હતું, તે આનંદી તથા સંતોષી દેખાતો હતો, પરંતુ બીજો જે **આવેશવાન** હતો, તે સંતોષી દેખાતો ન હતો. **સમજૂતકરે** ખુલાસો કરતાં કહ્યું, કે કોઈકે તેમને વચન આપ્યું છે, કે આવતા વર્ષની શરૂઆતે તેમને ભેટ મળશે. **ધીરજલાલ** રાહ જોવા તૈયાર હતો, પરંતુ **અધીરજી** પોતાનો ભાગ અત્યારે જ માગતો હતો.

પછી મેં જોયું, કે કોઈકે **અધીરજી** પાસે આવીને દ્રવ્યની થેલી ઠાલવી દીધી, જેથી તે ઘણો ખુશ થયો, અને **ધીરજલાલની** રાહ જોવાની તૈયારીની હાંસી ઉડાવવા લાગ્યો. પરંતુ થોડીવારમાં તેણે તમામ દ્રવ્ય વેડફી નાખ્યું, અને તેની પાસે ફાટાંતૂટાં લૂગડાં સિવાય બીજું કંઈ રહ્યું નહિ.

**સમજૂતકરે ખ્રિસ્તી**ને કહ્યું, કે અધીર સ્વભાવવાળો છોકરો એવા મનુષ્યો જેવો છે, જેઓ આ સંસાર ઉપર મન લગાડે છે. ધીરજલાલ એવા મનુષ્યો જેવા છે, જે સ્વર્ગીય બાબતો ઉપર મન લગાડે છે. સંસારી મનુષ્યો સંસારનાં તમામ સુખો સંસારમાં જ તાત્કાલિક ભોગવવા માગે છે. તેઓ બીજી દુનિયા સુધી રાહ જોવામાં માનતા નથી. આવનાર દુનિયાના પરમસુખ માટે ઈશ્વરે જે બનાવ્યું

છે, તેને બદલે તેઓ આ કહેવતમાં માને છે, કે "હાથે તે સાથે, પૂંઠે તે જૂઠે."

**ખ્રિસ્તી : ધીરજલાલ**ને હું સૌથી ડાહ્યો માનું છું, કારણ કે **અધીરજી** પાસે કંઈજ બાકી નહિ હોય, ત્યારે પરમસુખ પામવા તે ધીરજ રાખે છે.

**સમજૂતકર :** હા, અને બીજું પણ કારણ છે, કે આવતી દુનિયાનો મહિમા કદી ખૂટશે નહિ. **અધીરજીને ધીરજલાલની** મશ્કરી કરવાનું કોઈ કારણ ન હતું, કારણ કે **ધીરજલાલ** અંતે તો પરમસુખ પામનાર છે.

**ખ્રિસ્તી :** હવે મને ખાત્રી થાય છે, કે સંસારની વસ્તુઓમાં લુબ્ધ થવું સારું નથી, પણ ઉપરની વાતો પર ચિત્ત લગાડવામાં ડહાપણ છે.

**સમજૂતકર :** તમે ખરું કહો છો. "કેમ કે જે વસ્તુઓ દૃશ્ય છે, તેમના પર નજર ન રાખતાં જે અદૃશ્ય છે, તેમના પર અમે લક્ષ રાખીએ છીએ." (૨જો કોરિંથી. ૪ : ૧૮).

## કૃપાનો અગ્નિ

પછી મેં જોયું, કે સમજુતકર ખ્રિસ્તીનો હાથ પકડીને એક દીવાલ પાસે સળગતા અગ્નિ પાસે દોરી ગયો. અગ્નિ ઉપર પાણી રેડીને એક માણસ તે હોલવવાની કોશિશ કરતો હતો, પરંતુ જેમ જેમ તે વધારે પાણી નાખીને હોલવવા માગતો હતો, તેમ તેમ તે વધતો જતો હતો. જ્યારે તેઓએ હોલવવા બીજી બાજુએ જોયું, ત્યારે આમ બનવાનું કારણ તેઓ સમજી શક્યા. ત્યાં એક માણસ ઊભેલો જોયો, જેના હાથમાં તેલ ભરેલો બાટલો હતો, અને અગ્નિ વધારે

જોરથી ફેલાવવા તે તેમાં તેલ નાખ્યા કરતો હતો.

**ખ્રિસ્તી :** આનો શો અર્થ છે ?

**સમજૂતકર :** એ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. પોતાનાં કૃપારૂપી તેલથી તે માણસના હૃદયમાં શરૂ કરેલું કામ ચાલુ જ રાખે છે. આથી શેતાન ભલે ગમે તે કરે, છતાં તેના ભક્તોનાં હૃદયો તેની કૃપાથી ભરપૂર રહી શકે છે. (૨જો કોરીંથી ૧૨ : ૯) તે દીવાલ પાછળ ઊભો રહે છે, તે બતાવે છે, કે જેઓનું શેતાન પરીક્ષણ કરે છે, તેઓના મનમાં કૃપાના કામને શી રીતે પુષ્ટિ મળે છે, તે સમજવું મુશ્કેલ લાગે છે.

## ન્યાય કાળના દિવસનું સ્વપ્ન

પછી **સમજૂતકર ખ્રિસ્તી**ને એક ઓરડામાં દોરી ગયો, જ્યાં એક માણસ બિછાનામાંથી ઉઠતો હતો. કપડાં પહેરતાં તે ધ્રૂજતો અને થરથરતો હતો. તે બોલ્યો, "મેં સ્વપ્નમાં જોયું, કે આકાશમાં અંધકાર છવાયો હતો. વીજળી અને મેઘગર્જનાને કારણે મને ઘણી બીક લાગી. મેં રણશિંગડાનો અવાજ સાંભળ્યો, અને વાદળાં ઉપર બેઠેલા એક માણસને મેં જોયો. તેની ચારે બાજુ આગના જેવા ચળકતા હજારો દૂતો હતા. (૨ જો થેસ્સા. ૧ : ૮-૧૦) પછી મેં મોટી વાણી સાંભળી, કે "હે મૂએલાંઓ ઊઠો, અને તમારો ઇન્સાફ કરાવવા આવો." પહાડો ફાડી ગયા અને કબરો ઉઘડી ગઈ, અને મૂએલાંઓ બહાર નીકળી આવ્યા. તેઓમાંના કેટલાક શરમાતા હતા, અને પહાડ તળે સંતાવાની કોશિશ કરતા હતા. મેં પણ સંતાઈ જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હું તેમ કરી શક્યો નહિ, કારણ કે વાદળો ઉપર બેઠેલા માણસનું ધ્યાન મારા ઉપર જ ચોંટેલું હતું. મારાં પાપ પણ મારા મનમાં તાજાં થયા, એ મારા હૃદયે મને કહ્યું, કે હું પાપી છું. (રૂમી. ૨ : ૧૫-૧૬) પછી હું જાગી ગયો."



વધસ્તંભ પાસે મુક્તિ

**ખ્રિસ્તીએ** તેને પૂછ્યું, કે તેઓ એટલા બધા ભયભીત કેમ બન્યા હતા ? જવાબમાં તે માણસે કહ્યું, કે તેને લાગ્યું, કે ન્યાય કાળનો દિવસ આવી પહોંચ્યો હતો, અને તેને માટે તે તૈયાર ન હતો.

**સમજૂતકરે ખ્રિસ્તી**ને વિદાયની સલામ કરતાં આ બધી બાબતો યાદ રાખવા જણાવ્યું, અને પછી તે પોતાને રસ્તે ચાલ્યો ગયો.

## વધસ્તંભ પાસે ખ્રિસ્તી અને પાપથી છુટકારો

મેં સ્વપ્નમાં જોયું, કે જે રસ્તે ખ્રિસ્તી આગળ વધતો હતો, તેની બન્ને બાજુએ દીવાલ આવેલી હતી. આ દીવાલ **તારણની દીવાલ** કહેવાતી હતી. **ખ્રિસ્તીએ** દોડવાની કોશિશ કરી, પરંતુ પીઠ ઉપરના ભારે બોજાને કારણે તે એમ કરી શક્યો નહિ.

તે ઝડપથી આગળ વધ્યો, અને એક ટેકરી પાસે આવ્યો, જ્યાં વધસ્તંભ ઊભો કરેલો હતો. આ ટેકરીની તળેટીમાં એક કબર હતી. મેં જોયું કે જેવો ખ્રિસ્તી આ વધસ્તંભ આગળ આવી પહોંચ્યો, કે તરત જ તેની પીઠ ઉપરનો ભારે બોજો આપમેળે ગબડીને ટેકરીની નીચાણમાં આવેલી કબરના મોંમાં પડ્યો, અને હું ફરીથી તે જોવા પામ્યો નહિ.

હવે આ બોજો છૂટવાથી **ખ્રિસ્તી** બેહદ ખુશ થયો, અને આનંદિત હૃદયે બોલ્યો, "તેના મૃત્યુથી મને જીવન પ્રાપ્ત થયું છે." પછી થોડી વાર તે આશ્ચર્યની લાગણીથી શાંત ઊભો રહ્યો. તેને નવાઈ લાગી, કે ફક્ત વધસ્તંભ તરફ દૃષ્ટિ કરતાં જ તે તેના પાપના બોજામાંથી મુક્તિ પામ્યો છે.

જ્યારે તે વધસ્તંભ તરફ દૃષ્ટિ રાખીને રડતાં રડતાં ઊભો હતો, ત્યારે ત્રણ વ્યક્તિ તેની પાસે આવી. દરેકે સફેદ તેજસ્વી

વસ્ત્રો પહેર્યા હતાં. તેઓએ તેને કુશળતા કરી. તેઓમાંથી એકે કહ્યું, "તારાં પાપ તને માફ થયાં છે." (માર્ક ૨ : ૫) બીજાએ તેનાં ચીંથરેહાલ કપડાં કાઢી નાખીને તેને નવો પોશાક પહેરાવ્યો. (ઝખાર્યાહ ૩ : ૪) ત્રીજાએ તેના કપાળમાં મુદ્રા કરી, (એફેસી ૧ : ૧૩) અને મહોર કરેલું એક ઓળિયું તેને આપતાં કહ્યું, "તારે રસ્તે ચાલતાં એમાં જોતો જજે, અને જ્યારે સ્વર્ગના દરવાજે પહોંચે, ત્યારે જે મળે તેને તે આપજે." ખ્રિસ્તી આનંદથી કૂદવા અને ગાવા લાગ્યો, કે :-

"ધન્ય ધન્ય છે આ સ્તંભ, કહું છું ધન્ય છે આ ઘોર,
પણ તેને છે ધન્ય હજારો, વેઠ્યું અપમાનિત મોત કઠોર."

## ભોળાનાથ, સુસ્તમલ અને ઉદ્ધતરામ

પછી મેં સ્વપ્નમાં જોયું, કે આગળ વધતાં **ખ્રિસ્તીએ** ત્રણ માણસો જોયા. રસ્તાની બાજુએ તેઓ ભર ઊંઘમાં હતા, અને તેઓના પગે બેડીઓ પહેરાવેલી હતી. તેઓનાં નામ હતાં - **ભોળાનાથ, સુસ્તમલ** અને **ઉદ્ધતરામ. ખ્રિસ્તીએ** તેઓને જગાડવાની કોશિશ કરી, જેથી તેઓની બેડી છોડાવી શકે. તેણે કહ્યું, "સાવચેત થાઓ, જાગતા રહો, કેમ કે તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે." (૧લો પીતર ૫ : ૮)

**ભોળાનાથે** તેના તરફ જોઈને કહ્યું, "મને કોઈ જોખમ દેખાતું નથી." **સુસ્તમલે** કહ્યું, "મને થોડી વધારે વાર ઊંઘવા દો." **ઉદ્ધતરામે** કહ્યું, "દરેકે પોતાનું કામ સંભાળવું, અને બીજાના કામમાં માથું મારવું નહિ." આમ બોલીને ત્રણે જણ પાછા ઊંઘવા પડ્યા, એટલે **ખ્રિસ્તી** ત્યાંથી આગળ વધ્યો. આમ છતાં આ જાણીને તેને દુઃખ થયું, કે જેઓ જોખમમાં હતા, તેઓ તેની મદદ સ્વીકારવા તૈયાર ન હતા.

## કર્મકાંડીદાસ અને ઢોંગીલાલ

જ્યારે **ખ્રિસ્તી** આ બાબતો વિષે વિચારતો હતો, ત્યારે તેણે બે જણને જેઓનાં નામ **કર્મકાંડીદાસ** અને **ઢોંગીલાલ** હતાં, તેઓને કોટ ઉપર ચઢતા જોયા. જ્યારે તેઓ પાસે આવ્યા, ત્યારે **ખ્રિસ્તીએ** તેઓને પૂછ્યું, કે તેઓ ક્યાંથી આવ્યા? અને ક્યાં જતા હતા? તેઓએ જવાબ આપ્યો, "અમે **મિથ્યાવખાણ** નામે દેશમાં જન્મ્યા છીએ, અને **સિયોન** પહાડ તરફ જઈએ છીએ."

**ખ્રિસ્તી :** આ રસ્તાના દરવાજેથી તમે કેમ આવ્યા નહિ? શું તમે આ લખેલું જાણતા નથી, કે જે બારણામાંથી ઘેટાંના વાડામાં પેસતો નથી. પણ બીજા કોઈ રસ્તેથી ચઢે છે, તે ચોર તથા લૂટારો છે." (યોહાન ૧૦ : ૧)

તેઓએ જવાબમાં કહ્યું, કે તે દરવાજેથી પ્રવેશ કરવાનું તેમના માટે ઘણું દૂર પડતું હતું, અને આથી તેમના દેશના બધા લોકો દૂર ન પડે, માટે તેમની માફક કોટ ઉપરથી આવે છે.

**ખ્રિસ્તી :** જે શહેરમાં આપણે જઈએ છીએ, તેના ધણીની ઇચ્છાનું ઉલ્લંઘન કરવું, તે ખચીત પાપ છે.

તેઓએ તેને કહ્યું, કે તેણે એ સંબંધી કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે એ જ રીતે તેઓ એક હજાર કરતાં પણ વધારે વર્ષોથી એ જ પ્રમાણે કરતા આવ્યા છે. વળી સંભળાવ્યું, કે જ્યાં સુધી તેઓ રસ્તા ઉપર છે, ત્યાં સુધી તેઓ ત્યાં ક્યાંથી આવ્યા, તેની ફિકર કરવી નકામી છે. તેઓએ તેને પૂછ્યું, કે તેઓ કરતાં તે કેવી રીતે સારો હતો?

**ખ્રિસ્તી :** હું મારા માલિકના નિયમ પ્રમાણે ચાલું છું, જ્યારે તમે તમારી મરજી પ્રમાણે ચાલો છો. વળી રસ્તાનો ધણી હમણાં તમને ચોર જેવા ગણે છે, અને આથી મને શક છે, કે અંતે તે

તમને સારા માણસ નહિ ગણે, તેની આજ્ઞા વિના તમે આ રસ્તામાં આવ્યા છો, અને તેની દયા પામ્યા વગર તમારે અંતે બહાર જવું પડશે.

તેઓએ જવાબ આપ્યો, કે તેઓ પણ તેની માફક જ નિયમો પાળી શકે છે. તેણે જે ઝભ્ભો પહેર્યો હતો, તે વિના તેનામાં અને તેઓમાં તેમને કોઈ તફાવત દેખાતો ન હતો. વળી ઉમેર્યું કે તેઓની ધારણા પ્રમાણે એ ઝભ્ભો પણ તેને કોઈ મિત્ર તરફથી તેની શરમ ઢાંકવા મળ્યો હશે.

**ખ્રિસ્તી :** નિયમ શાસ્ત્રથી તમે બચી શકો નહિ, કારણ કે તમે સાંકડા બારણામાંથી પ્રવેશ્યા નથી, (ગલાતી ૨ : ૧૬) અને હા, આ ઝભ્ભો હું જે જગ્યાએ જઈ રહ્યો છું, તેના માલિક તરફથી તેની કૃપાથી મને પ્રાપ્ત થયો છે, કારણ કે અગાઉ મારી પાસે ફાટેલાં ચીંથરાં સિવાય કંઈજ ન હતું, અને મને મોટું આશ્વાસન છે, કે જ્યારે હું શહેરના દરવાજે પહોંચીશ, ત્યારે મને મારો પ્રભુ ઓળખી લેશે. કારણ કે મેં તેમણે આપેલો ઝભ્ભો પહેરેલો હશે. મારા કપાળ ઉપર મુદ્રા પણ છે, જે કદાચ તમે જોઈ નથી. તેઓએ મને કાગળનું એક ઓળિયું પણ આપ્યું છે. જેનાથી મને દિલાસો પ્રાપ્ત થાય છે, અને જે મારે સ્વર્ગના દરવાજે અંદર પ્રવેશ પામતી વખતે સોંપવાનું છે.

તેઓએ તેને કોઈ પ્રત્યુત્તર આપ્યો નહિ, પરંતુ એકબીજાની સામે જોઈને હસ્યા. પછી મેં જોયું, તો ખ્રિસ્તી ઓળિયામાંથી વાંચતાં વાંચતાં આગળ વધવા લાગ્યો.

## ખ્રિસ્તી દુર્ઘટ પહાડ પર ચઢે છે.

તેઓ બધા આગળ વધ્યા, અને દુર્ઘટ નામના પહાડ પાસે આવી પહોંચ્યા, સાંકડા દરવાજેથી જે સીધો રસ્તો આવતો હતો,

ત્યાં બીજા બે રસ્તા મળતા હતા. એક પહાડની તળેટીની જમણી બાજુએ અને બીજો ડાબી બાજુએ વળતો હતો. પરંતુ સાંકડો રસ્તો તો સીધો પહાડ ઉપર જતો હતો. અહીં **ખ્રિસ્તીએ** તળેટીમાં આવેલા ઝરામાંથી ઠંડુ પાણી પીધું, (યશાયા ૪૯ : ૧૦) અને મુશ્કેલ દેખાતા માર્ગે આગળ ચાલી નીકળ્યો.

બીજા બે માણસો પહાડની તળેટી પાસે આવ્યા, ત્યારે આગળનો રસ્તો કેટલો સીધો અને મુશ્કેલ હતો, તે તેઓએ જોયું. આથી તેઓએ પહાડની ફરતે જે સરળ અને સપાટ રસ્તો હતો, તે માર્ગે ચાલવાનું નક્કી કર્યું. તેઓએ વિચાર્યું, કે તેઓ **ખ્રિસ્તીને** પહાડની સામેની બાજુએ ભેગા થશે. આ બે રસ્તાઓનું નામ **ભય** અને **નાશ** હતું. આ બે માણસોમાંથી એકે ભયનો માર્ગ ગ્રહણ કર્યો, જે તેને અંધકારમય પહાડોના એક મોટા મેદાનમાં દોરી ગયો, જ્યાં તે ઠોકર ખાઈને પડી ગયો, અને પાછો ઉઠવા પામ્યો જ નહિ.

પછી મેં **ખ્રિસ્તી** કેવી રીતે પહાડના વિકટ માર્ગે આગળ વધતો હતો, તે તરફ જોયું, પ્રથમ તો તે દોડતો હતો, પણ પછી ધીમે ધીમે ચાલવા લાગ્યો. પણ હવે તો ચાલવાનું પણ મુશ્કેલ લાગવા માંડ્યું. ચઢાણ એટલું સીધું હતું, કે તે ઘૂંટણિયે પડીને હાથેપગે ઉપર ચઢવા લાગ્યો.

હવે આ પહાડની અધવચ્ચે એક શીતળ છાંયડાવાળી જગા હતી. પહાડના ધણીએ થાકેલ મુસાફરોના વિરામ માટે તે બનાવેલી હતી. જ્યારે ખ્રિસ્તી ત્યાં પહોંચ્યો, ત્યારે તે થાક ખાવા બેઠો, અને ઓળિયું કાઢીને દિલાસાનાં વચનો વાંચવા લાગ્યો. આ જગ્યા એટલી આરામદાયક હતી, કે થોડી વારમાં જ તે ઘસઘસાટ ઊંઘમાં પડ્યો. જ્યારે તે એકાએક ઝબકીને જાગ્યો, ત્યારે સાંજ પડી ગઈ હતી, અને આથી તે શક્ય તેટલી ઝડપે પહાડ ઉપર ચઢવા લાગ્યો.

## બીકણરાય અને વિણભરોસાલાલ

જ્યારે **ખ્રિસ્તી** શિખર ઉપર પહોંચ્યો, ત્યારે તેણે બે માણસોને તેને મળવા દોડતા આવતા જોયા. **ખ્રિસ્તીએ** તેઓને પૂછ્યું, કે "શું બાબત છે ? તમે અવળા માર્ગે કેમ દોડી જાઓ છો ?

**બીકણરાય :** અમે સિયોન શહેર તરફ જતા હતા, પરંતુ જેમ જેમ આગળ વધ્યા, તેમ રસ્તો વિકટ બનતો ગયો, અને આથી અમે પાછા ફરીએ છીએ.

**વિણભરોસાલાલ :** હા, એ ખરું છે. અહીંથી થોડે દૂર રસ્તામાં બે સિંહ બેઠેલા છે. અમને ખાત્રી છે, કે જો અમે તેમની પાસે ગયા હોત, તો અમને ફાડી ખાત.

**ખ્રિસ્તી :** તમારા શબ્દોથી મને પણ બીક લાગે છે, પણ સલામતી માટે ક્યાં નાસી જાઉં ? જો હું મારા દેશમાં પાછો જઉં તો ખચીત ત્યાં નાશ પામીશ, અને જો હું સ્વર્ગીય શહેરમાં પહોંચું, તો નિશ્ચે હું સલામત રહીશ. માટે હવે આગળ વધવું જ જોઈએ. જો હું પાછો ફરું, તો મોત સિવાય બીજું કંઈજ મળવાનું નથી. જો આગળ વધું, તો મરણની બીક તો છે, પરંતુ તે વટાવું, તો મને સદાકાળનું જીવન પ્રાપ્ત થશે. માટે હું તો આગળ જ વધીશ.

**બીકણરાય** અને **વિણભરોસાલાલ** બન્ને પહાડ ઉતરી ગયા, અને ખ્રિસ્તી તેના માર્ગે આગળ વધ્યો. તેઓએ જે કહ્યું, તે ઉપર વિચાર કરતાં તેણે દિલાસાનાં વચનો માટે ઓળિયું શોધ્યું, પરંતુ તે તેને જડ્યું નહિ. તે ઘણો ગભરાઇ ગયો, અને શું કરવું, તે તેને સૂઝયું નહિ. રસ્તામાં શીતળકુંજ આગળ તે ઊંઘી ગયો હતો, તે તેન યાદ આવ્યું. તેણે પોતાની મૂર્ખાઇ માટે ઘૂંટણો ટેકવીને ઈશ્વર

પાસે માફી માગી. (૧ લો થેસ્સા ૫ : ૬-૮) ઓળિયાની તપાસમાં તે પાછો ફર્યો, અને આખા રસ્તે તે દુ:ખી હતો. જે ઓળિયામાંથી તે વારંવાર દિલાસો પામતો હતો, તેની શોધ તે રસ્તાની બન્ને બાજુએ કરતો હતો.

જ્યારે તે શીતળકુંજ આગળ આવી પહોંચ્યો, ત્યારે ત્યાં બેસીને તે ઘણું રડ્યો. પ્રભુની દયાથી તેણે નજર નીચે કરી, તો ત્યાં તેણે પોતાનું ઓળિયું પડેલું જોયું. તેણે તે ઝડપથી ઊંચકી લીધું. હવે તે ઘણો આનંદમાં આવ્યો. પોતાનું ખોવાએલું ઓળિયું પાછું મેળવી આપવા માટે ઈશ્વરનો આભાર માન્યો. હર્ષનાં આંસુ સહિત તેણે ફરીથી પોતાની મુસાફરી આગળ વધારી. તે ઘણી ઉતાવળે પહાડ ચઢી ગયો. આમ છતાં શિખરે પહોંચતાં પહેલાં જ સૂર્ય આથમી ગયો. બીકણરાય અને તેનો સાથી સિંહને જોઈને બીધા હતા, તે હવે તેને યાદ આવ્યું. જો રાત્રિના અંધકારમાં તેમનો ભેટો થાય, તો ફાડી ખવાવાના હુમલામાંથી કેવી રીતે પોતે બચી જશે ?

## સુંદર મહેલ પાસે પહોંચવું.

આવા અશુભ વિચારો કરતાં કરતાં તેણે આગળ જોયું, તો એક સુંદર મહેલ નજરે પડ્યો. સ્વપ્નમાં મેં જોયું, કે રાતવાસો એ મહેલમાં કરવાને ઈરાદે તે ઝડપથી તે તરફ ચાલ્યો. પરંતુ થોડે દૂર જતાં જ એક સાંકડા માર્ગમાં દાખલ થયો, જ્યાં તેણે બે સિંહ જોયા. આ સિંહો સાંકળોથી બાંધેલા હતા. એ તે જોઈ શક્યો નહિ. આથી તે ઘણો બીધો. **બીકણરાય** અને **વિણભરોસાલાલ**ની માફક તે પાછા ફરવાનો વિચાર કરવા લાગ્યો. કારણ કે તેને મોત પાસે દેખાયું. પરંતુ મહેલના **જાગૃતલાલ** નામના દરવાને તેને ઊભેલો અને પાછા ફરવાનો વિચાર કરતા જોઈને બૂમ પાડીને કહ્યું, "તમારો વિશ્વાસ આટલો ટૂંકો છે ? (માર્ક ૪ : ૪૦) સિંહોથી બ્હીશો નહિ, કારણ કે તેઓ સાંકળોથી બાંધેલા છે. વિશ્વાસુઓ અને અણવિશ્વાસુઓની

કસોટી કરવા તેઓને ત્યાં બાંધવામાં આવ્યા છે. રસ્તાની બરોબર વચ્ચે ચાલો, અને તેઓ તમને ઈજા પહોંચાડશે નહિ.

પછી મેં જોયું, કે સિંહોની બીકથી ધ્રૂજતો તે આગળ વધ્યો, પરંતુ દરવાનની શિખામણ ધ્યાનમાં રાખી. સિંહોએ ગર્જના કરી, પરંતુ તેને કોઈ ઈજા પહોંચાડી નહિ. તે આનંદથી તાળી પાડી ઉઠ્યો. તે મહેલના દરવાજે પહોંચ્યો, અને દરવાનને પૂછ્યું, "સાહેબ, શું હું અહીં રાત્રિ મુકામ કરી શકું?"

**દરવાન :** તમારું નામ શું છે? અને સૂર્યાસ્ત પછી આટલા મોડા આવવાનું શું કારણ છે?

**ખ્રિસ્તી :** મારું નામ પહેલાં અધર્મી હતું. પણ હવે તે **ખ્રિસ્તી** છે. હું વેળાસર આવી શક્યો હોત, પરંતુ મને અફસોસ છે, કે રસ્તામાં શીતળકુંજ આગળ હું ઊંઘી ગયો હતો. પછી જ્યારે હું પહાડના શિખરે પહોંચ્યો ત્યારે ભાન થયું, કે મારું ઓળિયું મારી પાસે નથી. હું તે શોધવા પાછો ફર્યો, અને હવે તે પાછું મેળવીને અહીં આવી પહોંચ્યો છું.

**દરવાન :** વારુ, હું એક કુમારિકાને ઘરમાંથી બોલાવું છું. જો તેને તમારી વાત પસંદ પડશે, તો આ ઘરના નિયમ પ્રમાણે તેણી તમને કુટુંબના બીજા સભ્યોની મુલાકાત કરાવશે.

દરવાને ઘંટ વગાડ્યો, અને **વિવેકાબહેન** નામની એક કુમારિકા બહાર આવી, અને પૂછ્યૂં, કે તેને કેમ બોલાવવામાં આવી?

**દરવાન :** આ માણસ સિયોન પહાડ તરફ જઈ રહ્યો છે, અને તે ઘણો થાકેલો છે. રાત્રિનો અમલ શરૂ થયો છે, માટે અહીં રાતવાસો કરવાની રજા માગે છે.

## અગમબુદ્ધિપ્રસાદ, ધર્મિષ્ઠલાલ અને પ્રેમરાય

**વિવેકાબહેને ખ્રિસ્તીને** અમુક પ્રશ્નો પૂછ્યા, અને ત્યાર બાદ કુટુંબમાંથી **અગમબુદ્ધિપ્રસાદ, ધર્મિષ્ઠલાલ** અને **પ્રેમરાય** નામના ત્રણ સભ્યોને બહાર બોલાવ્યા. તેઓ તેને ઘરમાં દોરી ગયા, અને કહ્યું, "ઈશ્વરના આશીર્વાદિત, અંદર આવો. આ પહાડના ધણીએ આ ઘર તમારા જેવા યાત્રીઓ અને મુસાફરોની સુખ સગવડ માટે બાંધ્યું છે." **ખ્રિસ્તી** તેઓની પાછળ ગયો. ખોરાક તૈયાર થાય, ત્યાં સુધી તેઓએ વાર્તાલાપ કર્યો.

**ધર્મિષ્ઠલાલ :** હે ભલા **ખ્રિસ્તીભાઈ,** તમારી મુસાફરીમાં શું શું બન્યું, તેનું અમારી આગળ વર્ણન કરો, જેથી આપણને બધાને ફાયદો થાય.

**ખ્રિસ્તીએ** કહ્યું, કે તેને બધી બાબતો કહેતાં આનંદ થશે. પછી તેણે અત્યાર સુધીની મુસાફરીના બનાવોનું વર્ણન કર્યું.

**અગમબુદ્ધિ : સિયોન** પહાડ તરફ જવાનું શું કારણ છે ?

**ખ્રિસ્તી :** જેણે મારા માટે વધસ્તંભ ઉપર જડાઈને પોતાનું બલિદાન આપ્યું, તેને મોઢેમોઢ જીવતો જોવા માગું છું, અત્યારે જે બાબતો મને તંગ કરે છે, તે બધાથી હું ત્યાં છુટકારો પામવા ચાહું છું. એમ કહેવામાં આવે છે, કે ત્યાં મરણ નથી, (પ્રકટી. ૨૧ : ૪) જે જાતના માયાળુ લોકો જે મને સૌથી વિશેષ પ્રિય છે, તેઓની સંગતમાં રહેવાનું મળશે. સાચું પૂછો તો જેણે મને બંધનમાંથી મુક્ત કર્યો, તેને હું ચાહું છું, કારણકે મારા હૃદયના દર્દથી હું કંટાળી ગયો છું. જ્યાં હું ફરીથી મરીશ નહિ, અને જે સમુદાયમાં નિત્ય પવિત્ર, પવિત્ર, પવિત્ર એવા પોકારો થાય છે, ત્યાં રહેવા માગું છું.

**પ્રેમરાય :** તમે તમારાં કુટુંબીજનોને કેમ સાથે લાવ્યા નથી ?

**ખ્રિસ્તી :** (રડતાં રડતાં) જો તેઓ મારી સાથે આવવા સંમત થયાં હોત, તો હું ખુશીથી તેમને લાવ્યો હોત, પરંતુ તેઓ મારી આ યાત્રાની વિરુદ્ધ હતાં. મેં તેઓને જણાવ્યું, કે ઈશ્વરે મને ચેતાવ્યો છે, કે આપણા શહેરનો નાશ થવાનો છે. પણ તેઓએ મારી વાત મશ્કરીમાં ઉડાવી દીધી, ને મારું માન્યું નહિ. (ઉત્પત્તિ ૧૯ : ૧૪)

**પ્રેમરાય :** તમારી સાથે ન જોડાવાનું તેમણે શું કારણ બતાવ્યું ?

**ખ્રિસ્તી :** મારી પત્ની સંસારત્યાગ માટે રાજી ન હતી. મારાં છોકરાં યુવાવસ્થાની મોજમજામાં પડ્યાં હતા. આથી એક યા બીજી રીતે મારે એકલાએ જ નીકળવું પડ્યું.

હવે મેં સ્વપ્નમાં જોયું, કે જમવાનું તૈયાર થયું, ત્યાં સુધી તેઓએ પોતાની વાત ચાલુ રાખી. પછી તેઓ ભોજન કરવા બેઠા. ભોજન દરમ્યાન તેઓની વાતો પહાડના પ્રભુએ શું શું કર્યું ? શા માટે કર્યું, અને આ ઘર ત્યાં ક્યા હેતુથી બંધાવ્યું, તે સંબંધીની હતી. તેઓએ જે કહ્યું. તે ઉપરથી જાણવા મળ્યું, કે તે કોઈ મહાન યોદ્ધો હોવો જોઈએ. મોતની સત્તા જેની પાસે હતી, તેની સાથે લડીને તેને મારી નાખ્યો હતો. (હેબ્રી. ૨ : ૧૪-૧૫) પરંતુ આમ કરતાં પોતે ભયાનક દુઃખ વેઠ્યું હતું. આ બધું જાણીને મેં તેના ઉપર ઘણો પ્રેમ કર્યો. તેઓએ એમ પણ કહ્યું, કે ગરીબ લોકોનું કલ્યાણ કરવા તેણે આકાશી મહિમા મૂકી દીધો. વળી તેઓએ કહ્યું, કે અમે તેને એમ કહેતાં સાંભળ્યો, કે સિયોન પહાડ ઉપર હું એકલો રહેવાનો નથી. તેણે ઘણા મુસાફરો જેઓ આગલા જન્મમાં ભિખારી જેવા હતા, તેઓને અમીર બનાવ્યા.

## શાંતિનો ઓરડો

મોડી રાત સુધી તેઓએ વાતો ચાલુ રાખી, અને રાત્રિના રક્ષણ માટે પ્રાર્થના કરીને સૂઈ ગયા. તેઓ યાત્રીને મેડા ઉપરની

એક મોટી ઓરડીમાં લઈ ગયા, જેની બારીઓ ઉગમણી દિશામાં ખુલતી હતી. આ ઓરડીનું નામ **શાંતિઘર** હતું. આ ઓરડીમાં યાત્રી સવાર સુધી સુઈ રહ્યો.

## મહેલમાં એક દિવસ

બીજા દિવસે યાત્રી પોતાની મુસાફરી ચાલુ કરવા તૈયાર હતો. પરંતુ તેઓએ તેને કહ્યું, કે જ્યાં સુધી મહેલમાં ફેરવીને તેને બધું ન બતાવે, ત્યાં સુધી તેને જવા દેશે નહિ. પ્રથમ તેઓ તેને એક એવા ઓરડામાં લઈ ગયા, જ્યાં જૂની તવારીખો હતી. ત્યાં તેણે વંશાવળી જોઈ, કે પહાડનો પ્રભુ સનાતન ઈશ્વરનો દીકરો છે. જે અજાયબ કાર્યો તેણે કર્યા. તે બધાં ત્યાં નોંધેલાં હતાં. ઉપરાંત તેના સેંકડો સેવકોનાં પણ નામ ત્યાં નોંધાએલાં હતા. તેના સેવકોમાંના કેટલાકે જે આશ્ચર્યકારક કૃત્યો કર્યા, તે પણ તેને વાંચી સંભળાવ્યાં. (હેબ્રી. ૧૧ : ૩૩-૩૪) તેઓએ આ વચનો પણ વાંચી સંભળાવ્યા, જેમાં લખ્યું હતું, કે ભૂતકાળમાં તેની અને તેના અજાયબ કામોની જેઓ વિરુદ્ધ હતા, તેઓને સત્કારવા તે તૈયાર હતો.

તેઓ પછી તેને શસ્ત્રાગારમાં દોરી ગયા. આ તમામ શસ્ત્રો પ્રભુએ યાત્રીઓ માટે તૈયાર રાખ્યાં હતાં, તરવાર , ઢાલ, ટોપ, બખ્તર, સર્વદા પ્રાર્થનાના જોડા, જે કદી ફાટી જતા નથી, આ બધું ત્યાં હતું. ગણી શકાય તેથી વિશેષ શસ્ત્રો ત્યાં હતાં. અજાયબ કૃત્યો કરવા જે સાધનોનો પ્રભુના સેવકોએ ઉપયોગ કર્યો હતો, તે પણ ત્યાં હતાં. તેમાં મૂસાની લાકડી, ગીદીઓનનો ઘડો, દાઉદની ગોફણ અને બીજી ઘણી ચીજો ત્યાં હતી. જે જોઈને ખ્રિસ્તી ઘણો રાજી થયો.

## મનોરંજક પહાડો

બીજા દિવસે સવારે તેઓ તેને ઘરની અગાશી ઉપર તેડી ગયા. તેણે દક્ષિણ દિશા તરફ જોયું, તો મનોરંજક પહાડો, સુંદર વનો, ફૂલઝાડો અને રળિયામણો પ્રદેશ જોવા મળ્યાં. તેણે આ પ્રદેશનું

નામ પૂછ્યું. તેઓએ કહ્યું, કે તે તો **ઈમાનુએલ** દેશ છે, અને યાત્રીઓનો રસ્તો તે પ્રદેશ મધ્યેથી પસાર થાય છે. તેઓએ વધુમાં કહ્યું, કે ત્યાં તે પહોંચશે, ત્યારે ત્યાંથી સ્વર્ગીય શહેરની ભાગોળ દેખાશે.

## યાત્રા ચાલુ

યાત્રી પોતાની મુસાફરી ચાલુ કરવા તૈયાર થયો, પરંતુ તે અગાઉ તેના મિત્રોએ તેને રસ્તામાં કોઈ શત્રુઓનો ભેટો થાય, તો તેમનો મુકાબલો કરવા ઉપયોગી બને તેવાં શસ્ત્રો આપ્યાં. તેઓ તેને દરવાજા સુધી વળાવવા ગયા. **ખ્રિસ્તીએ દરવાનને** પૂછ્યું, કે તેણે કોઈ મુસાફરોને ત્યાંથી પસાર થતા જોયા ?

**દરવાન :** હાજી, **વિશ્વાસભાઈ** નામનો એક માણસ ત્યાંથી પસાર થયો.

**ખ્રિસ્તી :** ઓહો ! હું તેમને સારી પેઠે ઓળખું છું. એ તો મારા દેશના મારા પડોશી છે. મને કહેશો કે તેઓ કેટલે દૂર ગયા હશે ?

**દરવાન :** હમણાં તેઓ પહાડની તળેટી પાસે પહોંચ્યા હશે.

**ખ્રિસ્તી :** ભલા દરવાન, ઈશ્વર તમારી સાથે હો, અને મારા ઉપર કરેલ ઉપકારો માટે ઈશ્વર તમને આશીર્વાદ આપો.

ખ્રિસ્તી રસ્તે પડ્યો, પરંતુ મહેલના તેના મિત્રોને તેને પહાડની તળેટી સુધી વળાવવાની ઇચ્છા થઈ.

**ખ્રિસ્તી :** હું જોઈ શકું છું, કે પહાડ ઉપર ચઢવાનું જેટલું મુશ્કેલ હતું, તેટલું જ નીચે ઉતરવાનું પણ છે.

**અગમબુદ્ધિ :** હા, તમે કહો છો, તે ખરું છે, કેમ કે નમ્રતા નામે ખીણમાં ઉતરવું, અને લપસી પડ્યા વગર રહેવું, તેવું ભાગ્યે જ બને છે, અને આથી જ અમે તમને તળેટી સુધી વળાવવા આવ્યા છીએ.

**ખ્રિસ્તી** હવે બહુ સંભાળથી ઉતરવા લાગ્યો, છતાં એક બે વાર તેનો પગ લપસી પડ્યો. પછી મેં જોયું, કે જ્યારે તેઓ પહાડની તળેટીએ પહોંચ્યા, ત્યારે તેના મિત્રોએ તેને થોડો ખોરાક આપ્યો, જે લઈને તે રસ્તે પડ્યો.

## નમ્રતાની ખીણમાં એપેલ્યોન સાથે યુદ્ધ

**નમ્રતાની** ખીણમાં **ખ્રિસ્તી** ઉપર એક મોટી આફત આવી પડી. તે થોડે દૂર ગયો હશે, એટલામાં મેદાનમાં તેની સામે આવતો **એપેલ્યોન** નામનો રાક્ષસ જોયો. **ખ્રિસ્તીને** બીક લાગવા માંડી, તે વિચારવા લાગ્યો, કે પાછો ફરું, કે આ રાક્ષસનો સામનો કરું. પરંતુ તેને યાદ આવ્યું, કે જો પાછો ફરે, તો તેની પીઠ માટે કોઈ રક્ષણ નથી. આથી તેણે સામે ઊભા રહેવાનો નિશ્ચય કર્યો.

તે આગળ વધ્યો અને રાક્ષસ **એપેલ્યોન** તેને મળ્યો. આ રાક્ષસ દેખાવે ઘણો ભયંકર હતો. તેના આખા શરીરે માછલી જેવાં ભીંગડાં અને ઉડતા અજગર જેવી પાંખો હતી. તેના મોંમાંથી અગ્નિ તથા ધૂમાડો નીકળતાં હતા. જ્યારે તે ખ્રિસ્તીની પાસે આવ્યો, ત્યારે ધિક્કારથી તેને પૂછયું, કે તે ક્યાંથી આવ્યો છે ? અને ક્યાં જઈ રહ્યો છે ?

**ખ્રિસ્તી : નાશવંત** નગર જે ભૂંડાઇનું ઠેકાણું છે, ત્યાંથી હું આવું છું, અને **સિયોન** નગર તરફ જઈ રહ્યો છું.

**એપેલ્યોન :** એમ જણાય છે, કે તું મારી સત્તા હેઠળ જીવતી પ્રજામાંનો એક છે. હું એ પ્રજાનો રાજા તથા દેવ છું.

**ખ્રિસ્તી :** હું તમારા રાજયમાં જન્મ્યો છું ખરો, પરંતુ તમારી ચાકરી ઘણી કઠણ અને વેતન એટલું ઓછું હતું, કે તેની ઉપર માણસનો નિભાવ થઈ શકે નહિ, કારણ કે પાપનું વેતન તો મરણ છે. (રૂમી ૬ : ૨૩)

**એપેલ્યોન :** કોઈ રાજા એવો નહિ હોય, જે સરળતાથી પોતાની પ્રજાને જવા દે. હું પણ તને છોડીશ નહિ. આમ છતાં તું ચાકરી અને વેતનની ફરિયાદ કરે છે, ત્યારે તને પાછો ફરવા જણાવું છું, અને તારું વેતન વધારી આપીશ.

**ખ્રિસ્તી :** એ બને જ નહિ. હમણાં તો હું રાજાઓના રાજાની પ્રજા છું, અને તમારી પાસે આવી શકતો નથી.

**એપેલ્યોન :** તેં તો પેલી કહેવત કે "દાઝ્યા ઉપર ડામ" જેવું કર્યું. પણ સામાન્ય રીતે એવું બને છે, કે જેઓ તેની ચાકરી કરવા જાય છે, તેઓ થોડીવાર પછી તેને મૂકી દે છે, અને પાછા ફરી જાય છે. જો તું પણ તેમ કરશે, તો સહુ સારાં વાનાં થશે.

**ખ્રિસ્તી :** ઓ દુષ્ટ **એપેલ્યોન,** જો સાચું કહું, તો મને તેની જ ચાકરી, તેનું જ વેતન, તેના જ ચાકરો ને તેની જ હકૂમત પ્રિય છે. તેનો દેશ અને તેની સંગત મને વધારે પસંદ આવે છે. મને ફરીથી સમજાવવાનું છોડી દો. હું હવે તેનો ચાકર છું. અને તેને જ તાબે રહીશ.

**એપેલ્યોન :** તારું મગજ ઠેકાણે રાખ, અને જે રસ્તે તું જઈ રહ્યો છે, તેમાં શું વીતવાનું છે, તે સંબંધી વિચાર કર. તેના ચાકરો મારું અને મારા માર્ગોનું ઉલ્લંઘન કરે છે, અને આથી તેઓ મહા જોખમમાં આવી પડે છે. તેમાંના કેટલા બધા શરમજનક મોતને ભેટ્યા છે ! શું તું એમ માને છે, કે તેની ચાકરી મારી ચાકરી કરતાં વધારે સારી છે ? તે તો તેના ચાકરોની મદદે કદી આવતો નથી, અને આથી ઊલટું આખું જગત જાણે છે, કે જેઓ વિશ્વાસુપણે મને વળગી રહે છે, તેઓની મદદે કેટલી બધી વાર હું જાઉં છું. જેઓ મને વફાદાર છે, તેઓને બળાત્કારથી અથવા દગાથી મેં તેના અને તેના ચાકરોના

હાથમાંથી છોડાવ્યા છે. એ જ રીતે તને પણ હું છોડાવીશ.

**ખ્રિસ્તી :** એમ દેખાય છે, કે તે તેના સેવકોને મદદ કરવામાં મોડું કરે છે, પરંતુ ખરી રીતે તો તે પોતા પ્રત્યેની તેમની વફાદારી અને પ્રેમની કસોટી કરે છે. તેઓ હમણાં છુટકારાની આશા રાખતા નથી, કારણ કે તેઓ છેવટનો મહિમા પામવાની રાહ જુએ છે, અને જ્યારે તેઓનો રાજા મહિમામાં દૂતોના સંઘ સાથે આવશે, ત્યારે તેઓને મળશે.

**એપેલ્યોન :** તું તો તેની સેવામાં વફાદાર રહ્યો નથી, તોપણ તેના તરફથી બદલો મેળવવાની કેવી રીતે આશા રાખે છે ?

**ખ્રિસ્તી :** હા, એ ખરું છે, પરંતુ જે રાજાની હું સેવા કરું છું, અને માન આપું છું, તે દયાળુ અને ક્ષમાવાન છે. મેં મારા રાજા પાસેથી ક્ષમા મેળવી લીધી છે.

**એપેલ્યોન :** (ઘણા ગુસ્સાથી) હું એ રાજાનો દુશ્મન છું, અને તેને ધિક્કારું છું. હું તેના કાયદા અને પ્રજાને ધિક્કારું છું. હું તારી સાથે લડવા બહાર આવ્યો છું.

**ખ્રિસ્તી :** હે **એપેલ્યોન,** ખબરદાર ! તું જે કરે છે, તેથી સાવચેત રહે, કારણ કે હું રાજાના સરિયામ રસ્તામાં અને પવિત્રતાના માર્ગમાં છું.

**એપેલ્યોન** આથી પગ પહોળા કરીને આખો રસ્તો રોકીને ઊભો રહ્યો, અને બોલ્યો, "હું બીતો નથી, મરવા તૈયાર થા, કારણ કે હું સમ ખાઈને કહું છું, કે તું આગળ જવા પામશે જ નહિ, કારણ કે હું અહીં જ તારો જીવ લઈશ." આમ બોલીને તેણે એક બળતો ભાલો **ખ્રિસ્તીની** છાતીમાં માર્યો. **ખ્રિસ્તીના** હાથમાં ઢાલ હતી, આથી તેણે ભાલાનો ઘા ઝીલી લીધો, અને તેને કંઈ ઈજા થઈ નહિ. પછી **ખ્રિસ્તીએ** પોતાની તલવાર કાઢી, કારણ કે તેને લાગ્યું, કે

લડવાનો સમય આવ્યો છે. **એપેલ્યોન** ઝડપથી ઘણાં તીર ફેંકતો હતો. **ખ્રિસ્તીએ** પોતાના બચાવનો ઘણો પ્રયત્ન કર્યો, છતાં **એપેલ્યોને** તેના હાથ અને પગમાં ઘા કર્યા. **ખ્રિસ્તી** આથી થોડો પાછો પડ્યો, પરંતુ શક્ય તેટલી બહાદુરીથી તે લડવા લાગ્યો. આ ભયંકર યુદ્ધ લગભગ અર્ધો દિવસ ચાલુ રહ્યું, અને ઘા પડવાને કારણે **ખ્રિસ્તી** થોડો નબળો પડ્યો.

હવે **એપેલ્યોન** લાગ જોઈને **ખ્રિસ્તી**ની પાસે આવવા લાગ્યો, અને તેને વળગી પડીને તેને ભોંય ઉપર પછાડ્યો, અને આથી **ખ્રિસ્તીના** હાથમાંથી તલવાર પડી ગઈ. પછી **એપેલ્યોન** બોલ્યો, "બસ હવે તું મારા હાથમાં બરોબર સપડાયો છે."

તેણે **ખ્રિસ્તીનો** પ્રાણ નીકળી જાય, તેટલા જોરથી તેનો ટોટો પીસ્યો. **ખ્રિસ્તીને** લાગ્યું, કે તે તેને મારી નાખશે. પરંતુ ઈશ્વરકૃપાથી જ્યારે **એપેલ્યોન** તેના ઉપર છેલ્લો ઘા કરીને મારી નાખવા માગતો હતો, તે જ વખતે **ખ્રિસ્તીએ** હાથ લાંબો કરીને પોતાની તલવાર પકડીને કહ્યું, "હે મારા શત્રુ, મારી વિરુદ્ધ હર્ષ ન કર, કારણ કે જો કે હું પડી જાઉં, તોપણ હું પાછો ઉઠીશ." (મિખાહ ૭ : ૮)

**ખ્રિસ્તીએ** તેના ઉપર તલવારનો કારી ઘા કર્યો, જેથી તે મરણતોલ ઘવાએલા માફક પાછો હઠ્યો. આ જોઈને **ખ્રિસ્તી** ફરીથી તેની પાસે ગયો, અને બીજો ફટકો મારીને બોલ્યો, "તો પણ જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે, તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ." (રૂમી ૮ : ૩૭) પછી **એપેલ્યોન** પાંખો ફફડાવીને ઉડી ગયો, અને **ખ્રિસ્તીએ** ફરીથી તેને જોયો નહિ. (યાકૂબ ૪ :૭)

મારી માફક નજરે જોયા અને કાને સાંભળ્યા વગર કોઈ આ યુદ્ધની કલ્પના સુધ્ધાં કરી શકે નહિ. **એપેલ્યોન** ચીસો અને બરાડા

પાડતો હતો, અને રાક્ષસની પેઠે બૂમો પાડતો હતો. **ખ્રિસ્તીના** અંતરમાંથી પણ નિસાસા અને હાય નીકળ્યે જતા હતા. પરંતુ જ્યારે તેણે પોતાની બેધારી તલવારથી **એપેલ્યોનને** ઘાયલ કર્યો, ત્યારે જ તેના મોં ઉપર સ્મિત ફરક્યું, ને તેણે ઊંચે જોયું. આવી ભયંકર લડાઇ મેં કોઈ વાર જોઈ ન હતી. લડાઇ જ્યારે પૂરી થઈ, ત્યારે **ખ્રિસ્તીએ** કહ્યું, "જેણે મને સિંહના મોંમાંથી ઉગાર્યો, અને **એપેલ્યોનને** હરાવવા મારી સહાય કરી, તેની હું સ્તુતિ કરીશ."

ત્યાર પછી **ખ્રિસ્તી** આગળ એક હાથ દેખાયો, જેણે જીવનના ઝાડનાં પાંદડા પકડેલાં હતાં. **ખ્રિસ્તીએ** તે લઈને પોતાના જખમ ઉપર બાંધ્યા અને તત્કાળ તેના ઘા રૂઝાઇ ગયા. તેને જે ખોરાક મિત્રો તરફથી આપવામાં આવ્યો હતો, તે તેણે આરોગ્યો, જેથી તે તાજો થયો, અને પોતાના હાથમાં તલવાર પકડીને આગળ ચાલ્યો. તેણે **એપેલ્યોનને** ફરીથી આ ખીણમાં જોયો નહિ.

## અંધારી ખીણ

આ ખીણ ઓળંગ્યા પછી બીજી એક ખીણ આવી, જેનું નામ મરણની છાયાની ખીણ હતું. સ્વર્ગીય નગરનો રસ્તો આ ખીણમાં થઈને આગળ જતો હતો. અહીં **ખ્રિસ્તીને એપેલ્યોન** કરતાં પણ વધુ ભયંકર મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો.

મેં સ્વપ્નમાં જોયું, કે આ ખીણમાં પ્રવેશ કરતાં તેને બે માણસો સામે મળ્યા. તેઓ જે રસ્તે ગયા હતા, ત્યાંથી પાછા વળતા હતા. **ખ્રિસ્તીએ** તેઓને પૂછ્યું, કે તેઓ ક્યાં જઈ રહ્યા છે ?

તેઓએ કહ્યું, "અમે પાછા ઘેર જઈએ છીએ. શાંતિથી જીવવું હોય, તો તમને પણ પાછા વળવાની ભલામણ કરીએ છીએ.

**ખ્રિસ્તી :** કેમ ? એવું તે શું બન્યું છે ?

**માણસો :** શું બન્યું, એમ પૂછો છો ? અરે ! અમે પણ તમે જઈ રહ્યા છો, તે જ રસ્તે હિંમત હતી ત્યાં સુધી ગયા, અને જો આગળ વધ્યા હોત, તો તમને ચેતવણી આપવા જીવતા જ ન રહ્યા હોત ! આ એક ભયંકર ખીણ છે.

**ખ્રિસ્તી :** એ ગમે તે હોય, પરંતુ સ્વર્ગીય નગરનો રસ્તો તેમાં થઈને જ જાય છે.

**માણસો :** તમારે જવું હોય, તો જાઓ. અમે તો પાછા જઈએ છીએ. તેઓ પાછા ફરી ગયા, અને **ખ્રિસ્તી** તલવાર હાથમાં રાખીને આગળ વધ્યો, કારણ કે તેને દહેશત હતી, કે કોઈ ગમે ત્યાંથી હુમલો કરે. મેં સ્વપ્નમાં જોયું, કે ખીણની જમણી બાજુ પર ઠેઠ સુધી એક ઊંડી ખીણ હતી, જેમાં થઈને યુગોના યુગોથી આંધળાઓ બીજા અંધોને નાશમાં દોરી ગયા હતા. ખીણની ડાબી બાજુએ ભયંકર કલણ હતું, અને રસ્તો ઘણો સાંકડો હતો. **ખ્રિસ્તીને** ચાલવાની બહુ તકલીફ પડતી હતી અંધકારમાં જ્યારે એક બાજુ ખીણમાં ગબડી ન પડાય, તેની સંભાળ રાખતો હતો, ત્યારે બીજી બાજુ તે કલણમાં પડતો હતો. ગાઢ અંધકારમાં આગળ કેમ ડગ ભરવાં, તે તેને સમજાતું ન હતું.

ખીણની અધવચ્ચે રસ્તાની બાજુમાં જ નર્કનું મોં છે. **ખ્રિસ્તીએ** વિચાર્યું, કે હવે શું કરવું ? અવારનવાર ભડકા, ધૂમાડો, તણખા અને ભયંકર અવાજો નીકળતા હતા. આ બધા સામે તલવાર કામ આવે એમ ન હતી. એટલે તલવાર મ્યાનમાં મૂકીને બીજું હથિયાર જે "જાથુ પ્રાર્થના" નામે ઓળખાતું હતું, તે હાથમાં લીધું. (એફેસી. ૬ : ૧૮) તેણે મોટા ઘાંટે કહ્યું, "ઓ પ્રભુ, હું તારી વિનંતી કરું છું, કે કૃપા કરીને મારો આત્મા બચાવ." (ગીત. ૧૧૬ : ૪) તે આગળ ચાલ્યો, અને ભડકા તેની પાસે આવવા લાગ્યા. તે ભયંકર

અવાજો પણ સાંભળવા લાગ્યો. તેને એમ પણ લાગ્યું, કે તેના શરીરના કકડે કકડા થઈ જશે. તેને ઘડીકમાં પાછા ફરી જવાનો વિચાર આવતો હતો, તો ઘડીકમાં એમ લાગતું હતું, કે અર્ધો રસ્તો તો ઓળંગી ગયો હોઈશ, માટે હિંમતથી આગળ વધું. અત્યાર સુધી ઘણી આફતોમાંથી તેનો બચાવ થયો હતો, અને પાછા ફરવાનું જોખમ કદાચ આગળ વધવાના જોખમ કરતાં વધી પણ જાય આથી તેણે આગળ વધવાનું નક્કી કર્યું, અને બોલી ઉઠ્યો, "પ્રભુ યહોવાના પરાક્રમ ઉપર આધાર રાખીને હું આગળ ચાલ્યો જઈશ."

કેટલીક વાર **ખ્રિસ્તી** એવો ગભરાતો હતો, કે પોતાનો સાદ પણ તે ઓળખી શકતો નહિ. એક **દુષ્ટાત્મા** તેની પાસે આવીને તેના કાનમાં દુર્ભાષણ કરવા લાગ્યો. **ખ્રિસ્તી**ને લાગતું, કે આ વિચારો તેના મનમાંથી ઉઠે છે. જેણે તેના ઉપર આટલો બધો પ્રેમ બતાવ્યો, તેના સંબંધી દુર્ભાષણ કરવું એવું વિચારવું, એ પણ તેને તેની અગાઉની તમામ યાતનાઓ કરતાં મુશ્કેલ જણાયું.

તે આગળ વધ્યો, ત્યારે એક માણસને એવું કહેતાં સાંભળ્યો, કે "જો કે મરણની છાયાની ખીણમાં થઈને હું ચાલું, તોપણ હું કશાથી બીશ નહિ, કેમ કે તું મારી સાથે છે." (ગીત. ૨૩ : ૪)

ત્રણ કારણોથી તે હરખાયો. :-

(૧) તેને માલૂમ પડ્યું, કે તેના જેવી ઈશ્વરની બીક રાખનાર બીજી વ્યક્તિ પણ તે ખીણમાં છે.

(૨) જો કે તે જોઈ શકતો નથી, છતાં અંધકારમાં પણ ઈશ્વર તેની સાથે છે. (અયુબ ૯ : ૧૧)

(૩) એ બીજી વ્યક્તિને પકડી પાડે, તો તેનો સંઘાત થાય.

સવાર થઈ અને **ખ્રિસ્તીએ** પાછળ જોયું. પાછા ફરી જવા માટે પાછળ જોયું નહિ, પરંતુ અંધારામાં કેવી કેવી આફતોમાંથી તે

પસાર થયો હતો, તે બધું તેને દિવસના પ્રકાશમાં જોવું હતું. રસ્તામાં સફળતાથી પસાર કરેલી તમામ આફતો માટે તે ઈશ્વરનો આભારી હતો. રાત્રે જો કે તે બીતો હતો, પરંતુ એ તમામ જોખમો હવે તે સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. ઉગતા સૂર્યથી પણ તેને સહાય મળી, કારણ કે ખીણની મુસાફરીનો બીજો તબક્કો તે પ્રથમ કરતાં પણ વધુ ભયાનક હતો. જે જગ્યાએ તે ઊભો હતો, ત્યાંથી જોતાં ખીણના છેડા સુધી આખા રસ્તા ઉપર ફાંદા, જાળ, છટકાં પડ્યાં હતાં. રસ્તા વચ્ચે ઊંડા ખાડા પણ હતા, અને પ્રથમ જે અંધકારનો તેનો અનુભવ થયો હતો, તેવા અંધકાર ચાલુ હોત, તો તે જરૂર ખાડામાં ગબડી પડ્યો હોત.

## મિત્રનો સંગાથ

છેવટે તે ખીણના છેડે એક નાની ટેકરી ઉપર આવી પહોંચ્યો. આ બતાવવાનો હેતુ યાત્રીઓને તેઓના આગળના માર્ગમાં શું છે, તે બતાવવાનો હતો. આ ટેકરી ઉપરથી **ખ્રિસ્તીએ** જોયું, કે **વિશ્વાસભાઈ** નામનો માણસ તેની આગળ જતો હતો. **ખ્રિસ્તીએ** બૂમ પાડીને તેને થોભી જવા જણાવ્યું, જેથી બંને સાથે ચાલી શકે.

**ખ્રિસ્તી** ઝડપથી ચાલીને **વિશ્વાસભાઈની** સાથે થઈ ગયો. તેઓ બંને પોતાના અત્યાર સુધીના અનુભવોનું વર્ણન કરતા સાથે સાથે આગળ ચાલ્યા.

**ખ્રિસ્તી :** મારા નીકળ્યા પછી તમે કેટલા દિવસ નાશવંત નગરમાં રહ્યા?

**વિશ્વાસ :** વધારે વાર ત્યાં રહી શકાશે નહિ એમ લાગ્યું, ત્યાં સુધી ત્યાં રહ્યો. તમારા ગયા બાદ આ વાત જલદી ફેલાઈ ગઈ, કે આકાશમાંથી અગ્નિ પડીને આપણા શહેરનો નાશ થવાનો છે.

**ખ્રિસ્તી :** શું તમારા પાડોશીઓ આ પ્રમાણે બોલતા હતા ?

**વિશ્વાસ :** હા, એ ખરું છે, પરંતુ હું નથી માનતો, કે તેઓએ એ વાત ઉપર વિશ્વાસ કર્યો હોય, કારણ કે તમારી અને તમારી યાત્રા વિષે વાત કરીને તેઓ તમારા ઠઠ્ઠા કરતા હતા. આમ છતાં, હું એક વાત માનતો હતો, અને અત્યારે પણ માનું છું, કે આકાશથી પડનાર આગ અને ગંધકથી આપણો શહેરનો નાશ થશે જ. આ જ કારણથી હું શહેર છોડીને નીકળી આવ્યો છું.

**ખ્રિસ્તી :** આપણા પાડોશી **ચંચળરાય** વિષે કંઈ સાંભળ્યું છે ?

**વિશ્વાસ :** હા. પાછા ફર્યા બાદ તમામ પ્રકારના લોકોએ તેની હાંસી ઉડાવી, અને તિરસ્કાર કર્યો. હવે ભાગ્યે જ કોઈ તેને કામે રાખશે. એક વાર રસ્તામાં મને તેનો ભેટો થયો, પરંતુ જાણે શરમાતો હોય, તેમ રસ્તાની બીજી બાજુએ ચાલ્યો ગયો, અને હું તેની સાથે વાત કરી શક્યો નહિ. શરૂઆતમાં મને આ માણસ માટે સારી આશા હતી, પણ હવે મને લાગે છે, કે શહેરના નાશની સાથે તેનો પણ નાશ થશે.

## વિશ્વાસની કથની

**ખ્રિસ્તી :** હે ભલા અને વિશ્વાસુ પાડોશી, ચાલો, હવે આપણે એ માણસની વાત પડતી મૂકીએ, અને આપણી વાત કરીએ. રસ્તામાં તમને શું શું વિત્યું, તે મને કહી સંભળાવો.

**વિશ્વાસ :** જે કલણમાં તમે ફસાયા હતા, તેમાં હું પડી ગયો નહિ, અને દરવાજા સુધી સહીસલામત પહોંચ્યો. રસ્તામાં મને એક લંપટ સ્ત્રીનો ભેટો થયો, જે મને નુકસાન કરવા માગતી હતી.

**ખ્રિસ્તી :** સારું થયું, કે તમે તેના ફાંદામાંથી ઉગર્યા. તમારી માફક યૂસફ ઉપર પણ તેણે દુષ્ટ હુમલો કર્યો હતો, અને યૂસફ પણ તમારી માફક ઉગરી ગયો. પરંતુ આમાં તેને પોતાના જાનનો પણ ખતરો હતો. (ઉત્પત્તિ ૩૯ : ૧૧-૧૨) વારું, તેણે તમને શું કર્યું ?

**વિશ્વાસ :** તમે કલ્પના કરી શકતા નથી, કે તેની જીભ કેટલી મીઠી હતી ! તેણીએ મને પાછો ફેરવવા બહુ પ્રયત્ન કર્યો, અને હરેક પ્રકારનાં પ્રલોભનો પણ જણાવ્યાં.

**ખ્રિસ્તી :** ના, દરેક પ્રકારનું પ્રલોભન તો ન કહેવાય, કારણ કે તેણે તમને નિર્દોષ અંતઃકરણનું સુખ આપવાનું વચન નહિ આપ્યું હોય !

**વિશ્વાસ :** તમારી વાત ખરી, પરંતુ હું તો તમામ પ્રકારનાં સંસારી અને દૈહિક સુખ સંબંધી બોલી રહ્યો છું.

**ખ્રિસ્તી :** તેનાથી બચી ગયા, માટે ઈશ્વરની સ્તુતિ કરો. "પરનારીનું મોં ઊંડો ખાડો છે. જેનાથી યહોવા કંટાળે છે, તે જ તેમાં પડે છે." (નીતિ. ૨૨ : ૧૪)

**વિશ્વાસ :** હું તેનાથી પૂરેપૂરો બચી ગયો, એ વિષે મને ખાત્રી નથી.

**ખ્રિસ્તી :** શા માટે નથી ? તમે તેની ઈચ્છા પ્રમાણે વર્તવાનું તો કબૂલ્યું નહિ જ હોય ને ?

**વિશ્વાસ :** ના, કલંકિત ગણાઉં એટલી હદે તો નહિ જ. મને એક પુરાતન લેખ યાદ આવ્યો, જેમાં લખ્યું છે, "તેના પગ મૃત્યુ સીધી નીચે ઉતરી જાય છે." (નીતિ. ૫ : ૫) તેના સ્વરૂપથી હું મોહ ન પામું, માટે મેં મારી આંખો બંધ કરી દીધી. તેણે મને શ્રાપ આપ્યો, અને હું રસ્તે પડ્યો.

**ખ્રિસ્તી :** રસ્તામાં બીજા કોઈએ તમારા ઉપર હુમલો ન કર્યો ?



મૃત્યુની છાયાની ખીણમાં

## પહેલો આદમ

**વિશ્વાસ : દુર્ઘટ** પહાડની તળેટીએ પહોંચ્યો, મને એક વૃદ્ધ માણસ સામે મળ્યો. તેણે મને પૂછ્યું, કે હું કોણ છું, અને ક્યાં જઈ રહ્યો છું ? વધુમાં કહ્યું, કે હું પ્રમાણિક દેખાઉં છું, અને તે આપે તેટલા પગારમાં તેની સાથે રહેવા રાજી છું કે નહિ ? મેં તેનું નામ અને તે ક્યાં રહે છે, તે વિષે પૂછ્યું. તેણે કહ્યું, કે તેનું નામ પહેલો **આદમ** છે. અને તે **કપટ** નામના શહેરનો રહેવાસી છે. (એફેસી. ૪ : ૨૨). તેણે કહ્યું, કે હરકોઈને પસંદ પડે તેવું તેનું કામ છે. પગાર એટલે સુધી કે છેવટ તેની મિલકતનો ભાગીદાર પણ બની શકે. તેણે કહ્યું, કે દુનિયાનાં તમામ સુખભોગનાં સાધનો તેના ઘરમાં છે. તેને ત્રણ દીકરીઓ છે, જેનાં નામ, **દેહતૃષ્ણા, નેત્રતૃષ્ણા** અને **સંસારાભિમાનતૃષ્ણા** છે. (૧લો યોહાન ૨ : ૧૬) અને જો હું ઇચ્છું, તો ગમે તે એક સાથે લગ્ન કરી શકું છું. મેં તેને પૂછ્યું, કે "મને ક્યાં સુધી રાખશો ?" તેણે જવાબ આપ્યો, કે "જીવો જાગો ત્યાં સુધી."

**ખ્રિસ્તી :** વારુ, છેવટે તમે કોઈ નિર્ણય પર આવ્યા ?

**વિશ્વાસ :** શરૂઆતમાં તો મને તેની વાત સારી લાગી, અને સાથે જવાની ઇચ્છા થઈ. પરંતુ મેં તેના કપાળ ઉપર એક લખાણ જોયું, જે કહેતું હતું, "જૂનું માણસપણું તેની કરણીઓ સુદ્ધાં ઉતારો." પછી મારા મનમાં વિચાર આવ્યો, કે તે લલચાવનારી ગમે તેવી વાતો કરે, પરંતુ ઘેર લઈ ગયા બાદ મને ગુલામ તરીકે વેચી દેશે. મેં તેને કહ્યું, કે "બસ, હવે વધારે બોલશો નહિ, કારણ કે હું તમારી સાથે આવવા ઇચ્છતો નથી." ત્યારે તેણે માટે અપશબ્દો વાપરતાં કહ્યું, કે તે મારી

પાછળ એવી વ્યક્તિ મોકલશે, જે મારી યાત્રા દુઃખદાયક બનાવશે. જ્યારે હું તેની પાસેથી જવા લાગ્યો, ત્યારે તેણે મને પકડીને એટલા જોરથી મરડીને ધક્કો માર્યો, જેથી મને એમ લાગ્યું, કે મારા શરીરનો અમુક ભાગ તેણે તોડી નાખ્યો હોય. આથી હું બૂમ પાડી ઉઠ્યો કે, "હું કેવો દુર્ભાગ્ય માણસ છું!" (રૂમી. ૭ : ૨૪)

## વિશ્વાસ અને મૂસા

**વિશ્વાસભાઈએ** પોતાની વાત આગળ ચલાવતાં કહ્યું, કે પછી તે પહાડ તરફ આગળ વધ્યો. જ્યારે તે પહાડના અડધે રસ્તે ગયો હશે, એટલામાં તેણે એક માણસને પવનવેગે પાછો આવતાં જોયો. શીતળકુંજવાળી જગ્યાએ તેણે તેને પકડી પાડ્યો.

**ખ્રિસ્તી :** બરોબર છે.હું પણ તે જ કુંજ પાસે આરામ લેવા બેઠો હતો, અને મારું ઓળિયું ગુમાવ્યું હતું.

**વિશ્વાસ :** મારા ભાઇ, મને કહેવા દો, કે જ્યારે તે માણસ મારી પાસે આવી પહોંચ્યો, ત્યારે તેણે મને ધક્કો મારીને પાડી નાખ્યો, અને હું મરણતોલ થઈ ગયો. જ્યારે હું શુદ્ધિમાં આવ્યો, ત્યારે તે મારી સાથે આવી રીતે કેમ વર્ત્યો, તે મેં તેને પૂછ્યું. તેણે જવાબ આપ્યો, કે હું પહેલા આદમની વાતથી લોભાઇ ગયો હતો, તે માટે એમ કર્યું. ફરીથી તેણે જોરથી મારી છાતીમાં મુક્કો માર્યો, જેથી હું અગાઉની માફક ફરીથી મરણતોલ થઈને પડ્યો. હું બીજી વાર જ્યારે ભાનમાં આવ્યો. ત્યારે મેં દયાની યાચના કરી. તેણે કહ્યું, "હું દયા બતાવવાનું શીખ્યો નથી." આમ બોલીને મને ફરીથી ધક્કો મારીને પાડી નાખ્યો. આ દરમિયાન ત્યાંથી એક જણ નીકળ્યો, જેણે તેને વાર્યો ન હોત, તો મને જરૂર પૂરો કરી

નાખ્યો હોત.

**ખ્રિસ્તી :** તેને અટકાવનાર કોણ હતું ?

**વિશ્વાસ :** પહેલાં તો હું તેને ઓળખી શક્યો નહિ, પરંતુ જ્યારે તે ત્યાંથી પસાર થયો, ત્યારે મેં તેના હાથમાં અને કૂખમાં વેહ જોયા. તેથી મને માલૂમ પડ્યું, કે તે આપણો પ્રભુ છે.

**ખ્રિસ્તી :** જે માણસે તમને પટક્યા, તેનું નામ **મૂસા** છે. તે કોઈને પણ છોડતો નથી. જેઓ તેના નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન કરે છે, તેઓને તે સજા કર્યા વિના જવા દેતો નથી.

**વિશ્વાસ :** હા, તમારી વાત ખરી છે, પરંતુ હું તેને કંઈ પહેલી જ વાર મળ્યો હોઉં એવું નથી.

**ખ્રિસ્તી :** તમે ટેકરી ટોચે આવેલું ઘર જોયું કે નહિ ?

**વિશ્વાસ :** હા, તે ઘર જોયું, અને સિંહો પણ જોયા. પણ તે સૂતેલા હતા, કારણ કે તે બપોરનો સમય હતો. દિવસનો ઘણો સમય બાકી હતો, એટલે હું દરવાન પાસેથી પસાર થઈને ટેકરી નીચે ઉતરી પડ્યો.

**ખ્રિસ્તી :** હું ઇચ્છું છું, તમે તે ઘરમાં ગયા હોત, કારણ કે ત્યાં તેઓ તમને એવી અજાયબ ચીજો બતાવત, જે તમે આખી જિંદગી સુધી ભૂલી ન જાત. વારું, હવે મને કહો, કે નમ્રતાની ખીણમાં તમને કોઈનો ભેટો થયો હતો ?

**વિશ્વાસ :** હા, **અસંતોષરામ** નામે એક જણ મને મળ્યો હતો, અને તેણે મને પોતાની સાથે પાછો તેડી જવાનો પ્રયત્ન કર્યો. તેનું એવું કહેવું હતું, કે ખીણ આબરૂ વગરની જગ્યા છે. તેણે એમ પણ કહ્યું, કે જો હું આ દુર્ઘટ ખીણમાં પ્રવેશવાની મૂર્ખાઈ કરીશ, તો મારા બધા મિત્રો, એટલે કે **અભિમાન,**

ઉદ્ધત, **આપવખાણિયો, સંસારી,** વગેરે નાખુશ થશે.

**ખ્રિસ્તી :** વારું, તમે શું જવાબ આપ્યો ?

**વિશ્વાસ :** મેં જવાબ આપ્યો, કે જે લોકો સંબંધી તે બોલે છે. એ તો મારાં દેહનાં સગાં છે, પરંતુ જ્યારથી હું યાત્રી બન્યો છું. ત્યારથી તેઓએ મારો ત્યાગ કર્યો છે, અને મેં પણ તેઓને તજી દીધાં છે. મેં તેને એમ પણ કહ્યું, કે "પહેલી દીનતા પછી માન" અને "ગર્વિષ્ઠ આત્માનું છેવટ પાયમાલી છે." આથી હું તો ડાહ્યા માણસો જે માન શોધે છે, તે પામવા આ ખીણમાં થઈને જઈશ.

**ખ્રિસ્તી :** ખીણમાં બીજું કોઈ મળ્યું ?

**વિશ્વાસ :** હા. **બેશરમજી** નામનો એક માણસ મળ્યો, પણ હું માનું છું, કે નામ તેને બંધબેસતું નથી.

**ખ્રિસ્તી :** તેણે તમને શું કહ્યું ?

**વિશ્વાસ :** તેણે કહ્યું, કે તેને ધર્મની નફરત છે. ધર્મ ઉપર ધ્યાન લગાડવું, તે અધમ, નીચ અને આબરૂહીન લોકોનું કામ છે. ખાનદાન, દોલતવાન તથા બુદ્ધિમાનોમાંના ઘણા થોડા તમારા મતને માને છે. પાડોશીઓ પાસે નાના અપરાધોની માફી માગવી, ને કોઈની પાસેથી છીનવી લીધેલું પાછું આપવું, તે પણ શરમનું કામ છે.

**ખ્રિસ્તી :** તમે તેને શું કહ્યું ?

**વિશ્વાસ :** પહેલાં તો તેને શું જવાબ આપવો, તે મને સૂઝ્યું નહિ, પરંતુ પછી મને લાગ્યું, કે "માણસોએ જે ઉત્તમ ગણેલું છે, તે ઈશ્વરની દૃષ્ટિમાં કંટાળારૂપ છે." (લુક ૧૬ : ૧૫) વળી મને એમ લાગ્યું, કે **બેશરમજી,** માણસો કેવાં છે, તે સંબંધી

વાત કરે છે, પરંતુ ઈશ્વર કેવો છે, તે સંબંધી તે ચૂપ જ છે. ઈન્સાફના દિવસે માણસો તમારા વિષે શું ધારે છે. તે પ્રમાણે ઈશ્વર ન્યાય કરવાનો નથી, પરંતુ પરાત્પરની બુદ્ધિ પ્રમાણે તથા ઈશ્વરના ધારા પ્રમાણે ન્યાય થશે, અને આટલા માટે જ સૃષ્ટિના તમામ માણસો વિરોધ કરતા હોય, છતાં ઈશ્વર જે કહે છે, તે જ શ્રેષ્ઠ છે. આકાશના રાજ્ય માટે જેઓ પોતાને મૂર્ખ ગણે છે, તેઓ જ સૌથી ડાહ્યા છે. દુનિયાનો સૌથી મોટો માણસ જો ખ્રિસ્ત ઉપર દ્વેષ રાખે, તો તેના કરતાં ખ્રિસ્ત ઉપર પ્રેમ કરનાર માણસ ગમે તેટલો ગરીબ હોય, છતાં તે ધનવાન છે. પછી મેં **બેશરમજીને** કહ્યું, "અહીંથી ચાલ્યો જા. કારણ કે મારા તારણમાં તું નડતરરૂપ છે."

**ખ્રિસ્તી :** મારા ભાઈ, એ દુષ્ટ માણસનો સામનો તમે નીડરતાથી કર્યો, માટે મને આનંદ થાય છે. હું પણ માનું છું, કે તેનું નામ તેને બંધબેસતું નથી. તે એવો ઉદ્ધત છે, કે છડેચોક બધા માણસોની વચ્ચે આપણને શરમાવવાની કોશિશ કરે છે. આપણે તેનો પ્રતિકાર કરવાનું ચાલુ જ રાખીએ.

**વિશ્વાસ :** મને લાગે છે, કે જો પ્રભુ એમ ચાહતો હોય, કે આપણે દુનિયામાં સત્યને માટે પરાક્રમી બનીએ, તો **બેશરમજી** જેવા માણસોથી છૂટવા માટે મદદ માગવી જોઈએ.

**ખ્રિસ્તી :** હા, એ ખરું છે, પરંતુ ખીણમાં બીજું કોઈ મળ્યું ?

**વિશ્વાસ :** ના, કારણ કે બાકીના રસ્તે અને મરણની છાયાની ખીણમાંથી પસાર થતાં મને સળંગ સૂર્યનો પ્રકાશ મળ્યો હતો.

## યાત્રીઓ વાચાળવીર સાથે અસંમત

મેં સ્વપ્નમાં જોયું, કે તેઓની યાત્રામાં તેઓએ **વાચાળવીર** નામના એક માણસને પકડી પાડ્યો, અને તેની સાથે ચાલ્યા.

**વિશ્વાસ :** ચાલો, આપણે સાથે આગળ વધીએ, અને આપણને બધાને ફાયદો થાય, તેવી વાતો કરીને આપણા સમયનો સદુપયોગ કરીએ.

**વાચાળવીર :** તમારી સંગત મળવાથી મને આનંદ થાય છે, કારણ કે સાચું કહું તો બહુ જ થોડા એવા છે, જેઓ મુસાફરીમાં આ રીતે સમયનો સદુપયોગ કરે છે. તેઓ બિન-ફાયદાકારક બાબતો સંબંધી જ વાતો કરો છે, અને ઈશ્વર વિષે વાતો કરતાં બીજું શું વધારે ખુશદાયક અને ફાયદાકારક હોય? ઈશ્વર સંબંધી વાતો કરીએ, ત્યારે દુનિયાની વાતોની વ્યર્થતા અને સ્વર્ગની વાતોની ઉત્તમતા સંબંધી જ્ઞાન મળે છે. ખાસ કરીને નવા જન્મની અગત્ય સંબંધી તારણ પામવા આપણાં કૃત્યોની અપૂર્ણતા સંબંધી અને ખ્રિસ્તના ન્યાયીપણાની અગત્ય સંબંધી વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી પસ્તાવો કરવો, વિશ્વાસ કરવો, પ્રાર્થના કરવી, દુઃખ સહન કરવું, એ બધાનો અર્થ વાતચીત કરવાથી જ સમજાય છે. આ ઉપરાંત ખોટા મતનું ખંડન કરવું, તથા અજ્ઞાનોને શિક્ષણ આપવું, તે વિષેનું જ્ઞાન પણ મળે છે.

**વિશ્વાસ :** તમારી વાત સાચી છે, ને એ સાંભળી મને આનંદ થયો છે.

**વાચાળવીર :** અફસોસની વાત છે, કે અનંતકાળનું જીવન પામવા માટે વિશ્વાસની અગત્ય તથા તેઓના આત્મામાં ઈશ્વરી કૃપાનાં કૃત્યો વિષેનું ભાન ન હોવાને કારણે જ બહુ ઓછા માણસો તે સમજે છે. તેઓના અજ્ઞાનપણાને કારણે તેઓ નિયમની કરણીઓથી સ્વર્ગે જવા ચાહે છે, પરંતુ એ રીતે તો કોઈથી સ્વર્ગના રાજ્યમાં જવાય જ નહિ.

**વિશ્વાસ :** વારુ, તો આપણે કઈ બાબત સંબંધી હવે વાતચીત કરીએ?

**વાચાળ :** આપણને ફાયદાકારક હોય, તેવા તમારી પસંદગીના વિષય ઉપર વાતો કરીએ.

**વિશ્વાસભાઈ** હવે એક ડગ પાછળ ખસીને ખ્રિસ્તી સાથે ચાલવા લાગ્યો, અને ધીમેથી બોલ્યો, "આ માણસ ખરેખર ઘણો સારો યાત્રી છે."

**ખ્રિસ્તી :** (હસીને) જે માણસો તેના સંબંધી જાણતા નથી, તેઓને તે પોતાની જીભની મીઠાશથી ભોળવી લે છે. તેનું નામ જ વાચાળ છે. મને નવાઈ લાગે છે, કે તે આપણા શહેરમાં જ વસતો હોવા છતાં તમે તેને ઓળખતા નથી.

**વિશ્વાસ :** આમ તો તે ઘણો સારો દેખાય છે.

**ખ્રિસ્તી :** જે માણસો તેને બરાબર ઓળખતા નથી, તેઓ માટે એ ખરું છે. તે ગમે તે માણસની સંગત કરે છે, અને ગમે તેવી વાત કરે છે. જેવી તમારી સાથે વાત કરે, તેવી દારૂના પીઠામાં પણ કરે. જેમ જેમ દારૂની અસર ચઢતી જાય, તેમ તેના મોંમાંથી આવી બાબતો વધુ અને વધુ નીકળે છે. તેના જીવનમાં કે હૃદયમાં ધર્મનું કોઈ સ્થાન નથી. તેની પાસે જે છે, તેની જીભમાં જ છે, અને બકવાસ કરવા સિવાય બીજા કોઈ કામમાં તે આવતો નથી.

**વિશ્વાસ :** જો આમ હોય, તો હું તેનાથી ઠગાયો છું.

**ખ્રિસ્તી :** તમે ખરેખર ઠગાયા છો, તેની તમને ખાત્રી હોવી જોઈએ. પ્રાર્થના, પસ્તાવો, વિશ્વાસ તથા નવા જન્મ આ બધા વિષે તે વાત કરે છે, પણ તેની વાત બધી પોકળ છે. હું તેના કુટુંબને પણ સારી પેઠે ઓળખું છું. તેના કુટુંબમાં ધર્મ પળાતો નથી. પ્રાર્થના કે પાપથી પસ્તાવો કરવાનું તેઓ સમજતા

નથી. તેના ઓળખીતાઓની નજરમાં તે ધર્મને એબ લગાડનારો, નિંદા કરાવનારો તથા લજામણો છે. (રૂમી. ૨ : ૨૪) મારો અભિપ્રાય તો એવો છે, કે તેની દુષ્ટ ચાલથી ઘણા લોકો ઠોકર ખાઈને હાનિ પામ્યા છે, અને બીજા અનેકને તે ઠોકરરૂપ થશે.

**વિશ્વાસ :** હવે સમજાય છે, કે કહેવામાં તથા કરવામાં મોટો તફાવત છે, અને એ તફાવત હું હંમેશા યાદ રાખીશ.

**ખ્રિસ્તી :** આ બે ખરેખર તદ્દન જુદી જ બાબતો છે. તેઓની વચમાં આત્માને શરીર જેટલો તફાવત છે. ધર્મની અગત્યની બાજુ તો તેનું આચરણ છે. **વાચાળવીરને** તે સંબંધી જ્ઞાન નથી. તે ફક્ત એટલું જ સમજે છે, કે સાંભળવાથી અને બોલવાથી માણસ સારો ખ્રિસ્તી બની શકે. તે પોતાના જ આત્માને છતરે છે. ન્યાયકાળના દિવસે મનુષ્યોનો તેઓનાં ફળ પ્રમાણે ન્યાય કરવામાં આવશે. ઈન્સાફમાં તેઓને એમ પૂછવામાં નહિ આવે, કે "શું તમે વિશ્વાસ કર્યો કે નહિ ?" તેઓને તો પૂછવામાં આવશે, કે "શું તમે વાતો જ કરનારા હતા, કે કાર્ય પણ કરતા હતા ?" વિશ્વાસથી જે થયું નથી, તે કબૂલ કરવામાં આવશે નહિ. પરંતુ હું બતાવવા માગું છું, કે તે દિવસે કેવળ વાચાળપણું જ એટલું નિરર્થક દેખાશે.

**વિશ્વાસ :** આ માણસથી છૂટવા હવે શું કરું ?

**ખ્રિસ્તી :** મારું માનો અને તે પ્રમાણે કરશો, તો તે તમારી સંગતથી કંટાળશે, સિવાય કે ઈશ્વર તેના આત્માનો સ્પર્શ કરીને તેનું બદલાણ કરે.તમે તેની સાથે ધર્મના સામર્થ્ય સંબંધી ગંભીરતાથી વાત શરૂ કરો. જો તે તમારી વાત કબૂલ કરે, તો તેને સીધો પ્રશ્ન પૂછો કે, "તમારા મનમાં અને ઘરમાં અને તમારી ચાલચલણમાં એ પ્રમાણે થયું છે ?"

**વિશ્વાસભાઈ** આગળ વધીને **વાચાળવીર** સાથે ચાલવા લાગ્યા. અને કહ્યું, "આપણે ક્યા વિષયની ચર્ચા કરવી, તે મેં નક્કી કર્યું છે. મારો વિષય આ છે. તારણદાયક ઈશ્વરની કૃપા જો કોઈ માણસના અંતઃકરણમાં હોય, તો તે શી રીતે જણાશે ?"

**વાચાળ :** ધર્મના સામર્થ્ય સંબંધી ચર્ચા કરવાની તમારી ઇચ્છા છે. તમારો પ્રશ્ન ઘણો સારો છે, અને હું તેનો જવાબ આપવા તૈયાર છું. પ્રથમ તો મને કહેવા દો, કે જો ઈશ્વરની કૃપા કોઈ માણસના અંતઃકરણમાં હોય, તો તે પાપ વિરુદ્ધ ઘણું બોલે છે, અને બીજું....

**વિશ્વાસ :** સબૂર કરો. આપણે એક પછી એક મુદ્દાની ચર્ચા કરીએ. મારા ધારવા પ્રમાણે તમારે એવું કહેવું જોઈએ, કે જો ઈશ્વરની કૃપા કોઈના અંતઃકરણમાં હોય, તો તેને પાપ ઉપર ધિક્કાર આવે.

**વાચાળ :** પાપની વિરુદ્ધ બોલવામાં અને તેનો ધિક્કાર કરવામાં શો તફાવત છે ?

**વિશ્વાસ :** ઓ હો ! બહુ જ મોટો તફાવત છે. ઉપદેશ આપતી વખતે મેં ઘણાને પાપની વિરુદ્ધ બોલતાં સાંભળ્યા છે. તેઓ પાપ વિરદ્ધ ઉપદેશ આપતા હોય, તો પાપને પોતાના જીવનમાં અને હૃદયમાં કેવી રીતે સ્થાન આપે છે ? યૂસફની શેઠાણીએ પતિવ્રતા પેઠે ઘણી બૂમો પાડી હતો. (ઉત્પત્તિ ૩૯ : ૧૫) પરંતુ તે કુકર્મ કરવા માગતી હતી. કેટલાક મનુષ્યો એક માતા જેવા છે, જે કેટલીક વાર પોતાની બાળક સાથે કઠોરતાથી અને ગુસ્સાથી વાત કરે છે, અને થોડી વાર પછી તેને પ્રેમથી છાતી સાથે ચાંપે છે. હવે મનુષ્યના હૃદયમાં ઈશ્વરની કૃપાની બીજી બાબત શું છે ?

**વાચાળ :** સુવાર્તાની માર્મિક બાબતોનું ઘણું જ્ઞાન થાય છે.

**વિશ્વાસ :** સુવાર્તાની માર્મિક બાબતોનું જ્ઞાન મળે, છતાં હૃદયમાં ઈશ્વરની કૃપાનું કાર્ય ન થાય. પ્રભુ ઈસુએ જ્યારે પૂછયું, કે "તમે આ બધી બાબતો સમજ્યા ?" પછી ખ્રિસ્તે ઉમેર્યું, કે "જો તમે તે પાળશો, તો તમને ધન્ય છે." જાણવામાં ધન્યતા નથી, પરંતુ તે પાળવામાં ધન્યતા છે. વાતો જાણવી તે તો વાચાળોને અને ફુલાશ મારનારાઓને પસંદ પડે છે. વાતો પાળવી તે ઈશ્વરને પસંદ પડે છે. હવે તમે મને બીજી સાબિતી બતાવો, કે ઈશ્વરની કૃપા સાર્થક થઈ છે. તે શી રીતે જાણવામાં આવે ?

**વાચાળ :** ના, હવે હું નહિ બોલું, કારણ કે આપણા વિચારો મળતા આવશે નહિ.

**વિશ્વાસ :** વારું, એ જાણવાની તમારી મરજી હોય, તો મને તે કહેવા દો.

**વાચાળ :** ભલે, તમારી ખુશી.

**વિશ્વાસ :** જેના હૃદયમાં ઈશ્વરી કૃપાનું કામ થયું છે. તેને પોતાને તથા આસપાસના લોકોને પણ તે જણાઈ આવે છે. જેના હૃદયમાં તે કૃપા પ્રાપ્ત થઈ છે, તે પોતે પાપી છે, એ સમજે છે, અને પોતાની પાપી પ્રકૃતિનું તેને ભાન થાય છે, અને જો પ્રભુ ઈસુ મારફતે ઈશ્વરી કૃપા તે ન પામે, તો અવિશ્વાસ કર્યાનું પાપ તેને દોષિત ઠરાવશે, તેની પણ તેને ખાત્રી છે. આ બધાને કારણે તેના હૃદયમાં પાપ માટે ખેદ અને શરમ ઉત્પન્ન થાય છે. અનંતજીવન પ્રાપ્ત કરવું હોય, તો જગતના તારનાર પ્રભુ ઈસુ પાસે આવવું, એનું તેને સંપૂર્ણ ભાન થાય છે.

પ્રભુ ઈસુ ઉપરના તેના વધતા ઓછા વિશ્વાસના પ્રમાણમાં તેના હૃદયને આનંદ તથા શાંતિ મળે છે. વળી પવિત્રતા ઉપર પ્રેમ તથા તારનારને અધિક જાણવાની જિજ્ઞાસાથી આ દુનિયામાં તેની સેવા કરવાની ઇચ્છા થાય છે.

બીજાઓ સમક્ષ તે આ કૃપાની જાહેરાત, પ્રભુ ઈસુ ઉપરના પોતાના વિશ્વાસની કબૂલાત દ્વારા તેમજ એ કબૂલાતને લાયક જીવન જીવવાથી કરે છે. ઢોંગીઓ અથવા બકબકિયાની માફક કેવળ વાતોથી નહિ, પરંતુ પવિત્ર જીવન જીવીને તે કૃપાની સાબિતી આપે છે. હવે મહાશય, જો તમને વાંધો નહિ હોય તો, બીજો પ્રશ્ન પૂછું.

**વાચાળ :** મને વાંધો નથી. બીજો પ્રશ્ન શું છે?

**વિશ્વાસ :** આ ઈશ્વરકૃપાનો તમે અંગત અનુભવ કર્યો છે? અને શું તમારા જીવન મારફતે તે જોઈ શકાય છે? અથવા મને જણાવો, કે શું તમારો ધર્મ સત્ય અને કાર્યોમાં નહિ, પરંતુ કેવળ શબ્દો અને જીભમાં જ સમાએલો છે?

તાત્કાલિક તો **વાચાળવીર** થોડો ગૂંચવાએલો દેખાયો, પરંતુ થોડીવાર પછી બોલ્યો, "આ પ્રકારની ચર્ચાની હું આશા રાખતો ન હતો. આ પ્રશ્નોના જવાબ હું આપવા માગતો નથી, પરંતુ મને એટલું જણાવો, કે આવા પ્રશ્નો તમે કેમ પૂછો છો?

**વિશ્વાસ :** કારણ જાણવું હોય, તો કહું છું, કે મારા સાંભળવા પ્રમાણે તમારો ધર્મ કેવળ વાતો કરવામાં જ રહેલો છે. તમારું વર્તન બતાવે છે, કે જે તમે પ્રગટ કરો છો, તે તમે માનતા નથી. લોકો કહે છે, કે તમે ખ્રિસ્તીઓ માટે અને જેઓ વિશ્વાસ કરે છે, તે બધા માટે લાંછનરૂપ છો.

**વાચાળ :** તમે લોકોની સાંભળેલી વાતો માની લો છો, અને ઝડપથી નિર્ણય લો છો, માટે તમે વાત કરવાને લાયક નથી. માટે હવે સાહેબજી.

**ખ્રિસ્તી, વિશ્વાસભાઈ** પાસે આવીને બોલ્યો, "શું થશે એ મેં તમને પહેલા જ કહ્યું હતું. તમારી સંગત છોડવા તે તૈયાર થાય, પરંતુ જીવન બદલવા તે રાજી નથી.સારું થયું કે તે પોતાની મેળે જ ચાલ્યો ગયો, જેથી તેની સંગત છોડવાની આપણને જરૂર ન પડી.

**વિશ્વાસ :** તેની સાથે આટલી વાતચીત થઈ, તેથી હું ખુશ છું. એવું પણ બને, કે તે આ સંબંધી ફરીથી વિચાર કરે.

**ખ્રિસ્તી :** તમે ખુલ્લે ખુલ્લી વાત કરી, તે સારું કર્યું. આવી રીતે મોઢેમોઢ કહેનારા દુનિયામાં થોડા જ છે, અને આથી ઘણા લોકો ધર્મ સંબંધી કંટાળી જાય છે. આવા વાચાળ મૂર્ખો ખ્રિસ્તીઓની સંગતમાં ભળે છે, અને લોકો તે સમજી શકતા નથી. આ તો ખ્રિસ્તી ધર્મ માટે એક કલંક અને જેઓ ખરા વિશ્વાસીઓ છે, તેઓને માટે ખેદજનક છે. હું ઈચ્છું છું, કે તમે જેમ વર્ત્યા, તે જ રીતે બીજા બધા પણ તેવાઓની સાથે એજ રીતે વર્તે.

## સુવાર્તિક અને યાત્રીઓનો મેળાપ

આમ વાત કરતાં કરતાં તેઓ ચાલ્યા, અને આથી રસ્તો લાંબો કે કંટાળાજનક ન લાગ્યો. જ્યારે તેઓ રાનને છેડે આવી પહોંચ્યા, ત્યારે **સુવાર્તિક** તેમની પાસે આવ્યો, અને સલામ કરી. **સુવાર્તિક**ના મેળાપથી બન્ને રાજી થયા. રસ્તામાં શું શું બન્યું, તે સંબંધી તેમની સાથે વાત કરી. આ જગ્યાએ કેટલી મુશ્કેલીથી આવી પહોંચ્યા, તેનું પણ વર્ણન કર્યું.

**સુવાર્તિક :** તમને પરીક્ષણો નડ્યાં, તે માટે નહિ, પણ તમે જય

પામીને તમારા માર્ગને વળગી રહ્યા છો, તે જાણીને મને આનંદ થાય છે. તમારા માર્ગમાં તમે અંત સુધી ટકી રહો, કારણ કે આકાશમાંનું અને પૃથ્વી પરનું સઘળું સામર્થ્ય તમારા પક્ષમાં છે.

આ ઉત્તેજનદાયક શિખામણ માટે **ખ્રિસ્તીએ સુવાર્તિકનો** આભાર માન્યો, ને પૂછયું, “બાકીના માર્ગમાં શુ શું નડતરો આવશે, અને કેવી રીતે સામનો કરવો, તે વિષે સલાહ આપી શકશો ?”

**સુવાર્તિક :** મારા દીકરાઓ ! તમે એવું સાંભળ્યું છે કે ઘણા સંકટમાં થઈને તમારે ઈશ્વરના રાજયમાં જવાનું છે. તમે હવે થોડીવારમાં એક શહેરમાં પ્રવેશશો. જે વાત તમે સ્વીકારી છે, તેની સાક્ષી પૂરવાને લીધે તમારામાંના એકનું યા બન્નેનું લોહી ત્યાં વહેવડાવવામાં આવે, તો પણ મરણ સુધી વિશ્વાસુ રહેજો, નો રાજા તમને જીવનનો મુગટ આપશે.

## વ્યર્થતાના બજારમાં યાત્રીઓની યાતનાઓ

પછી મેં સ્વપ્નમાં જોયું, કે જયારે તેઓ અરણ્યની બહાર નીકળ્યા, ત્યારે પોતાની આગળ વ્યર્થતા નામે નગર જોયું. (ગીત ૬૨ : ૯) આ નગરમાં વ્યર્થતાનું બજાર ભરાતું હતું. ઘણાં ઘણાં વર્ષો અગાઉ શેતાને જયારે જોયું, કે સ્વર્ગયાત્રીઓનો રસ્તો આ નગરમાં થઈને જાય છે, ત્યારે ત્યાં તેણે એક બજાર રચ્યું, આ બજારમાં તમામ પ્રકારની વ્યર્થ ચીજો તેઓ આખું વર્ષ વેચતા હતા. તેમાં જે વસ્તુઓ વેચાતી હતી, તેમાં મકાનો, જમીન, ધંધો રોજગાર, માન મરતબો, ઈચ્છાઓ, ઈલ્કાબો, દેશો, રાજ્યો, લાલચો, દરેક જાતના આનંદ તથા મોજશોખનાં સાધનો અને દરેક પ્રકારની દુષ્ટતાનો સમાવેશ થતો હતો.

યાત્રીઓને આ બજારમાંથી પસાર થવાનું હતું. જ્યારે તેઓ બજારમાં પેઠા, ત્યારે લોકો જુદા જુદા હેતુઓસર તેમને ઘેરી વળ્યા. તેઓનો પોશાક અને ભાષા એટલાં જુદાં હતાં, કે તેઓએ વેચવા માટે મૂકેલ વસ્તુઓ તરફ નજર સુદ્ધાં ન કરી. જ્યારે કોઈ તેમને પોતાની વસ્તુઓ ખરીદવા બોલાવતા, ત્યારે તેઓ કાનમાં આંગળી નાખીને કહેતા, "અમારી દૃષ્ટિ વ્યર્થપણા તરફથી ફેરવ." (ગીત. ૧૧૯ : ૩૭) કેટલાકે તેમને મૂર્ખ અને કેટલાકે ગાંડા ગણ્યા. (અયુબ ૧૨ : ૫), (૧લું કોરીંથી ૪ : ૯) કેટલાકે તેમના ઠઠ્ઠા કર્યા, અને હાંસી ઉડાવી, અને બીજાઓને તેમને મારવા ઉશ્કેર્યા. આખરે ત્યાં એટલો બધો ગડબડાટ અને શોરબકોર થયો, કે આખી બજારમાં હોહા થઈ રહી.

## ગિરફતારી અને કેદ

જ્યારે આ બજારના મુખ્ય માણસે આ વિષે સાંભળ્યું, ત્યારે તેણે પોતાના કેટલાક વફાદાર મિત્રોને આ બે જણની તપાસ માટે મોકલ્યા. જેઓ તેમની તપાસ માટે આવ્યા, તેઓએ તેમની ગાંડામાં ગણતરી કરી, અથવા એવો અભિપ્રાય આપ્યો, કે બજારમાં ભાંગતોડ કરાવવાના હેતુથી તેઓ આવ્યા છે. તેઓને ગિરફતાર કરવામાં અને મારવામાં આવ્યા. તેઓના શરીર ઉપર કાદવ ચોપડીને પીંજરામાં પૂર્યા, જેથી બજારના બધા લોકો તેમને જોઈને હાંસી ઉડાવે.

યાત્રીઓ ત્યાં થોડી વાર પડી રહ્યા, અને લોકોના તમાશા, ગુસ્સો અને વેરનો ભોગ બન્યા. આમ છતાં તેઓ શાંત હતા, અને અપશબ્દો ને ગાળની સામે તેમજ પોતાને કરેલ ઇજાઓ માટે પ્રેમથી બોલતા હતા. તેઓને ફરીથી ન્યાયાધીશ આગળ લઈ જવામાં આવ્યા. તેણે તેમને સાંકળોથી બાંધીને નિર્દયપણે મારવાની સજા કરી. બીજાઓને ધાક બેસાડવા માટે અને તમાશો પૂરો પાડવા બજારમાં આમતેમ ફેરવવામાં આવ્યા.

આ બધી આફતો તૂટી પડવા છતાં **ખ્રિસ્તી** અને **વિશ્વાસભાઈ** વધુ ડહાપણથી વર્ત્યા. તેઓએ એવી નમ્રતા અને ધીરજથી અપમાન સહન કર્યા, જેથી બજારમાંથી અમુક લોકો તેઓના પક્ષના થયા. આથી કેટલાક ઘણા ગુસ્સે થયા, અને તેઓને મરણની બીક બતાવી ફરીથી પીંજરામાં પૂર્યા, અને પગમાં બેડીઓ ઘાલી. તેઓને **સુવાર્તિક**ના શબ્દો યાદ આવ્યા, અને એકબીજાને દિલાસો આપ્યો. તેઓએ ખાત્રીથી જાણ્યું, કે તેઓ બન્નેમાંથી જે પહેલો મારી નંખાય, તેની ગતિ વધારે સારી થશે. દરેકે મનમાં વિચાર્યું, કે પોતાને પ્રથમ મારી નંખાવાનું માન મળે તો સારું !

## મુકદ્દમો

મુકરર કરેલ વખતે તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા. ત્રણ સાક્ષીઓ તેઓની વિરુદ્ધ શાહેદી પૂરવા આગળ આવ્યા. આ ત્રણ સાક્ષીઓનાં નામ હતાં : **અદેખાજી, વહેમીલાલ** અને **ચાપલુસીઆ.** ન્યાયાધીશોમાં નામ હતાં, **અંધેલાલ, નઠારાજી, અંટસજી, કામાતુરજી, કઠોરજી, નિર્દયલાલ, જૂઠાલાલ, ઈર્ષાળુજી, અનાચારજી, ઉતાવળિયાજી** અને **પ્રકાશવેરીલાલ** તેઓએ સર્વાનુમતે ઠરાવ્યું, કે **વિશ્વાસભાઈ** ગુનેગાર હતો, એ દેહાંતદંડને પાત્ર હતો.

## વિશ્વાસભાઈની શહીદી

તેઓના કાયદા પ્રમાણે સજા કરવા તેઓ **વિશ્વાસભાઈ**ને બહાર લાવ્યા. પ્રથમ તેમને માર મારવામાં આવ્યો, અને પછી છરીથી જખમી કર્યા. ત્યાર બાદ પત્થરોનો મારો ચલાવ્યો, અને તલવાર ભોંકી. છેલ્લે તેમને થાંભલા સાથે બાંધીને બાળી મૂકવામાં આવ્યા. આ રીતે **વિશ્વાસભાઈ**ના જીવનનો અંત આવ્યો.

મેં સ્વપ્નમાં જોયું, કે ઝનૂની ટોળાની પાછળ ઘોડા જોડેલો એક રથ **વિશ્વાસભાઈ**ને તેડી જવા તૈયાર હતો. તેઓ તેમને રથમાં બેસાડીને વાદળમાં થઈને ટૂંકા રસ્તે રણશિંગડાના અવાજો સાથે સ્વર્ગની ભાગોળે લઈ ગયા.

**ખ્રિસ્તીને** ફરીથી કેદખાનામાં પૂરવામાં આવ્યો, જ્યાં તે થોડો વખત રહ્યો. પરંતુ જે રાજાધિરાજ છે, તેમણે તેને દુશ્મનોના હાથમાંથી છોડાવ્યો.

## આશાવાનનો સંગાથ

પછી મેં સ્વપ્નમાં જોયું, કે **ખ્રિસ્તી** તે શહેરમાંથી એકલો જ નીકળ્યો નહિ. **આશાવાન** નામના એક માણસે **વિશ્વાસભાઈ** અને **ખ્રિસ્તીનાં** વચનો સાંભળ્યાં હતા, તેમ જ દુઃખમય સતાવણી દરમિયાન તેઓનું જોયું હતું, અને આથી તે ખ્રિસ્તી સાથે જોડાયો. આ પ્રમાણે જ્યારે સત્યની શાહેદી માટે એક શહીદ થયો, ત્યારે તેની રાખમાંથી બીજો સાથી આ યાત્રામાં **ખ્રિસ્તીનો** સાથી થવા ઉભા થયો. **આશાવાને ખ્રિસ્તી**ને કહ્યું, કે બજારમાંથી બીજા ઘણા તેઓની પાછળ આવશે, તેની તેને ખાત્રી છે.

## સ્વાર્થસાધકજી

મેં જોયું, કે બજારમાંથી તેઓ થોડે દૂર ગયા, ત્યારે **સ્વાર્થસાધકજી** નામના એક માણસને પકડી પાડ્યો. તે **મધુરવચનપુર** નામના શહેરમાંથી આવતો હતો. તેણે કહ્યું, કે તેના શહેરમાં ઘણા પૈસાદાર સગાંવહાલા છે, જેઓનાં નામ તેણે આ પ્રમાણે ગણી બતાવ્યાં,- **શ્રી. અસ્થિરરાય, સમયાનુસારીરાય, મધુરવચનભાષીજી, ખુશામતલાલ, બેતરફીજી** અને **ગમેતેલાલ** તેણે કહ્યું, કે તેઓના ઉપદેશક **બેજીભાભાઈ** હતા, અને તેમની પત્ની **ઢોંગીબાઈની** દીકરી હતી.

**સ્વાર્થ :** અમારામાં અને ધર્મચુસ્ત ખ્રિસ્તીઓમાં બે જ નજીવા તફાવત છે. પ્રથમ આ છે, કે અમે અમાફકસર પરિસ્થિતિ સામે થવાનો પ્રયત્ન કરતા નથી. બીજી બાબત આ કે ધર્મ જ્યારે ચડતીમાં હોય, ત્યારે અમે પણ ઘણા જ ઉત્સાહી બનીએ છીએ. જે વાટે ચાલનારને ધર્મ માનનારાઓને માન તથા મોટાઇ મળે, અને લોકો તેની પ્રશંસા કરે, તેની સાથે ચાલવા અમે પણ રાજી છીએ. જો તમે મારો સંગાથ કરશો, તો તે તમને જરૂર ગમશે.

**ખ્રિસ્તી :** જો તમે અમારી સાથે આવશો, તો સારી માઠી તમામ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. અમને લાગે છે, કે આ પ્રમાણે કરવું, તમારા સ્વભાવમાં નથી. તમારે ધર્મને ચડતી પડતી બન્ને અવસ્થામાં સ્વીકારવો પડશે. સાંકળોથી બંધાએલા હો ત્યારે, અને લોકો તમારી પ્રશંસા કરતા હોય ત્યારે પણ.

**સ્વાર્થ :** બેમાંથી ક્યું પસંદ કરવું, તે મારા ઉપર છોડો, પરંતુ મને તમારી સંગાથે ચાલવા દો.

**ખ્રિસ્તી :** અમે જે કરીએ છીએ, તેવું કરવા તૈયારી ન બતાવો, ત્યાં સુધી તો નહિ જ.

**સ્વાર્થ :** મારા વિચારો મને ઘણા લાભદાયક છે, અને તે હું તજીશ નહિ. જો તમારી સાથે મારાથી ન ચાલી શકાય, તો મારી સંગત જેને પસંદ પડે, તેવો બીજો મુસાફર ન મળે, ત્યાં સુધી અત્યાર સુધી ચાલતો હતો, તેમ હું એકલો જ ચાલીશ.

## સ્વાર્થસાધકજીના ત્રણ મિત્રો

મેં સ્વપ્નમાં જોયું, કે **ખ્રિસ્તી** તથા **આશાવાન** **સ્વાર્થસાધકજી**ને પાછળ મૂકીને આગળ ચાલી નીકળ્યા. તેઓમાંથી

એકે પાછળ જોયું, તો ત્રણ માણસોને **સ્વાર્થસાધકજીનો** સંગાથ કરતા જોયા. આ લોકનાં નામ હતાં : **સંસારગ્રાહક, ધનલોભીચંદ** અને **કંજુસજી, સ્વાર્થસાધકજી** તેઓને ઓળખતો હતો, કારણ કે **પ્રાપ્તિપ્રિય** શહેરમાં **લાલચુજી** શિક્ષકના હાથ નીચે તેઓ સાથે અભ્યાસ કરતા હતા. તેઓના શિક્ષકે તેમને શિખવ્યું હતું કે, બળાત્કારથી, ઠગાઈથી, ખુશામતથી અથવા છેવટે ધાર્મિકતાનો ઢોંગ કરીને પણ જે જોઈતું હોય, તે પડાવી લેવું.

તેઓએ એકબીજાને કુશળતા કરી. પછી **ધનલોભીચંદે સ્વાર્થસાધકરાયને** પૂછયું, કે "પેલા રસ્તા ઉપર વિચારો પ્રમાણે મુસાફરી કરી રહ્યા છે.

**સ્વાર્થ :** તેઓ દૂર દેશથી આવે છે, અને પોતાના વિચારો પ્રમાણે મુસાફરી કરી રહ્યા છે.

**ધનલોભી :** પરંતુ તેઓ કેમ થોભતાં નથી ? આપણે પણ મુસાફરી કરીએ છીએ, અને સંગાથ મળે, તો કેવું સારું !

**સ્વાર્થ :** હા. તમારી વાત સાચી છે, પરંતુ તેઓ એટલા બધા ધર્મચુસ્ત છે, કે પોતાનો મત ખરો અને બીજાનો હલકો ગણે છે. કોઈ માણસ ગમે તેટલો ધર્મી હોય, પરંતુ જોતેઓના મતનો નહિ હોય, તો તેને તેઓ પોતાની સંગતમાંથી ફેકી દે છે. લોકો તેમના વિચારોની વિરુદ્ધ છે, છતાં તેને તેઓ પકડી રાખે છે. મને તો કોઈ લાભ મળતો હોય, તો જ હું ધર્મ પાળું.

ચાલતાં ચાલતાં **સ્વાર્થસાધકજીએ** તેઓને પ્રશ્ન પૂછયો, કે ધારો કે કોઈ એક માણસને ઓછી આવકવાળો ધંધો હોય, પરંતુ તે ધર્મી હોવાનો ડોળ કરે, અને તેમ કરવાથી કદાચ તેને વધુ ગ્રાહકો અને પૈસાદાર પત્ની મળતી હોય, તો તેમાં શું ખોટું છે?

**ધનલોભીચંદ :** ધાર્મિકપણાનો ઢોંગ કરવાથી જે વ્યક્તિને આ બધું પ્રાપ્ત થાય છે, તે પોતાની નેકીને કારણે નેકીવાનો તરફથી આ ફળ પ્રાપ્ત કરે છે. ધર્મી હોવાના ડોળથી પૈસાદાર પત્ની અને ધંધામાં વધુ ગ્રાહકો મળતા હોય, તો તેના તેવા વર્તનમાં કંઈ ખોટું નથી. મને તો લાગે છે, કે આ બધાં વાનાં મેળવવા ધાર્મિક ઢોંગી બનવું, એ બિલકુલ ખોટું નથી.

**ધનલોભીચંદનો** આ જવાબ બધાને ગમ્યો, અને એમ લાગ્યું, કે કોઈ તેમાં અસંમત નથી. આથી તેઓએ **ખ્રિસ્તી** અને **આશાવાનને** બૂમ પાડીને ઊભા રાખ્યા, અને આ સંબંધી પ્રશ્ન પૂછ્યો.

**ખ્રિસ્તી :** આ પ્રશ્નોના જવાબો તો ધાર્મિક જ્ઞાનમાં જે હજુ બાળક છે, તે પણ આપી શકે. "રોટલી મેળવવા માટે જ પ્રભુ ઈસુની પાછળ જવું વ્યાજબી નથી." (યોહાન ૬ : ૨૬-૨૭) તો પછી સંસારી લાભ મેળવવા માટે ધર્મનો ડોળ કરવો, એ કેટલું બધું દુષ્ટ છે ? આ રીતે કેવળ મૂર્તિપૂજકો, ઢોંગીઓ અને શેતાનના શાગીર્દો જ વિચાર કરી શકે. મને કહેવા દો, આ પ્રમાણે દ્રવ્ય લોભને ખાતર જે યહુદાની માફક ધર્મી બને છે, તે તે જ દ્રવ્યને ખાતર ધર્મ પણ છોડી દેશે.

તેઓ બધા **ખ્રિસ્તી** તરફ તાકતા ઊભા રહ્યા, અને તેને કોઈ પ્રત્યુત્તર આપી શક્યા નહિ.

## દેમાસ અને રૂપાની ખાણ

**ખ્રિસ્તી** અને **આશાવાન** આગળ ચાલ્યા, અને **વિશ્રામ** નામના એક સુંદર મેદાન પાસે આવી પહોંચ્યા. કોઈ પણ મુશ્કેલી વગર તેઓએ તે ઓળંગ્યું. આ મેદાનના સામે છેડે **દ્રવ્ય** નામનો

નાના ટેકરો હતો.

મેં સ્વપ્નમાં જોયું, કે રસ્તાની બાજુએ એ આ દ્રવ્યના ટેકરા પાસે રૂપાની ખાણ હતી. જેની પાસે **દેમાસ** નામનો માણસ ઊભો હતો. (૨ જો તીમોથી ૪ : ૧૦) તેણે **ખ્રિસ્તી** અને આશાવાનને બોલાવતાં કહ્યું, "અહીં આવો, હું તમને કંઈક બતાવું."

**ખ્રિસ્તી :** એવું તે શું જોવાનું છે, કે અમે અમારો રસ્તો છોડીને ત્યાં આવીએ ?

**દેમાસ :** ચાલો, જઈને જોઈએ તો ખરા !

**ખ્રિસ્તી :** ના, હું તો નહિ આવું, કારણ કે મેં આ જગ્યા વિષે સાંભળ્યું છે, કે ત્યાં આગળ ઘણા લોકોનો નાશ થયો છે. વળી જેઓ એ દોલત શોધે છે, તેને માટે તે એક ફાંદા સમાન છે, કારણ કે તે તેઓની યાત્રામાં હરકતરૂપ છે. આપણે તે તરફ એક પણ ડગ ન મૂકતાં આપણાં રસ્તામાં જ રહીએ.

**આશાવાન :** મને ખાત્રી છે, કે જ્યારે **સ્વાર્થસાધકજી** અહીં આવી પહોંચશે, ત્યારે તે જરૂર આ જોવા જશે.

**ખ્રિસ્તી :** આમાં કંઈ જ શક નથી, કારણ કે તેનો મત તેને તે તરફ દોરી જશે, અને હું માનું છું, કે ત્યાં તે મૃત્યુ પામશે.

## ખારનો થાંભલો

હવે મેં જોયું, કે મેદાનને બીજે છેડે યાત્રીઓ એક જગ્યાએ પહોંચ્યા. જ્યાં તેઓએ એક જૂનો થાંભલો જોયો. આ થાંભલાનો વિચિત્ર આકાર જોઈને બન્નેને ઘણી નવાઈ લગી, કારણ કે તે એક સ્ત્રીના આકાર જેવો લાગતો હતો. **આશાવાને** થાંભલાને મથાળે નીચેના શબ્દો વાંચ્યા, " લોટની વહુને સંભારો." તેઓને માલૂમ

પડ્યું, કે એ તો લોટની વહુનો ખારનો થાંભલો હતો. તેઓને યાદ આવ્યું, કે જ્યારે તેઓ સદોમમાંથી નાસી છૂટતા હતા, ત્યારે દોલત તરફ પાછું ફરીને જોવાને લીધે લોટની વહુ ખારનો થાંભલો થઈ ગઈ હતી. (ઉત્પત્તિ ૧૯ : ૨૬)

## ઈશ્વરની નદી

જેને દાઉદ રાજાએ ઈશ્વરની નદી કહી હતી, તેવી એક **સુંદર નદી** પાસે તેઓ આવી પહોંચ્યા. (ગીત ૬૫ : ૯) યોહાને તેને જીવનના પાણીની નદી કહી છે. (પ્રકટી. ૨૨ : ૧) ત્યાં ચાલતાં બન્નેને ઘણો આનંદ થયો. તેઓએ નદીમાંથી પાણી પીધું, અને આથી મુસાફરીમાં નિર્ગત થઈ ગયેલ તેઓના જીવ પ્રફુલ્લિત બન્યા. આ નદીના બન્ને કિનારે દરેક જાતનાં ફળઝાડ હતાં. નદીની બન્ને બાજુએ હરદમ લીલા ઘાસનાં મોટાં મેદાન આવેલાં હતાં, જેમાં નયન રમ્ય ફૂલો ખીલેલાં હતાં. આ બાગમાં તેઓ કેટલાક દિવસો થોભ્યા, કારણ કે ત્યાં તેઓ કોઈ પણ પ્રકારના ભય વગર નિરાંતે સૂઈ શકતા હતા. (ગીત. ૨૩ - ૨-૩)

મેં સ્વપ્નમાં જોયું, કે નદીથી દૂર જતા રસ્તા ઉપર તેઓને આગળ વધવું પડ્યું. નદી છોડીને આગળ જવાનું તેઓને દુ:ખ લાગ્યું, પરંતુ સીધો રસ્તો છોડીને બીજે રસ્તે જવાની તેમની હિંમત ન ચાલી. હવે રસ્તો ખરબચડો હતો, અને તેઓ નાહિંમત થવા લાગ્યા. (ગણના ૨૧ : ૪) તેઓએ સપાટ રસ્તાની ઈચ્છા કરી.

## વિપથ મેદાન

હવે થોડે આગળ રસ્તાની ડાબી બાજુએ ઝાંપામાં થઈને જતાં એક મેદાન આવ્યું. આ મેદાનનું નામ **વિપથ** મેદાન હતું. **ખ્રિસ્તી** ઝાંપામાં પ્રવેશીને તે જોવા ગયો, અને વાડની બીજી બાજુએ પોતાના

રસ્તાને લગતી પગદંડી જોઈ. આથી તેણે પોતાના સાથીને કહ્યું, "આવો, આપણે આ રસ્તે આગળ જઈએ."

**આશાવાન :** એ રસ્તે જતાં જો આપણે આપણો રસ્તો ચૂકી જઈએ તો ?

**ખ્રિસ્તી :** ના, એ શક્ય લાગતું નથી, કારણ કે આપણા રસ્તાની સમાંતર તે જાય છે.

**આશાવાન** પોતાના સાથીનું કહેવું માનીને તેની પાછળ ચાલ્યો. આ રસ્તો તેમને આરામજનક લાગ્યો. આગળ નજર કરતાં તેઓએ એક માણસને તેઓની આગળ જતાં જોયો. એ માણસનું નામ **વ્યર્થ વિશ્વાસ** હતું, તેઓએ બૂમ પાડીને આ રસ્તો ક્યાં જાય છે, તે સંબંધી પૂછયું. તે માણસે જવાબ આપ્યો, કે તે રસ્તો સ્વર્ગની ભાગોળે જાય છે.

**ખ્રિસ્તી :** કેમ ભાઈ, મેં તમને નહોતું કહ્યું, કે આપણે ખરા રસ્તામાં જ છીએ ?

આગળ વધતાં રાત્રિ પડી ગઈ અને ચારે કોર અંધકાર છવાયો. તેઓ હવે આગળ ચાલતા માણસને પણ જોઈ શક્યા નહિ. **વ્યર્થ વિશ્વાસ** આગળ વધ્યો, પરંતુ રસ્તો જોઈ શક્યો નહિ. તે એક ઊંડા ખાડામાં પડી ગયો, અને તેનો નાશ થયો.

હવે વરસાદ વરસવા લાગ્યો, અને બહુ ભયંકર વીજળી તથા ગર્જના થવા લાગ્યા. રસ્તો પાણીથી ભરાઈ ગયો. આશાવાન દુઃખથી કણસતાં બોલ્યો, "જો આપણે રસ્તો છોડ્યો ન હોત, તો કેવું સારું થાત !"

**ખ્રિસ્તી :** એવી કોને ખબર હતી, કે આ રસ્તે ચાલતાં આપણે ભૂલા પડીશું !

**આશાવાન :** હું પહેલેથી જ આ રસ્તે આવતાં બીધો હતો, પરંતુ તમે મારા વડીલ હોવાથી હું તમને સ્પષ્ટ ના પાડી શક્યો નહિ.

**ખ્રિસ્તી :** મને માફ કરો. મેં જાણી જોઈને આમ કર્યું નથી. ચાલો, પાછા ફરી જઈએ.

પાછા ફરવું ઘણું જોખમકારક હતું. (મારા મનમાં આવ્યું કે ખોટે રસ્તેથી પાછા ફરવા કરતાં, ખરે રસ્તેથી ભૂલા પડવું સહેલું છે.) તેઓએ પાછા ફરવાની કોશિશ કરી, પરંતુ અંધકાર ગાઢ હતો, અને રસ્તો પાણીથી એટલો ભરેલો હતો, કે તે રાત્રે તેઓ ઝાંપા સુધી પહોંચી શક્યા નહિ. આખરે ઓથો લેવા જેવી નાની જગ્યા જોવામાં આવી. જ્યાં તેઓ બેઠા, અને એટલા બધા થાકેલા હતા, કે ઘસઘસાટ ઊંઘવા લાગ્યા.

## આશાભંગ રાક્ષસ અને સંશય કિલ્લો

જે જગ્યાએ તેઓ સૂતેલા હતા, તેથી થોડે દૂર **સંશય** નામનો એક કિલ્લાનો માલિક **આશાભંગ** નામનો રાક્ષસ હતો. વહેલી સવારે ઉઠીને જ્યારે તે ફરતો હતો, ત્યારે તેણે **ખ્રિસ્તી** તથા **આશાવાનને** સૂતેલા જોયા. કર્કશ ને ભયંકર અવાજથી તેણે તેમને ઉઠાડ્યા. તેણે તેઓને પૂછ્યું, કે તેઓ કોણ હતા ? અને તેની માલિકીની જગ્યામાં શું કરતા હતા ? તેઓએ તેને કહ્યું, કે તેઓ ભૂલા પડેલા યાત્રીઓ હતા.

**રાક્ષસ :** તમે મારી હદમાં દાખલ થયા, અને સૂઈ ગયા, માટે મારા અપરાધીઓ છો. મારી સાથે ચાલો.

રાક્ષસ તેઓ કરતાં ઘણો જોરાવર હોવાથી તેઓને તેની સાથે જવું પડ્યું. તેઓએ ગુનો કર્યો હતો. આથી બચાવની કોઈ દલીલ કરી શક્યા નહી. રાક્ષસે તેઓને પોતાની આગળ ચલાવ્યા. તેણે

તેઓને કિલ્લાની અંદર આવેલી એક અંધારી, ગંદી અને દુર્ગંધ મારતી કોટડીમાં પૂર્યા. આ જેલમાં તેઓ ચાર દિવસ કંઇ પણ ખાધાપીધા વગર રહ્યા. ત્યાં પુષ્કળ અંધારૂં હતું, અને તેઓની ખબર કાઢવા કોઈ જ આવ્યું નહિ. આ જેલમાં **ખ્રિસ્તીને** ખાસ દિલગીરી થઈ, કારણ કે તેની અવિચારી ઉતાવળને કારણે તઓ આ સંકટમાં ફસાયા હતા.

આ રાક્ષસની એક પત્ની હતી, જેનું નામ **શંકાશીલ** હતું. રાત્રે જયારે તેઓ સૂવા પડ્યા, ત્યારે આ બનાવ વિષે તેણે પત્નીને વાત કરી. આ કેદીઓનું શું કરવું, તે વિષે તેણે પત્નીને પૂછ્યું. તેણે જવાબ આપ્યો, કે બેરહમ રીતે તેણે તેઓને શિક્ષા કરવી જોઈએ. સવાર પડી, ત્યારે રાક્ષસ એક મોટી ડાંગ લઈને તેઓની પાસે ગયો, અને જાણે કે તેઓ કૂતરા હોય, તેમ તઓને ગાળો ભાંડી, અને પુષ્કળ માર માર્યો. આ અસહ્ય મારને કારણે તેઓ હાલી શક્યા નહિ, કે પાસાં પણ બદલી શક્યા નહિ. પછી તે તેઓને મૂકીને નીકળી ગયો, અને તેઓ વિલાપ કરતા રહ્યા.

બીજી સવારે પણ રાક્ષસ તે જ રીતે કેદીઓ પાસે ગયો. આગલા દિવસના ભયંકર મારથી તેઓનાં શરીરો સૂઝી ગયેલાં હતાં. તેણે તેઓને તાકીદ આપતાં કહ્યું, કે આ જેલમાંથી કોઇ રીતે તેઓ છૂટી શકવાના નથી, અને તેઓની હાલત એટલી બધી બૂરી છે, અને આથી યાતનામાં રહેવા કરતાં તેઓએ છરી ભોંકીને કે દોરડાનો ફાંસો ખાઈને કે ઝેર ખાઈને આપઘાત કરીને જીવનનો અંત આણવો જોઇએ.

તેઓએ તેમને છોડી દેવાની આજીજી કરી. આથી ગુસ્સે ભરાઈને તે તેઓની સામે ધસી ગયો, અને તેઓને ત્યાં જ પૂરા કરી નાખત, પરંતુ અચાનક તેને ફેફરૂં આવ્યું, અને હાથપગ ઢીલા થઈ ગયા, માટે તેઓને મૂકીને ચાલ્યો ગયો.

**ખ્રિસ્તી :** ભાઈ, આપણએ શું કરીએ ? અહીં આપણી જિંદગી દુઃખકારક બની ગઈ છે. મને સૂઝતું નથી, કે આ દશામાં જીવવું, કે પછી આપઘાત કરવો. મારો જીવ તો જીવવા કરતાં મોત વધારે પસંદ કરે છે. આ ભયંકર જેલ કરતાં તો કબર વધારે સારી છે. રાક્ષસની ઇચ્છા પ્રમાણે આપણે કરીએ કે કેમ ?

**આશાવાન :** આપણી દશા ખરેખર ભયંકર છે. અહીં હંમેશાં રહેવા કરતાં મને પણ મરવું ઇચ્છવાજોગ લાગે છે. આમ છતાં જે દેશ તરફ આપણે યાત્રા કરી રહ્યા છીએ, તેના પ્રભુએ આપણને ફરમાવ્યું છે, કે "ખૂન કરવું નહિ." જો બીજાઓનું આપણે ખૂન કરી શકતા નથી, તો પછી આપઘાતથી પોતાનો જીવ ગુમાવવો, એ તેથી પણ વધારે પ્રતિબંધિત છે. બીજું કે જે ખૂન કરે છે, તે બીજાના શરીરનો નાશ કરે છે, પરંતુ આપઘાત કરનાર પોતાના શરીર અને આત્મા બંનેનો નાશ નોતરે છે. ભલા ભાઈ, કબરમાં ઉતરવું તમને વધારે પસંદ છે, પણ આપઘાત કરનાર તો નિશ્ચે નર્કમાં જાય છે, અને "કોઈ મનુષ્ય ઘાતકમાં અનંત જીવન હોતું નથી." (૧લો યોહાન ૩ : ૧૫)

આપણે યાદ રાખવું જોઈએ, કે **આશાભંગ** રાક્ષસના હાથમાં સર્વ અધિકાર નથી. બીજાઓને પણ તેણે આપણી માફક પકડ્યાં હતાં, જેઓ તેના હાથમાંથી છટકી ગયા છે. સૃષ્ટિનો સરજનહાર કદાચ એવું કરે, કે આ દૈત્ય મરણ પામે, અથવા કોટડીનો દરવાજો બંધ કરવાનું ભૂલી જાય, અથવા પહેલાંની માફક ફરીથી ફેફરૂં આવે અને તે નિર્બળ બની જાય. આપણે ધરીજ રાખીને થોડી વાર અત્યાચાર સહન કરી લઈએ. એવો સમય આવશે, જ્યારે આપણે મુક્ત બનીશું. પરંતુ આપઘાત તો નહિ જ કરીએ.

આ શબ્દોથી **આશાવાને** પોતાના સાથીને હિંમત આપી, અનો આખો દિવસ દુઃખી અવસ્થામાં અંધારામાં પડી રહ્યા. સાંજ પડી ત્યારે કેદીઓએ આપઘાત કરવાની સલાહ માની છે કે નહિ, તે જોવા રાક્ષસ ગયો, તેણે તેઓને જીવતા જોયા. આથી તે ઘણો જ ક્રોધી અને હિંસક બન્યો. તે બોલ્યો, કે "હવે એવી ભયંકર યાતના વિતાવીશ, કે તમને લાગશે, કે આના કરતાં જનમ્યા ન હોત, તો ઠીક થાત !"

આ સાંભળીને તેઓ ધ્રૂજવા લાગ્યા, અને તેની સલાહ પ્રમાણે વર્તવું કે નહિ, તેની ચર્ચા કરી. **ખ્રિસ્તીએ** ફરીથી મક્કમતા ગુમાવી, પરંતુ **આશાવાને** કહ્યું. "મારાભાઈ અત્યાર સુધી તમે જેવી બહાદુરી બતાવી છે, કે **એપેલ્યોન** તમારો નાશ કરી શક્યો નહિ. મરણની છાયાની ખીણમાં તમે જે જોયું, સાંભળ્યું અને અનુભવ્યું, તેનાથી પણ તમે ગભરાયા નહિ. હમણાં કેમ આટલા બધા ભયભીત બની ગયા છો ? હું તમારો સાથી, તમારા કરતાં નબળો છું. રાક્ષસે મને પણ ઘાયલ કરીને ભૂખે માર્યો છે. યાદ રાખો કે **વ્યર્થતા** શહેરના બજારમાં તમે બહાદુરી બતાવી. બેડીઓથી,કેદથી કે ખુદ મોતથી પણ બીધા નહિ. માટે થોડી વધારે હિંમત પકડીએ."

બીજી સવારે રાક્ષસ ત્યાં પહોંચ્યો, અને પત્નીની સલાહ પ્રમાણે તેઓને બહાર કાઢીને અગાઉ મારી નંખાએલાઓનાં હાડકાં અને ખોપરી બતાવ્યાં. તેણે તેઓને કહ્યું, "તમારા જેવા જ મુસાફરોનાં આ હાડકાં અને ખોપરી છે. તેઓ પણ મારી હદમાં આવ્યા હતા. મને ઠીક લાગ્યું, ત્યારે તેઓના કકડે કકડા કરી નાખ્યા, અને તમારું પણ આજ પ્રમાણે કરીશ." પછી તે તેઓને મારતો મારતો પાછો કેદમાં મૂકી આવ્યો.

રાત્રે રાક્ષસને નવાઇ લાગી, કે શા માટે તેના માર કે શિખામણની તેઓ ઉપર અસર થતી નથી. આથી તેણે પત્નીને આ

વિષે જણાવ્યું. પત્નીએ કહ્યું, "કદાચ તેઓને એવી આશા હશે, કે કોઈ આવીને તમને છોડાવશે, અથવા તેઓની પાસે કોઈ એવી ચાવી હશે, જેના ઉપયોગથી તેઓ છૂટવા માગતા હશે," રાક્ષસે કહ્યું, "જો આમ હોય, તો હું સવારે તેમની તલાશી લઈશ."

## વચનની કૂંચી

મધ્ય રાત્રે તેઓએ પ્રાર્થનાની શરૂઆત કરી, અને મળસ્કા સુધી પ્રાર્થનામાં લાગુ રહ્યા. હવે પોહ ફાટવાની થોડી વાર અગાઉ **ખ્રિસ્તી** અચરત થઈને ગદગદ કંઠે બોલી ઉઠ્યો, "હું એટલો મૂર્ખ છું, કે આવી ગંધાતી કેદમાંથી બહાર નીકળવાનો ઉપાય પાસે હોવા છતાં અહીં પડી રહ્યો છું ? મારા ગજવામાં વચન નામની કૂંચી છે, અને મને ખાત્રી છે, કે તે વડે આ **સંશય** કિલ્લાનું કોઈ પણ તાળું ખોલી શકાશે.

**આશાવાન :** આ તો આનંદના સમાચાર છે. ચાવી કાઢીને તાળું ઉઘાડવાની કોશિશ કરો.

**ખ્રિસ્તીએ** ચાવી કાઢીને કેદની ઓરડીનું બારણું ઉઘાડવાની કોશિશ કરી. ચાવી ફેરવતાં જ તાળું ખુલી ગયું, અને બંને જણ બહાર નીકળી ગયા. પછી કિલ્લાના વાડામાં જવાનો દરવાજો પણ તેઓએ ખોલી નાખ્યો. છેવટે તેઓ લોખંડના મોટા દરવાજા પાસે આવી પહોંચ્યા. આ દરવાજાનું તાળું ઉઘાડવું ઘણું કઠીન હતું, પરંતુ છેવટે તે પણ ખુલી ગયું. તેઓએ જોરથી દરવાજા હડસેલ્યો, જેથી ઝડપથી છટકી શકે, પરંતુ દરવાજો હડસેલતાં એટલો મોટો અવાજ થયો, કે જેથી રાક્ષસ જાગી ઉઠ્યો. કેદીઓને પકડવા તે ઝડપથી પાછળ દોડ્યો, પરંતુ ફેફરૂં આવવાથી તે લાચાર બની ગયો, અને તેઓની પાછળ પડી શક્યો નહિ.

તેઓ આગળ વધીને સહીસલામત રીતે રાજમાર્ગ ઉપર આવ્યા. બીજાઓને રાક્ષસના ભયંકર જોખમથી ચેતવવા તેઓએ ત્યાં એક ચેતવણીરૂપ પાટિયું લટકાવ્યું, જેથી આ રસ્તે આવનાર ચેતવણી વાંચીને બચી જાય.

## ભરવાડો સાથે મુકામ

આગળ વધીને તેઓ **મનોરંજક** પહાડ પાસે આવી પહોંચ્યા. તેઓ તે પહાડ ઉપર ચઢ્યા, અને બગીચા, ફળઝાડો અને પાણીના ફુવારા જોયા. ત્યાં તેઓ નાહ્યા, ફળ આરોગ્યાં, અને શીતળ પાણી પીધું.

આ પહાડ ઉપર ભરવાડો જોયા. જેઓ રસ્તાની બાજુએ ઘેટાં ચરાવતાં હતાં. તેઓને તેમણે પૂછ્યું, કે "આ **મનોરંજક** પહાડનો ધણી કોણ છે, અને આ ઘેટાં જે ચરે છે, તે કોનાં છે?"

**ભરવાડો :** આ પહાડો તો **ઈમાનુએલ**નો દેશ છે, અને આ ઘેટાં પણ તેમનાં જ છે.

**ખ્રિસ્તી :** શું આ રસ્તેથી સ્વર્ગમાં જવાય છે?

**ભરવાડો :** હા, તમે ખરા રસ્તા ઉપર છો.

મેં સ્વપ્નમાં જોયું, કે ભરવાડોએ યાત્રીઓને ઘણા પ્રશ્નો પૂછયા, અને તેઓના જવાબથી ઘણા ખુશ થયા, અને તેઓને પ્રેમથી આવકારતાં કહ્યું, "આ **મનોરંજક** પહાડ ઉપર ભલે પધારો."

આ ભરવાડોનાં નામ હતાં, - **જ્ઞાન, અનુભવી, સાવધાન** તથા **નિખાલસ.** તેઓ યાત્રીઓને પોતાની સાથે લઈ ગયા અને પોતાની પાસે જે ખોરાક હતો તે આપ્યો. તેઓએ તેમને વિનંતી કરી, કે તેઓની સાથે થોડું રોકાઇ જાય, જેથી તેઓનો વધુ પરિચય મેળવે, અને તેઓ આ પહાડનાં ઉત્તમ ફળો ખાઈને આનંદ મેળવે.

આ વિનંતીને કારણે યાત્રીઓ થોડા દિવસ ત્યાં રોકાઈ ગયા.

જ્યારે તેઓ મુસાફરી આગળ વધારવા તૈયાર થયા, ત્યારે ભરવાડોએ તેઓને દૂરબીનની મદદથી સ્વર્ગીય શહેરની ભાગોળ બતાવી. તેઓએ જે જગ્યા તરફ તેઓ જઈ રહ્યા હતા, તેનાં કેટલાંક મહિમાવંત દશ્યો જોયાં.

પછી એક ભરવાડે તેઓને આગળના રસ્તાના માર્ગદર્શન માટે એક નકશો આપ્યો. બીજા એક ભરવાડે ખુશામતિયાથી ચેતતા રહેવાની સલાહ આપી. ત્રીજાએ ચેતવણી આપતાં કહ્યું, કે "આગળ જતાં મંત્રેલી જગ્યા આવશે, ત્યાં સૂઈ જશો નહિ." ચોથાએ ઈશ્વરકૃપાની કુશળતા પ્રદર્શિત કરી.

હું ઊંઘમાંથી જાગી ગયો, અને ફરીથી સૂઈ ગયો, ત્યારે સ્વપ્નમાં યાત્રીઓને પહાડ ઉતરીને સ્વર્ગીય શહેર તરફ પ્રયાણ કરતા જોયા.

## નાદાન, ખુશામતિયા અને નાસ્તિક સાથે મેળાપ

તેઓને **નાદાન** નામના માણસની ભેટ થઈ યાત્રીઓના માર્ગમાં આવતા એક વાંકાચૂંકા રસ્તા ઉપરથી તે આવતો હતો.

**ખ્રિસ્તી :** તમે ક્યાંથી આવો છો ? અને ક્યાં જઈ રહ્યા છો ?

**નાદાન :** હું **ઘમંડ** નામ શહેરમાં જન્મ્યો છું, અને સ્વર્ગીય શહેર તરફ જઈ રહ્યો છું.

**ખ્રિસ્તી :** જો તમને સ્વર્ગના દરવાજે કોઈ મુશ્કેલી પડે, તો દરવાજામાં થઈને પ્રવેશ કેમ મેળવશો ?

**નાદાન :** હું બીજાઓની માફક વર્તીશ.

**ખ્રિસ્તી :** દરવાજામાંથી અંદર દાખલ થવા માટેના પ્રવેશ પાસ તમારી પાસે છે ?

**નાદાન :** મારા પ્રભુની ઈચ્છા હું જાણું છું. મારી ચાલચલગત પણ સારી છે. મેં કોઈનું દેવું રાખ્યું નથી. હું ઉપવાસ કરું છું. નિત્ય પ્રાર્થના કરૂં છું, અને નિયમિત દાન પણ આપું છું. મેં સ્વર્ગીય શહેરમાં જવા માટે મારું વતન છોડ્યું છે.

**ખ્રિસ્તી :** તમે મુસાફરીના શરૂઆતમાં સાંકડા માર્ગથી દાખલ થયા નથી. તમે વાંકાચૂંકા રસ્તેથી દાખલ થયા. તમે તમારી જાત સંબંધી ગમે તેવા અભિપ્રાય ધરાવતા હોય, પરંતુ મને બીક છે, કે તમે સ્વર્ગીય શહેરમાં પ્રવેશ પામી શકશો નહિ.

**નાદાન :** સાહેબો, તમે તમારા દેશનો ધર્મ પાળો, અને હું મારા દેશનો પાળીશ. મને લાગે છે, કે સહુ સારાં વાનાં થશે. જે દરવાજા સંબંધી તમે વાત કરો છો, તે અમારા દેશથી ઘણો દૂર છે. તે બધા લોકો જાણે છે. હું નથી ધારતો, કે કોઈને ત્યાં પહોંચવાના માર્ગની જાણ હોય. પરંતુ તેની ચિંતા નથી. તમે જોઈ શકો છો, કે અમારા દેશથી અહીં આવવા માટે એક સુંદર હરિયાળો રસ્તો નીકળે છે, જે અહીં મળે છે.

જ્યારે **ખ્રિસ્તીએ** જોયું, કે આ ઘમંડી માણસ પોતાને જ ડાહ્યો સમજે છે, ત્યારે તેણે **આશાવાનના** કાનમાં કહ્યું, "એના કરતાં કોઇ મૂર્ખ વિષે વધારે આશા રાખી શકાય." (નીતિ. ૨૬ : ૧૨) આપણે તેની સાથે વાત ચાલુ રાખીએ, કે પછી તેણે આપણી પાસેથી જે સાંભળ્યું છે, તે સંબંધી વિચાર કરવા સમય આપીએ, અને પછી પાછળથી જોઈશુ ?

તેઓ આગળ વધ્યા, અને **નાદાન** તેમની પાછળ ચાલ્યો, આગળ જતાં એક ફંટાતા રસ્તા પાસે આવ્યા. હવે આ બેમાંથી ક્યો રસ્તો ગ્રહણ કરવો, તે તેમને સમજાયું નહિ, કારણ કે બન્ને રસ્તા

સીધા હતા. એટલામાં સફેદ વસ્ત્ર પરિધાન કરેલ એક માણસ તેઓની પાસે આવ્યો. તેણે તેઓને પૂછ્યું, કે "તેઓ સ્વર્ગીય શહેર તરફ જઇ રહ્યા છે પરંતુ હવે આ બેમાંથી ક્યા માર્ગે જવું, તે સંબંધી તેઓ વિચારમાં પડ્યા છે." તે માણસે તેઓને કહ્યું, કે "મારી પાછળ આવો કારણ કે હું પણ ત્યાંજ જઇ રહ્યો છું."

## ખુશામતિયાની મુલાકાત

તેઓ તેની પાછળ ચાલ્યા, પરંતુ ધીમે ધીમે તેમનો રસ્તો સ્વર્ગીય શહેરથી દૂર અને દૂર જતો લાગ્યો. આમ છતાં તેઓએ ચાલવાનું ચાલુ રાખ્યું. એ માણસ શું કરી રહ્યો છે, તેની જાણ થાય, તે પહેલાં તેઓ એક જાળમાં સપડાઇ ગયા, અને મહા પ્રયત્ને પણ બહાર નીકળી શક્યા નહિ. તેમણે જોયું, કે તે માણસનો સફેદ ઝભ્ભો તેની પીઠ ઉપરથી સરી પડ્યો હતો.

**ખ્રિસ્તી :** હવે હું જોઈ શકું છું, કે મેં ભૂલ કરી છે. ભરવાડોએ આપણને **ખુશામતિયાથી** ચેતીને ચાલવાનું કહ્યું હતું. એ ડાહ્યા માણસોનું કહેવું સાચું પડ્યું છે, કે "જે માણસ પોતાના પડોશીની ખુશામત કરે છે, તે તેનાં પગલાંને વાસ્તે જાળ પાથરે છે." (નીતિ. ૨૯ : ૫)

**આશાવાન :** ભરવાડોએ રસ્તાના માર્ગદર્શન માટે નકશો પણ આપ્યો હતો, પરંતુ તે જોવાનું આપણે તદ્દન ભૂલી ગયા.

આ રીતે તેઓ જાળમાં ફસાઈને વિલાપ કરતા રહ્યા. એટલામાં તેઓએ એક તેજસ્વી પુરુષને હાથમાં ચાબુક લઈને પોતાની તરફ આવતા જોયો. તેણે તઓને પૂછ્યું, કે તેઓ કોણ હતા, અને ત્યાં શું કરતા હતા? તેઓએ જવાબ આપ્યો, કે એક સફેદ ઝભ્ભો પહેરેલા માણસે તેમને ગેરરસ્તે દોર્યો. આ પુરુષે જવાબ આપ્યો, કે એ તો **ખુશામતિયો** અને જૂઠો પ્રબોધક હતો, જેણે પ્રકાશના દૂતનો સ્વાંગ સજ્યો હતો. (૨જો કોરિંથી. ૧૧ : ૧૩)

તેણે જાળ તાડીને તેમને બહાર કાઢ્યા. પછી જે જગ્યાએથી **ખુશામતિયાએ** તેઓને રસ્તો ભૂલાવ્યો હતો, ત્યાં દોરી ગયો, અને પૂછ્યું, કે તેઓએ રાતવાસો ક્યાં કર્યો હતો ? તેઓએ જવાબ આપ્યો, કે "**મનોરંજન** પહાડ ઉપર ભરવાડો સાથે." તેણેએ પૂછ્યું, કે "ભરવાડોએ આપેલ નકશામાં કેમ જોયું નહિ ?" તેઓએ જવાબ આપ્યો કે, "તેમ કરવાનું ભૂલી ગયા હતા." પછી તેણે એ પૂછ્યું, કે "શું ભરવાડોએ તમને ખુશામતિયાથી ચેતીને ચાલવાનું જણાવ્યું નહોતું ? તેઓએ કહ્યું, "હા જરૂર જણાવ્યું હતું, પરંતુ એ મીઠી જબાનવાળો માણશ **ખુશામતિયો** હશે, તેની ખબર ન પડી." (રૂમી. ૧૬ : ૧૭-૧૮)

પછી મેં સ્વપ્નમાં જોયું, કે તેણે તેઓને નીચે સુવાડ્યા, અને સાચા માર્ગે ચાલે તે શીખવવા તેઓને ચાબુકથી ફટકાર્યો. શિક્ષા કરતાં તે બોલ્યો, "હું જેટલા ઉપર પ્રેમ રાખું છું, તે સર્વને ઠપકો આપું છું, તથા શિક્ષા કરું છું." (પ્રક્ટી. ૩ : ૧૯)

પછી તેણે તેઓને આગળ મુસાફરી કરવા અને ભરવાડોએ આપેલાં બીજાં સૂચનો પણ યાદ રાખવા જણાવ્યું. તેઓએ તેણે બતાવેલ દયા માટે આભાર માન્યો, અને ખરા માર્ગે ગાતાં ગાતાં આગળ વધ્યા.

## નાસ્તિક

થોડી વાર પછી તેઓએ કોઈને તેઓને મળવા આવતો જોયો. તેણે તેઓને પૂછ્યું, કે તેઓ ક્યાં જઈ રહ્યા છે ? તેઓએ કહ્યું, કે તેઓ **સિયોન** પહાડ તરફ જઈ રહ્યા છે. આ સાંભળીને **નાસ્તિક** ખડખડાટ હસતાં બોલ્યો, "તમે કેવા નાદાન છો, કે આવી કપરી યાત્રા હાથ ધરી છે ? છતાં અંતમાં કંઈજ મળવાનું નથી. તમે કલ્પો છો, એવી જગ્યા એ લોકમાં ક્યાંયે નથી."



જાળમાંથી મુક્તિ

**ખ્રિસ્તી :** હા, પરંતુ પરલોકમાં તો તે જરૂર છે.

**નાસ્તિક :** જ્યારે હું મારા દેશમાં હતો, ત્યારે તમે જે કહો છો, તેવું મેં સાંભળ્યું હતું, અને તેની તપાસમાં હું નીકળ્યો. છેલ્લાં વીસ વર્ષથી હું તે શોધી રહ્યો છું, પરંતુ તે દિવસથી આજ પર્યંત મને તેનો પત્તો લાગ્યો નથી.

**ખ્રિસ્તી :** અમે બન્ને જણે સાંભળ્યું છે, અને વિશ્વાસ કરીએ છીએ, કે એવી જગ્યા અમને જરૂર મળશે.

**નાસ્તિક :** મેં પણ મારા ઘેર આ સંબંધમાં વિશ્વાસ ન કર્યો હોત, તો તેની તપાસમાં આટલે દૂર આવ્યો ન હોત. હું તો તમારા કરતાં પણ આગળ ગયો હતો, અને તે ન મળવાથી પાછો જઈ રહ્યો છું.

**ખ્રિસ્તી :** (આશાવાનને સંબોધીને) શું આ વાત ખરી હશે ?

**આશાવાન :** ખબરદાર ! એ પણ ખુશામતિયો હશે. સિયોન પહાડ નથી શું ? મનોરંજન પહાડ ઉપરથી સ્વર્ગીય શહેરની ભાગોળ શું આપણે જોઈ ન હતી ? અને બીજું કે આપણે વિશ્વાસથી આગળ વધવાનું નથી ? ચાલો, આગળ વધીએ, રખેને ચાબુક વાળો પાછો આવી ચઢે.

**ખ્રિસ્તી :** મારા ભાઈ, આપણા વિશ્વાસ ઉપર સંદેહ આણીને એ પ્રશ્ન મેં પૂછ્યો ન હતો. પરંતુ તમારા વિશ્વાસની કસોટી કરતો હતો. આ માણસ સંબંધી તો આટલું કહી શકાય, કે જગતના દેવે તેની આંખો આંધળી કરી નાખી છે. આપણને સત્ય ઉપર વિશ્વાસ છે. એમ જાણીને આગળ જઈએ.

તેઓ તેને છોડીને આગળ વધ્યા, અને **નાસ્તિક** હસતો હસતો પાછો વળ્યો.

## મંત્રેલી જગ્યાની મુસાફરી

પછી મેં સ્વપ્નમાં જોયું, કે તેઓ આગળ ચાલીને એક પ્રદેશમાં

આવી પહોંચ્યા. ત્યાંની હવા એવી હતી, કે યાત્રીઓને ઝોકાં આવવા લાગ્યાં. **આશાવાનની** આંખો ઘણી ભારે થઈ ગઈ, અને તેને સૂવાની ઇચ્છા થઈ.

**આશાવાન :** મારી આંખો એટલી ભારે થઇ ગઇ છે, કે ભાગ્યે જ ખુલ્લી રાખી શકું. ચાલો, આપણે થોડી વાર એક ઝોકું મારી લઈએ.

**ખ્રિસ્તી :** ના, અહીં સૂવું જ નથી, કારણ કે જો ઊંઘી જઈએ તો ફરી જાગી શકીશું નહિ.

**આશાવાન :** ભાઇ, મહેનત કરનારને તો ઊંઘ મીઠી લાગે. આપણને થોડી ઊંઘ લેવાથી જરૂર તાજગી મળશે.

**ખ્રિસ્તી :** ભરવાડોએ **મંત્રેલી જમીન** વિષે આપેલી ચેતવણી તમને યાદ નથી શું? આપણે ઊંઘવું નથી જ. "એ માટે બીજાઓની માફક આપણે ઊંઘીએ નહિ, પણ જાગીએ અને સાવધ રહીએ." (૧ લો થેસ્સા. ૧ : ૬)

**આશાવાન :** મારી ભૂલ હું કબૂલ કરૂં છું. જો હું એકલો હોત, તો જરૂર ઊંઘી ગયો હોત, અને પરિણામે મોતને ભેટ્યો હોત.

**ખ્રિસ્તી :** આપણને ઊંઘનાં ઝોકાં ન આવે, માટે કોઈ સારી વાત કરતાં રહીએ. મને કહેશો કે તમે જે હમણાં કરી રહ્યા છો, તે કરવાનો વિચાર તમારા મનમાં પ્રથમ શી રીતે આવ્યો?

## આશાવાનની કથની

**આશાવાન :** લાંબા સમય સુધી હું જગતનાં વાનાંઓનો ઉપયોગ કરતો રહ્યો. પછી મેં તમારી અને વહાલા **વિશ્વાસભાઇ** પાસેથી ઉપદેશ સાંભળ્યો, કે તેવાં કામોનું પરિણામ મોત છે. (રૂમી. ૬ : ૨૧-૨૩) "કેમ કે એવાં કામોને લીધે દેવનો કોપ આજ્ઞાભંગ કરનારા પર આવે છે." (એફેસી. ૫ :૬)

જ્યારે મેં આખરી ન્યાય વિષે વિચાર કર્યો, ત્યારે મારાં પાપ મારી સામે તરી આવ્યાં.

**ખ્રિસ્તી :** પછી તમે શું કર્યું ?

**આશાવાન :** મને લાગ્યું, કે મારે મારી ચાલ સુધારવી જોઇએ. નહિ તો હું નર્કમાં જઈશ. હું મારાં પાપથી અને પાપી મિત્રોથી દૂર ગયો. પછી હું ધાર્મિક કાર્યો કરવા લાગ્યો, અને મારો સમય શાસ્ત્ર વચનમાં, પ્રાર્થનામાં અને પાપ માટે રૂદન કરવામાં ગાળ્યો. મેં બીજી ઘણી બાબતો કરી, જેનો અત્યારે ઉલ્લેખ કરતો નથી. પરંતુ ત્યાર બાદ મેં નીચેનાં વચનો સાંભળ્યાં. :-

"અમારાં સર્વ પુણ્ય કર્મ મેલાં લૂગડાંના જેવા છે." (યશાયા ૬૪ :૬)

"કેમ કે નિયમની કરણીઓથી કોઈ પણ માણસ ન્યાયી ઠરશે નહિ." (ગલાતી ૨ :૧૬).

"સર્વ આજ્ઞાઓ પાળ્યા પછી તમારે પણ એમ કહેવું, કે અમે નકામા ચાકરો છીએ." (લુક ૧૭ : ૧૦)

પછી હું વિચારવા લાગ્યો, કે જો આપણાં બધાં પુણ્યો મેલાં લૂગડાં જેવાં હોય, અને નિયમ પાળવાથી ન્યાયી ઠરી શકતા નથી, અને આ બધું કર્યા પછી પણ જો નિષ્ફળ ચાકરો છીએ, તો પછી નિયમ પાળવાથી સ્વર્ગમાં જવાશે, એમ ધારવું મોટી ભૂલ છે. મને વિચાર આવ્યો, કે કોઈ માણસને કોઈ દુકાનદારનું એક હજાર રૂપિયાનું દેવું હોય, અને પછી પોતાની બધી જ ખરીદી તે રોકડેથી કરે, તો પણ તેનું અસલ દેવું તો ઊભું જ રહે છે, એ જો તે ન ભરે, તો દુકાનદાર તેને કોર્ટમાં ઘસડશે.

**ખ્રિસ્તી :** વારૂ, આ વાત તમને કેવી રીતે લાગુ પડી ?

**આશાવાન :** મને ખાત્રી થઈ, કે, પાપોને લીધે હું ઈશ્વરનો મોટો દેવાદાર છું. જો હું હવે સુધરી જાઉં, તોપણ એ જૂનું દેવું પતશે નહિ. હું પાપની શિક્ષામાંથી કેવી રીતે છૂટકો પામી શકું ? એક બીજી બાબત પણ મને ડંખવા લાગી, કે મારાં સારાં કામોમાં પણ પાપે પ્રવેશ કર્યો છે. જો આગલી જિંદગી તદ્દન નિષ્પાપ ગુજારવામાં આવી હોત, તો પણ એક જ દિવસમાં મારાથી એટલાં બધાં પાપ થયાં છે, કે હું તેને લીધે નર્કમાં પડવા લાયક છું.

**ખ્રિસ્તી :** પછી તમે શું કર્યું ?

**આશાવાન :** શું કરવું તેની મને બિલકુલ ગમ ન પડી. પણ પછી જ્યારે મેં મારા મિત્ર વિશ્વાસને આ વાત જણાવી, ત્યારે તેણે કહ્યું, કે જો કોઈ નિષ્કલંક માણસનું ન્યાયીપણું મને મળે, તો જ મારું તારણ થાય.

**ખ્રિસ્તી :** આ પ્રકારની વ્યક્તિ મળી શકે, તેવું તમે ધાર્યું હતું ?

**આશાવાન :** હા. તેણે મને કહ્યું, કે પ્રભુ ઈસુ જે પરાત્પરની જમણી ગમ બેઠેલો છે, તે એ છે. (હેબ્રી. ૧૦ : ૧૨) મેં તેને પૂછયું, કે એક માણસનું ન્યાયીપણું બીજાના લાભમાં શી રીતે લેખાય, જેથી તે ઈશ્વરની આગળ ન્યાયી ઠરે ? તેણે જવાબ આપ્યો, કે તે સર્વશક્તિમાન ઈશ્વર છે, અને તેણે પોતાને સારુ નહિ, પણ બીજાને માટે પોતાનો જીવ આપ્યો. વધુમાં મને જણાવ્યું કે જો હું વિશ્વાસ કરીશ, તો ઈશ્વરનાં કૃત્યો તથા તે કૃત્યોનું પુણ્ય મારા હકમાં ગણાશે.

ખ્રિસ્તી : આ વાત સાંભળીને તમને કેવું લાગ્યું ?

**આશાવાન :** મને લાગ્યું, કે પ્રભુ ઈસુ કદાચ મારું તારણ કરવા રાજી ન હોય.

**ખ્રિસ્તી : વિશ્વાસભાઈએ** શું જવાબ આપ્યો ?

**આશાવાન :** તેમણે મને કહ્યું, કે "તમે તેની પાસે જઈને જુઓ." મેં જવાબ આપ્યો, કે "એકદમ તેમની પાસે પહોંચી જવું, તે યોગ્ય ન ગણાય." પરંતુ તેમણે જવાબ આપ્યો, કે "ના, એમ નહિ, કારણ કે તે તમને બોલાવે છે." (માત્થી ૧૫ : ૨૮) પછી મેં તેમને પૂછયું, કે "હું તેમની પાસે જાઉં, ત્યાર મારે શું કરવું ?" તેમણે જવાબ આપ્યો, કે મારે ખરા મનથી અને જીવથી ઈશ્વર પિતાની એવી પ્રાર્થના કરવી, કે તે પોતાનો પુત્ર તમને પ્રગટ કરે, મેં પૂછયું, કે "મારે તેમની પાસે જઈને શું કહેવું, તે સુઝતું નથી." તો તેમણે મને આવું કંઈક કહેવા સૂચવ્યું.

"હે ઈશ્વર, મુજ પાપી પર દયા કર. પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે જ્ઞાન આપીને તેમના પર મારો વિશ્વાસ બેસાડ, કેમકે મને ખાત્રી છે, કે જો તેમનું પુણ્ય મને ન મળે, તો મારો સંપૂર્ણ નાશ થવાનો છે. હે પ્રભુ, મેં સાંભળ્યું છે, કે તું દયાળુ છે. તારી અપાર કૃપાથી તેં દુનિયાનો તારનાર થવા સારુ તારા પુત્ર પ્રભુ ઈસુને ઠરાવ્યો છે. મારા જેવા અયોગ્ય પાપીને પણ તેની મારફતે અનંત જીવન બક્ષવા તું રાજી છે. હું ખરેખરો પાપી છું. હે પ્રભુ, તારા દીકરા ઈસુ ખ્રિસ્તની ખાતર મારા આત્માનું તારણ કરીને તારી કૃપા પ્રગટ કર."

**ખ્રિસ્તી :** તમને કહેવામાં આવ્યું, તે પ્રમાણે તમે કર્યું ?

**આશાવાન :** હા, એક વાર નહિ, અનેક વાર.

**ખ્રિસ્તી :** ઈશ્વર પિતાએ પોતાના પુત્ર વિષેનું જ્ઞાન તમને પમાડ્યું ?

**આશાવાન :** દૈહિક ચક્ષુઓથી નહિ, પરંતુ જ્ઞાનચક્ષુઓથી મેં તેને જોયો. એક દિવસ મારાં અગણિત પાપ મારી સમક્ષ ખડાં થયાં, અને મને લાગ્યું, કે મારે નર્કની શિક્ષા જરૂર ભોગવવી પડશે. પરંતુ એકાએક મને લાગ્યું, કે જાણે પ્રભુ ઈસ ખ્રિસ્ત

પોતે સ્વર્ગમાંથી મારી તરફ જોતા હોય, ને બોલતા હોય, કે "પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરો, ને તમારૂં તારણ થશે." (પ્રે. કૃ. ૧૬ : ૩૧) મેં આંસુ સહિત તેમને પૂછયું, "પ્રભુ, મારા જેવા નરાધમ પાપી માટે તમારા તરફથી સ્વીકારની અને બચાવની કોઈ આશા છે ?" ત્યારે મેં ફરીથી તેમને બોલતાં સાંભળ્યા, "જે મારી પાસે આવે છે, તેને હું કાઢી નહિ જ મૂકીશ." (યોહાન ૬ :૩૭) "પાપીઓનું તારણ કરવા સારુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યો." (૧લો તીમોથી ૧ : ૧૫) "ખ્રિસ્ત તો હરેક વિશ્વાસ રાખનારને સારુ ન્યાયીપણાને અર્થે નિયમની સંપૂર્ણતા છે." (રૂમી. ૧૦ : ૪) "આપણા અપરાધોને લીધે તે મરણ પામ્યો, અને આપણા ન્યાયીકરણને લીધે તે પાછો ઉઠાડાયો." (રૂમી. ૪ : ૨૫)

પછી મારા આનંદનો પાર રહ્યો નહિ. મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. મારા હૃદયમાં પ્રભુ ઈસુ માટે પ્રેમ ઉભરાઈ આવ્યો, અને પ્રભુ ઈસુના નામને માન અને મહિમા મળે, તે માટે કંઈ કરી છૂટવાની તીવ્ર ઇચ્છા મારા મનમાં પ્રગટ થઈ.

## નાદાન પાછળ આવે છે.

પછી મેં સ્વપ્નમાં જોયું, કે **આશાવાને** પાછળ ફરીને જોયું, અને **નાદાનને** તેઓની પાછળ આવતો જોયો, તે આવી પહોંચે ત્યાં સુધી તેઓ તેને માટે થોભ્યા.

**ખ્રિસ્તી :** કેમ ભાઈ, તમારી શી ખબર છે ? ઈશ્વર પ્રત્યે તમારો ભાવ કેવો છે ?

**નાદાન :** મારા ધારવા પ્રમાણે બધું ઠીક છે, કારણ કે ચાલતાં ચાલતાં મારું મન હંમેશાં સારા વિચારોથી ભરપૂર હોય છે, જેથી મને દિલાસો મળે છે.

**ખ્રિસ્તી :** તમારા સારા વિચારો અમને જણાવશો ?

**નાદાન :** હું ઈશ્વર તથા સ્વર્ગ સંબંધી વિચારો કરું છું.

**ખ્રિસ્તી :** એ સારી વાત છે, પરંતુ આવા વિચારો તો શેતાનના અને નર્કમાંના લોકોને પણ આવે છે.

**નાદાન :** હા, પરંતુ હું ફક્ત વિચારતો નથી, પણ તેની આશા પણ રાખું છું.

**ખ્રિસ્તી :** ઘણા લોકો જેઓ સ્વર્ગમાં જવા પામનાર નથી, તેઓ પણ એમ કહે છે. (નીતિ ૧૩ : ૪)

**નાદાન :** પરંતુ હું તે સંબંધી વિચાર કરું છું, ને તે પામવા સારું મેં મારા સર્વસ્વનો ત્યાગ પણ કર્યો છે.

**ખ્રિસ્તી :** તમે કહો છો, તે વિષે મને સંદેહ છે. કારણ કે ત્યાગ કરવો, તે ઘણા ધારે છે તે કરતાં ઘણું મુશ્કેલ છે. મને કહેશો, કે ઈશ્વર તથા સ્વર્ગના માટે તમે સર્વસ્વનો ત્યાગ શા માટે કર્યો છે ?

**નાદાન :** મારું હૃદય તેની એવી ખાત્રી આપે છે.

**ખ્રિસ્તી :** જ્ઞાન કહે છે કે, "જે માણસ પોતાના હૃદય પર ભરોસો રાખે છે, તે મૂર્ખ છે." (નીતિ ૨૮ : ૨૬)

**નાદાન :** આ વાત તો ભૂંડા હૃદય માટે કહેવામાં આવી છે, જ્યારે મારું હૃદય તો સારું છે.

**ખ્રિસ્તી :** જો ઈશ્વરનું વચન એ બાબતમાં સાક્ષી ન પૂરે, તો બીજી સાક્ષી કોઈ કામની નથી. આપણા હૃદય વિષે ઈશ્વરનાં વચનો કહે છે, કે "કોઈ ન્યાયી નથી, સત્કર્મ કરનાર કોઈ નથી." (રૂમી. ૩ : ૧૦-૧૨) વળી બીજી જગ્યાએ એમ પણ કહેવામાં આવ્યું છે, કે "માણસના હૃદયની હરેક કલ્પના નિરંતર ભૂંડી છે." (ઉત્પત્તિ ૬ : ૫) વળી એમ પણ કહે છે, કે "માણસના મનની કલ્પના તેના બાળપણથી ભૂંડી છે." (ઉત્પત્તિ ૮ : ૨૧)

**નાદાન :** હું કદી માનનાર નથી, કે મારું હૃદય આટલું ભૂંડું હોય !

**ખ્રિસ્તી :** ઈશ્વરનાં વચનો આપણી તમામ વર્તણૂકને પણ નરસી ઠરાવે છે. તે કહે છે, કે માણસના માર્ગ વાંકા હોય છે. તેઓ સારા હોતા નથી. (ગીત. ૧૨૫ : ૫) આપણા જીવન વિષે આપણા કરતાં ઈશ્વર વધારે જાણે છે. આપણા જીવનમાં જ્યારે આપણે પાપ દેખાતું નથી, ત્યારે ઈશ્વર પાપ જોઈ શકે છે. આપણે જ્યારે જાણીએ છીએ, કે આપણું ન્યાયીપણું મેલાં ચીંથરાં સમાન છે, ત્યારે આપણે જાણવું જોઈએ, કે આપણાં શ્રેષ્ઠ ન્યાયી કૃત્યો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને પણ પવિત્ર ઈશ્વર આગળ ટકી શકતા નથી.

**નાદાન :** શું તમે એમ માનો છો, કે હું એવો મૂર્ખ છું, જે એમ માંને છે, કે ઈશ્વર મારા કરતાં વિશેષ જાણી શકતો નથી ? વળી, શું તમે એમ માનો છો, કે હું મારાં સારાં કૃત્યો પર આધાર રાખીને પ્રભુની આગળ જઈશ ? હું જાણું છું, કે મારે પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરવો જોઈએ.

**ખ્રિસ્તી :** પ્રભુ ઈસુની તમને જરૂર નથી, એમ તમને લાગે છે, તો પછી પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરવો જોઈએ, એવું તમે કેવી રીતે માની શકો ?

**નાદાન :** પ્રભુ ઈસુએ પાપીઓને માટે બલિદાન આપ્યું, તે હું માનું છું. હું આ પણ માનું છું, કે ઈશ્વરના નિયમોને આધીન થઈ રહ્યો છું, માટે હું તેના દંડમાંથી છુટકારો પામીશ. પ્રભુ ઈસુ પોતાના સત્કર્મોને પ્રતાપે મારાં ધાર્મિક કૃત્યો ઈશ્વર સમક્ષ કબૂલ કરાવશે, અને આથી હું ન્યાયી ઠરીશ.

**ખ્રિસ્તી :** તમે વર્ણવો છો, એ પ્રકારનો વિશ્વાસ શાસ્ત્રમાં દર્શાવ્યો નથી. આ તો ખોટો વિશ્વાસ છે. પ્રભુ ઈસુના પુણ્યથી નહિ, પરંતુ તમારા પોતાના પુણ્યથી તમે નિરપરાધી ઠરશો, એવું તમારું કહેવું છે. આવો વિશ્વાસ તમને ગેરરસ્તે દોરી જાય છે, અને આથી તમે ઈશ્વરી કોપથી બચી જશો નહિ. ખરો વિશ્વાસ તો ખોવાયેલા આત્માને આશરો પામવા પ્રભુ ઈસુની કૃપામાં ખેંચી જાય છે, અને ખ્રિસ્તની કૃપાની મધ્યસ્થીને કારણે જ ઈશ્વર તેનો સ્વીકાર કરીને ન્યાયકાળના દંડમાંથી મુક્તિ બક્ષે છે.

**નાદાન :** અરે ભાઈ ! આ તમે શું કહી રહ્યા છો ? ખ્રિસ્તે આપણા વિના જે કર્યું, તે ઉપર આપણે ભરોસો રાખવો ? જો એમ હોય, તો આપણને આપણી સર્વ દુષ્ટ ઇચ્છાઓની છૂટ મળી, એમ ગણાય. જો ફક્ત પ્રભુ ઈસુની કૃપાને પુણ્ય ઉપર ભરોસો રાખવાથી ન્યાયી ઠરી શકતા હોઈએ, તો પછી ગમે તેવી રીતે જીવન જીવીએ, તેમાં શું વાંધો ?

**ખ્રિસ્તી :** તમારું નામ **નાદાન** છે, એ નામ પ્રમાણે જ જીવો છો. પ્રભુ ઈસુની કૃપા માણસના હૃદયમાં કેવો ફેરફાર કરી શકે છે, એવા વિશ્વાસથી પણ તમે અજાણ છો. ખરો વિશ્વાસ કરનારનું હૃદય ખ્રિસ્તમાં, ઈશ્વરને એવું આધીન થઈ જાય છે, કે તેના નામ પર,તેની વાત પર, તેના સર્વ માર્ગ પર તથા તેના સર્વે લોકો માટે તેને અનહદ પ્રેમ ઉત્પન્ન થાય છે. તમે અજ્ઞાનતામાં રહીને કલ્પો છો તેવું એ નથી.

**આશાવાન :** (ખ્રિસ્તીને સંબોધીને) તેને પૂછી જુઓ, કે તેની કદી ખ્રિસ્તનું દર્શન થયું છે ? પ્રભુ ઈસુ તો ઈશ્વરમાં તેવા ગુપ્ત રહેલા છે, કે જયાં સુધી ઈશ્વર બાપ તેને પ્રગટ ન કરે, ત્યાં સુધી કોઇ પણ માણસ તેને સમજી શકતો નથી.

**નાદાન :** આ તો તમારું માનવું છે, એ મારી માન્યતા નથી. મારો વિશ્વાસ તમારા કરતાં ઉતરતો છે, એવું હું માનતો નથી.

**ખ્રિસ્તી :** ભલા ભાઈ, મને કહેવા દો, કે વિશ્વાસનાં કૃત્યો સંબંધી તમે અજ્ઞાત છો. જાગૃત થાઓ. તમારી કંગાલ સ્થિતિ સંબંધી વિચારો, અને પ્રભુ ઈસુ પાસે દોડી જાઓ, તેના સત્કર્મથી જ તમને દંડમાંથી છુટકારો મળશે.

**નાદાન :** તમે બહુ ઉતાવળે ચાલો છો, અને હું તમારી સાથે ચાલી શકતો નથી. તમે આગળ વધો, હું પાછળ ચાલીશ.

પછી મેં સ્વપ્નમાં જોયું, કે તેઓ બંને આગળ વધ્યા, અને **નાદાન** તેમની પાછળ ધીમે ધીમે ચાલ્યો.

## યાત્રીઓનો બેઉલાહ દેશ અને મોતની ખીણમાં પ્રવેશ

જ્યારે તેઓએ **મંત્રેલી** જમીન ઓળંગી, ત્યારે તેઓએ **બેઉલાહ** દેશમાં પ્રવેશ કર્યો. જે રસ્તે તેઓ ચાલતા હતા, તે સીધો આ દેશની મધ્યમાંથી પસાર થતો હતો. તેઓ ઘણા ખુશ હતા. હવા ખુશનુમા હતી, અને પક્ષીઓનો કલરવ તથા સુગંધીત પુષ્પો ખીલેલાં હતાં. તમામ પ્રકારના ખોરાકની કોઈ કમી ન હતી.

આ પ્રદેશમાં સૂર્યનો પ્રકાશ રાતદિવસ રહેતો હતો. **આશાભંગ** દૈત્ય ત્યાં આવી શકે તેમ ન હતું. અહીંથી તેઓ જે શહેર તરફ જતા હતા, તેનું સ્પષ્ટ દર્શન કરી શકતા હતા. તે શહેર મૂલ્યવાન મોતી તથા પાષાણોથી બાંધેલું હતું, ને તેના રસ્તા સોનાના હતા.

મેં જોયું કે, રસ્તામાં તેઓને સોનાના જેવા ચળકતા લૂગડાં પહેરેલા બે માણસો મળ્યા. તેઓના ચહેરા પણ પ્રકાશિત હતા. આ

માણસોએ યાત્રીઓને પ્રશ્નો પૂછ્યા, ને જણાવ્યું, કે હવે તેઓની આગળ ફક્ત બે જ ભારે અડચણો બાકી રહેતી હતી, અને ત્યાર બાદ તેઓ સ્વર્ગીય શહેરમાં સુખરૂપ પહોંચી શકશે.

**ખ્રિસ્તી** અને **આશાવાને** આ બે માણસોને તેઓની સાથે આવવાની વિનંતી કરી. તેઓએ કહ્યું, કે તેઓને સાથ આપવામાં કશો વાંધો નથી. પરંતુ આ હરકતો તેઓએ તેમના પોતાના વિશ્વાસથી જ પાર કરવી પડશે.

પછી મેં જોયું, કે શહેરના દરવાજા અને તેઓની વચ્ચે એક નદી હતી. આ નદી ઘણી ઊંડી હતી, અને તે ઓળંગવા કોઈ પૂલ બાંધેલો ન હતો. યાત્રીઓએ નદી તરફ નજર કરી, પરંતુ શું કરવું, તેની સમજ ન પડી. તેઓની સાથેના માણસોએ કહ્યું, "તમારે આ નદી ઓળંગવી જ પડશે, નહિ તો તમે શહેરના પ્રવેશદ્વારે પહોંચી શકશો નહિ."

હવે **આશાવાન** કરતાં **ખ્રિસ્તી** વધારે ભયભીત દેખાયો. તેઓએ આમતેમ નજર કરી, પરંતુ નદી પાર જવાનો કોઈ રસ્તો તેઓને દેખાયો નહિ. પછી તેઓએ પેલા બે માણસોને પૂછ્યું, કે "નદી બધે સરખી ઉંડી છે ? તેઓને જવાબ મળ્યો, કે "તે દેશના રાજા ઉપર જેટલો તેમને વિશ્વાસ હશે, તેટલી નદી ઊંડી કે છીછરી માલૂમ પડશે."

## નદીમાં પ્રવેશ

તેઓ નદીમાં દાખલ થયા, પરંતુ **ખ્રિસ્તી** તરત જ ડૂબવા લાગ્યો. તે બૂમ પાડી ઉઠ્યો, કે "હું ઊંડા પાણીમાં ડૂબી રહ્યો છું. મોજાં મારા માથા ઉપર ફરી વળે છે." (ગીત. ૪૨ : ૭)

**આશાવાન :** ભાઈ, હિંમત રાખ, મારા પગ તળિયે પહોંચે છે, તે સારી વાત છે.

**ખ્રિસ્તી :** મિત્ર મોતનાં બંધનોએ મને ઘેરી લીધો છે. મને બીક છે, કે દૂધ મધની રેલછેલવાળો દેશ હું જોઈ શકીશ નહિ.

એટલામાં **ખ્રિસ્તીની** આસપાસ ઘોર અંધકાર અને ભય ફરી વળ્યાં. તેને કંઈ સૂઝતું ન હતું. તે બેહોશ જેવો બની ગયો, અને તેના બોલવા ઉપરથી લાગ્યું, કે તેના મનમાં બહુ ભય વ્યાપી ગયો છે. તેને લાગ્યું, કે તે નદીમાં જ ડૂબી જશે, અને સ્વર્ગીય શહેરના દરવાજે પહોંચી શકશે નહિ. હવે તેને તેના પાપનો બોજ યાદ આવ્યો, અને મનમાં ગભરાટ અનુભવ્યો.

**આશાવાનને** પોતાના ભાઈને ડૂબતો બચાવવા ઘણી મુશ્કેલી પડી. તે તેને દિલાસો અને હિંમત આપતાં કહેવા લાગ્યો, "હે ભલા ભાઈ, હું સ્વર્ગીય દરવાજો જોઈ શકું છું, અને આપણને આવકારવા ઊભેલા માણસોને પણ જોઈ શકું છું."

**ખ્રિસ્તી :** ના, એ તો તમને જ આવકારવા ઊભા છે, કારણ કે હું તમને ઓળખતો થયો, ત્યારથી જ તમે આસ્થાવાન માલૂમ પડ્યા છો.

**આશાવાન :** અને તમે પણ તેટલા જ વિશ્વાસુ છો.

**ખ્રિસ્તી :** પ્રિય ભાઈ, જો હું યોગ્ય માલૂમ પડ્યો હોત, તો તે જરૂર મારી મદદે આવત, પરંતુ મારા પાપને કારણે તેણે મને આ આપદમાં પડતો મૂક્યો છે.

**આશાવાન :** અત્યારે આ નદીમાં તમે જે મુશ્કેલીઓ અનુભવી રહ્યા છો, તેનો અર્થ એ નથી, કે ઈશ્વરે તમને પડતા મૂક્યા છે. જે કૃપાનો અનુભવ તમે અત્યાર સુધી કર્યો છે, તે તમે યાદ રાખો, એટલા માટે અત્યારે તમારા વિશ્વાસની કસોટી થઈ રહી છે. આ ઉપરાંત તે તમને શીખવવા ચાહે છે, કે તમામ સંકટોમાં તમે તેના ઉપર જ ભરોસો રાખો. "હિંમત રાખો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમને સાજા કરે છે."

ત્યારે **ખ્રિસ્તી** મોટા અવાજે બોલી ઉઠ્યો, કે "હું તેને ફરીથી જોઈ શકું છું. હું તેને એમ બોલતાં સાંભળું છું કે, "તું પાણીમાં થઈને જઈશ, ત્યારે તેઓ તેને ડૂબાડી શકશે નહિ." (યશાયા ૪૩ : ૨) ત્યારે તેઓ બન્ને હિંમતવાન થયા. થોડીવારમાં **ખ્રિસ્તી**ના પગ નદીને તળિયે અડક્યા, અને પાણી છીછરૂં માલૂમ પડ્યું, આમ તેઓ સામે કિનારે પહોંચ્યા, અને દુશ્મન તેમને કોઈ હરકત પહોંચાડી શક્યો નહિ.

નદીના કિનારે ફરીથી તેઓએ બે ચળકતા પોશાકવાળા માણસો જોયા. તેઓ તેમની રાહ જોતા હતા. તેઓએ તેમને આવકારતાં કહ્યું, "અમે સેવા કરનાર દૂતો છીએ, અને તારણનો વારસો પામનારની સેવા કરવા સારુ મોકલાયા છીએ." (હેબ્રી. ૧ : ૧૪)

## સ્વર્ગીય શહેરમાં પ્રવેશ

આ **સ્વર્ગીય શહેર** ઊંચા ડુંગર ઉપર આવેલું છે, પરંતુ ઊંચાણ ચઢતાં યાત્રીઓને કોઈ મુશ્કેલી પડી નહિ, કારણ કે બે દૂતો તેમને હાથ પકડીને દોરતા હતા. તેઓએ જોયું, કે તેઓનો જૂનો પોશાક નદીમાં પડી ગયો હતો. જો કે તેઓ જૂના પોશાક સાથે નદી ઓળંગવા પ્રવેશ્યા હતા, પરંતુ બહાર નીકળતાં તે જૂનો પોશાક અંગ ઉપર ન હતો.

શહેર વાદળો કરતાં ઊંચું હતું, છતાં તેઓ સરળતા અને ગતિથી ઉપર ચઢી ગયા. નદી સહીસલામત ઓળંગી ગયાનો મોટો દિલાસો તેઓને મળ્યો. ઉપરાંત હવે તેમની સહાયમાં મહિમાવંત સાથીઓ હતા.

તેઓએ આ પ્રકાશિત દૂતોને તે સ્વર્ગીય શહેરના મહિમા વિષે પૂછ્યું. તેઓને કહેવામાં આવ્યું, કે તે જગ્યાનું સૌંદર્ય અવર્ણનીય છે, અને તેનો મહિમા પણ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ત્યાં

**સિયોન** પર્વત એટલે કે સ્વર્ગીય યરુશાલેમ છે. ત્યાં હજારોહજાર દૂતો તથા પરિપૂર્ણ થયેલા ન્યાયીઓના આત્મા છે. (હેબ્રી. ૧૨ : ૨૨-૨૩) ત્યાં પહોંચ્યા પછી તમે ઉજળાં વસ્ત્રો પહેરશો, ને ત્યાંના રાજાની સાથે સદાકાળ ફરશો, અને વાત કરશો. (પ્રક્ટી ૩ : ૪-૫, ૨૨ : ૫)

તમે પૃથ્વીમાં જે જોયું, એટલે કે શોક, મંદવાડ, દુ:ખ તથા મરણ ત્યાં ફરી જોશો નહિ, કારણ કે પહેલાંની વાતો જતી રહી છે. યાત્રીઓએ પૂછયું, "અમે તે પવિત્ર સ્થળે શું કરીશું ?" તેઓને કહેવામાં આવ્યું, કે "ત્યાં તેઓને તેમના તમામ શ્રમનો વિસામો મળશે. જે તમે વાવ્યું તે તમે લણશો, એટલે તમારી બધી પ્રાર્થનાઓ, આંસુઓ, તથા રાજાની સેવામાં (ગલાતી ૬ : ૭-૮) ત્યાં તેઓ સોનાનો મુગટ પહેરશે, અને હંમેશા પરમ પવિત્રનું દર્શન પામશે તે જેવો છે તેવો તમે તેને જોશો." (૧ લો યોહાન ૩ : ૨)

"ત્યાં તમે પણ તેની સેવા,સ્તુતિ, આનંદી પોકારો અને આભારસ્તુતિ હરહંમેશા કરશો. પૃથ્વી ઉપર જેની સેવા તમે કરવા ચાહતા હતા, પરંતુ દેહની અબળતાને કારણે મુશ્કેલી નડતી હતી, તે સેવા ગમે ત્યાં કરી શકશો. તમારા મિત્રોની ત્યાં ફરીથી સંગત મળશે. જ્યારે તે રણશિંગડાના નાદ સહિત વાદળમાં આવશે, ત્યારે તમે તેની સાથે આવશો. (૧ લો થેસ્સા. ૪ : ૧૬-૧૭) જયારે તે ન્યાયસન પર બિરાજશે, ત્યારે તમે તેની પાસે બેસશો, (યહુદા ૧૪ : ૧૫) (૧લો કોરંથી ૬ : ૨-૩) અને જયારે તે પાછો શહેરમાં ફરશે, ત્યારે તમે પણ સદાકાળ માટે સાથે રહેશો."

હવે સફેદ પ્રકાશિત પોશાકવાળા રાજાના રણશિંગડા વગાડનારાની ટોળી તેમને મળવા બહાર આવી. તેઓએ પ્રસન્ન ચહેરે ખ્રિસ્તી તથા આશાવાનનો મધુર સંગીતથી ભાવભીનો આવકાર કર્યો.

આ બે ભાઈઓને લાગ્યું, કે જાણે કે સ્વર્ગમાં પહોંચ્યા પહેલાં જ તેઓ ત્યાં પ્રવેશ કરી ચુક્યા છે. તેઓની ચારે તરફ મધુર સંગીત રેલાવતા દૂતો હતા. તેઓ શહેરને જોઈ શકતા હતા, અને તેમને આવકારવા થતો ઘંટારવ સાંભળી શકતા હતા. આ બધું જોવા અને જાણ્યા પછી આવી પવિત્ર સંગતમાં તેઓની સાથે સદાકાળ રહેવાના છે, તે જાણીને તેઓને ઘણો આનંદ થયો. તેઓના આનંદનું વર્ણન લખીને કે જીભથી થઈ શકે તેમ ન હતું. આમ તેઓ સ્વર્ગના દરવાજે આવી પહોંચ્યા.

દરવાજા ઉપર સોનેરી અક્ષરોએ લખેલું હતું, કે "તેની આજ્ઞા જેઓ માને છે, તેઓને ધન્ય છે. તેઓનો જીવનના ઝાડ ઉપર અધિકાર થાય, ને તેઓ દરવાજામાં થઈને નગરમાં પ્રવેશ કરે." (પ્રકટી. ૨૨ : ૧૪)

પછી સ્વપ્નમાં મેં જોયું, કે દૂતોએ કહ્યું હતું, તેમ તેઓએ હાંક મારી, અને જે પ્રમાણપત્રો તેઓને યાત્રાની શરૂઆતમાં મળ્યા હતા, તે તેઓને દેખાડ્યા. આ પત્રો રાજા સમક્ષ લઈ જવામાં આવ્યા. જ્યારે રાજાએ તે જોઈ લીધા, ત્યારે તેણે દરવાજો ઉઘાડવાનો હુકમ કર્યો.

પછી મેં જોયું, કે બન્ને જણ દરવાજામાંથી અંદર પ્રવેશ્યા, અને તરત જ તેઓનું રૂપાંતર થયું. તેઓને સોનેરી વસ્ત્રો, મુગટ અને સિતાર આપવામાં આવ્યાં. શહેરમાંના તમામ ઘંટ આનંદથી જયાનંદ કાઢવા લાગ્યા. મેં જોયું, કે યાત્રીઓ પણ આનંદથી મોટા સાદે ગીતો ગાતા હતા, કે "રાજ્યાસન પર જે બેઠેલો છે, તેને તથા હલવાનને સ્તુતિ, માન, મહિમા તથા બળ સદા સર્વકાળ સુધી થાઓ." (પ્રકટી. ૫ : ૧૩)

આ યાત્રીઓને પ્રવેશ આપવા જ્યારે સ્વર્ગનું દ્વાર ઉઘાડવામાં આવ્યું, ત્યારે મેં અંદર ડોકિયું કર્યું, તો માલૂમ પડ્યું, કે શહેર સૂર્ય

જેવું પ્રકાશિત હતું. તેના રસ્તા સોનાના હતા, અને તેની ઉપર ઘણા લોકો માથે મુગટ સાથે સ્તુતિ પોકારતાં ફરતાં હતાં, કે "પ્રભુ, પવિત્ર, પવિત્ર, પવિત્ર છે." પછી તેઓએ દ્વાર બંધ કર્યું.

## નાદાનની હાલત

જ્યારે હું આ બધી બાબતો વિષે વિચારતો હતો, ત્યારે મેં પાછળ જોયું, તો **નાદાનને** નદી સુધી આવી પહોંચેલો જોયો. તેને નદી ઓળંગતાં યાત્રીઓ નડેલી મુશ્કેલીઓની અડધી પણ ન નડી. એવું બન્યું, કે તે ઠેકાણે **વ્યર્થઆશા** નામનો હોડીવાળો આવ્યો તે તેને હોડીમાં બેસાડીને પાર લાવ્યો. **નાદાન** પણ બીજાઓની માફક પહાડ ચઢી ગયો, પરંતુ તે એકલો જ હતો. દરવાજાના રક્ષકે તેને પૂછ્યું, "તમે ક્યાંથી આવ્યા છો? અને શું જોઈએ છે?"

**નાદાને** ઉત્તર આપ્યો, "રાજાની સમક્ષ મેં ખાધું પીધું છે, અને તેણે અમારા રસ્તામાં બોધ કર્યો છે."

તેઓએ તેના પ્રમાણપત્ર માગ્યા, જેથી તેની રાજા સમક્ષ રજૂઆત કરે. **નાદાને** પોતાનાં ગજવાં ફંફોસ્યાં, પરંતુ કંઈ મળ્યું નહિ. તેઓએ બધી બાબતોની રાજા સમક્ષ રજૂઆત કરી, પરંતુ રાજા તેને મળવાને બહાર આવ્યા નહિ. તેમણે બે દૂતોને હુકમ કર્યો, કે "તેના હાથપગ બાંધીને લઈ જાઓ."

તેઓ તેને પકડીને પહાડની બાજુએ જે દરવાજો હતો, ત્યાં લઈ ગયા અને ત્યાં ફેંકી દીધો.

ત્યારે મેં જોયું કે જેવી રીતે નાશવંત નગરમાંથી નર્કમાં જવાનો રસ્તો છે, તે જ પ્રમાણે સ્વર્ગના દ્વાર પાસેથી જ નર્કમાં જવાનો રસ્તો છે.

એટલામાં હું જાગી ગયો, અને માલૂમ પડ્યું, કે મેં જે બધું જોયું, તે તો સ્વપ્ન હતું.

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦.૦૦ |
| ૨. | અયૂબ | ૬૦.૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૦૦.૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૬૫.૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦.૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫.૦૦ |
| ૭. | બારાબ્બાસ | ૩૦.૦૦ |
| ૮. | પ્રેરિતોના કૃત્યો | ૮૦.૦૦ |
| ૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમસેટ | ૧૫.૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૦.૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦.૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫.૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦.૦૦ |
| ૧૪. | અનેક માની આંસુભરી પ્રાર્થના પરિણામ | ૧૫.૦૦ |
| ૧૫. | યાત્રાકારી ભાગ - ૧ | ૨૦.૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫.૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦.૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦.૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦.૦૦ |
| ૨૦. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦.૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦.૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫.૦૦ |
| ૨૩. | ટૈટસ | |
| ૨૪. | હિબ્રુઓને પત્ર | |
| ૨૫. | જીવન સાફલ્ય ને મનન | |

18BGS2